રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પૂ. મોરારિબાપુની નિશ્રામાં યોજાઈ લોકભારતી કાર્યકરોની સજ્જતા શિબિર




તારીખ : ૧૪, ૧૫ - મે ૨૦૨૫

સ્થળ : સેંજળધામ, તા. સાવરકુંડલા

વર્ષ: ૭૮ અંક : ૧૧ ૧૫ જૂન, ૨૦૨૫

# લોકભારતી કાર્યકરોની પૂ. મોરારિબાપુની નિશ્રામાં સેંજળધામ ખાતે યોજાયેલ સજ્જતા શિબિર


આશીર્વચન


'આલાપ' એપનું લોકાર્પણ


ચાવીરૂપ વ્યાખ્યાન







વર્ષોથી ધો.૧૦ અને ૧૨ના ઉત્તમ પરિણામો લાવતી આપણી લોકશાળાઓના પ્રતિનિધિઓને
પૂ. મોરારિબાપુ હસ્તક સન્માનિત કરાયા.


શ્રી ચંદ્રકાંતભાઈ ભોગાયતા


શ્રી દિલીપભાઈ બારડ


શ્રી દીપકભાઈ તેરૈયા

# કોડિયું

વર્ષ : ૭૮ | જૂન ૨૦૨૫ | અંક : ૧૧


## અનુક્રમણિકા


૦૧ શ્રી અરવિંદનો પત્ર પત્ની મૃણાલિનીને... ...૦૬
શ્રી અરવિંદ
૦૨ લોકભારતીનો સમૃદ્ધ વારસોઃ મારી માતા... ...૦૯
મૂળશંકર મો. ભટ્ટ
૦૩ ફુરસદ ...૧૧
ગુણવંત શાહ
૦૪ રામનામ યાત્રાનું ત્રિસત્ય ...૧૩
મોરારિબાપુ
૦૫ અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે. ...૧૫
કુમારપાળ દેસાઈ
૦૬ એક સિરિયલ : એડોલેસન્સ ...૧૬
મુનિ દવે
૦૭ યુગપરિવર્તન માટેનું શિક્ષણ ...૧૮
રોહિત શુકલ
૦૮ ભારતભૂમિની ઊર્જાવાન નારીઃ રાણી જયમતી ...૨૨
ટીના દોશી
૦૯ લોકભારતીના તપસ્વીઓ : નિષ્કામ કર્મના ઉપાસક - શ્રી કુમુદભાઈ ઠાકર ...૨૪
પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર
૧૦ કથા આશા વિકાસની : અભિનય શિબિર ...૨૭
બિંદુ-પાર્થેશ
૧૧ જાણકાર બનીએ, સતર્ક રહીએ ...૨૯
ડૉ. નાનક ભટ્ટ
૧૨ ન્યાયના બે પૂજારીઓ : મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર ...૩૧
સોનલ પરીખ
૧૩ લઘુકથા : ચાડિયો ...૩૩
સુનીતા ઈજ્જતકુમાર
૧૪ સત્ત્વશીલ પુસ્તકોની દુનિયા ...૩૪
ડૉ. સંજય આર. તલસાણીયા
૧૫ વૈદરાજ ‘શોભન’ ...૩૬
હીરજી ભીંગરાડિયા
૧૬ સંસ્થા સમાચાર ...૩૯
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**માલિક - પ્રકાશક :**

શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ, આંબલા

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪


◆ **સૂચના** ◆

- ⌘ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- ⌘ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ⌘ ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આજે વિશ્વમાં જ્યાં જ્યાં રચનાત્મક, સર્જનાત્મક, પ્રસન્નદાયી, ગમતું, ન્યાયી, જરૂરી એવું સંપૂર્ણ હકારાત્મકભર્યું પરિણામ જોવા- જાણવા- અનુભવવા મળે છે તે તમામના કારણોમાં ત્યાનું 'શિક્ષણ' છે. 'શિક્ષણ' માણસની સર્ગશકિત,અખિલાઈસભર જીવનશૈલી તેમજ ઉત્તમ ઘટનાઓ ઘડવાનું એકમાત્ર શ્રેષ્ઠ અને સક્ષમ-બળકટ માધ્યમ છે.

આપણા દેશમાં જે ન ગમે, જે ન થવું જોઈએ, જે માણસ માટે કલંકરૂપ બનતી ઘટનાઓ, જે અમાનવીય, સંપૂર્ણ નરાકાત્મક બની રહ્યું છે તે સઘળું શિક્ષિતો દ્વારા થઈ રહ્યું છે!! એટલે કે આપણા શિક્ષણમાં બહુ મોટી ખામી-ક્ષતિ રહી જવા પામી છે, આપણું શિક્ષણ 'કેળવણી'માં રૂપાંતરિત પામી શક્યું નથી.

આપણો ભૂતકાળ માત્ર ભવ્ય નથી, દિવ્ય પણ છે. એ સમયે 'વિદ્યા' ઉપર ક્યારેય રાજાઓની સત્તા નહોતી, સત્તા ઉપર વિદ્યા રાજ કરતી હતી. વિદ્યા કેવી આપવી, ક્યારે આપવી , ક્યાં આપવી, કેવી રીતે આપવી વગેરે સઘળું ગુરુઓ નક્કી કરતા હતા. રાજાઓને ગુરુઓ-મહાન શિક્ષકો આદેશ આપતાં જયારે આજે સમગ્ર શિક્ષણ સરકાર ઉપર નિર્ભર છે. સરકાર જ નીતિ ઘડે, પાઠ્યક્રમ નક્કી કરે, પાઠ્યપુસ્તકો લખાવે, પરીક્ષાઓ લે અને પરિણામ પણ આપે. ડિગ્રીધારકોને નોકરી પણ સરકાર જ આપે! સરકાર જ એને સાનુકૂળ એવા નિયમો ઘડે અને મન ફાવે ત્યારે બદલ્યા કરે.

ખેડૂત પોતાના ખેતરમાં શું અને ક્યારે વાવવું છે એ બળદને પૂછતો નથી, બળદોને તો ખેતરમાં જોતરી દેવામાં આવે છે, તેમ શિક્ષકોને શાળાઓમાં જોતરી દેવાય છે. જૂની શિક્ષણવ્યવસ્થા સમજવા માટે એક સાંદિપની આશ્રમનો અભ્યાસ કરો એટલે બધું જ સ્પષ્ટ સમજાય જાય એમ છે. રાજા તેમને બધી જ આર્થિક મદદ કરતા, માનપૂર્વક આ યાજ્ઞિકકાર્યનો લાભ લેતા.

શિક્ષણતંત્રને સંપૂર્ણપણે સરકારથી સ્વતંત્ર રાખવું જોઈએ, જેમ અદાલતોનો બધો ખર્ચ સરકાર જ આપે છે અને છતાં ન્યાયતંત્ર સરકારથી સ્વતંત્ર છે. ન્યાયધીશનો પગાર સરકાર આપતી હોવા છતાં, કોર્ટો ક્યારેક સરકારથી વિરુદ્ધના ચુકાદાઓ પણ આપે છે. લોકશાહીમાં આમ થઈ શકે છે, એ આપણું લોકશાહીત્વ છે.

આપણે શિક્ષણને સરકારથી સ્વતંત્ર નહીં કરીને બહુ મોટો ખતરો વહોરી લીધો છે. જ્ઞાનક્ષેત્રે- શિક્ષણમાં આઝાદી અપાય તો તેની ખુમારી અને નૈતિક તાકાત કેવી હોય તે વિશ્વને હાર્વર્ડ યુનિવર્સિટીએ તાજેતરમાં બતાવી આપ્યું છે. વળી, જ્યાં જ્યાં આવી સ્વતંત્રતા છે ત્યાં સરકાર નબળી છે કે દોષિત છે તેવું નથી, શિક્ષણને મૂલ્યનિષ્ઠ, રાષ્ટ્રપ્રેમી, માનવીય, પ્રકૃતિને પોષતું, સમાજને રોજગારી બક્ષતું એવું બત્રીસ લક્ષણું કરવું હોય તો આ સ્વતંત્રતા એ તેની અનિવાર્ય એવી પ્રથમ શરત છે.

જો ભારતને વિશ્વગુરું બનવું હશે તો શિક્ષણને સરકારથી સ્વતંત્ર કર્યા વગર શક્ય જ નથી, એટલું સમજી લેવાની જરૂર છે. રામરાજ્યની આ જ તો ગુરુચાવી છે.

જો આવી સ્વતંત્રતા મળી જાય તો વિવિધ પ્રકારના વિશ્વદિન ઉજવવા ન પડે! એ સહજ જીવનશૈલીનો ભાગ બનીને એક સંસ્કાર જ બની જાય.

શિક્ષણે માણસને સ્વાવલંબી, સ્વનિર્ભર બનાવી તેને આજીવિકા અને આંતરિક પ્રસન્નતા એમ બંને ગુણવત્તાસભર આપવાના છે. આવું ફળદાયી,શુભમય શ્રેષ્ઠ પરિણામ માનવસમાજને ત્યારે જ આપી શકાય જયારે જે તે ક્ષેત્રના નિષ્ઠાવાન નિષ્ણાંતો,સર્જનાત્મક, કર્મઠ અને અનુભવીઓને આ કામ સોપાય.

## ૦૧ શ્રી અરવિંદનો પત્ર પત્ની મૃણાલિનીને...

**શ્રી અરવિંદ**

તા. ૩૦ ઓગસ્ટ ૧૯૦૫

પ્રિયતમા મૃણાલિની,

તમારો ૨૪મી ઓગસ્ટનો પત્ર મળ્યો તમારાં માતા-પિતા ઉપર ફરી પાછું એ જ દુઃખ આવી પડ્યું છે એ જાણી મને ખેદ થયો છે. કયા પુત્રનું અવસાન થયું છે એ તમે લખ્યું નથી. તમારાં માતા-પિતાના જીવનમાં દુઃખનો પ્રસંગ આવી પડ્યો છે, પણ એમાં શું થાય? આપણે જીવનમાં સુખની શોધમાં નીકળીએ છીએ. એ સુખમાં જ દુઃખ રહેલું દેખાય છે. દુઃખ તો સદા સુખની સાથે જોડાયેલું હોય છે. આ નિયમ માત્ર પુત્ર વિશેની કામનાઓને જ લાગુ પડે છે એવું નથી. જીવનની બધી કામનાઓને એ લાગુ પડે છે. આનો એકમાત્ર ઉપાય છે- ધીર ચિત્તે સઘળાં સુખ અને દુઃખ ભગવાનનાં ચરણોમાં અર્પણ કરી દેવાં.

હવે હું પેલી વાત ઉપર આવું છું જે મેં તમને અગાઉ કરી હતી. હું માનું છું કે આજ સુધીમાં તમને એ સમજાઈ ગયું હશે કે જે વ્યક્તિના ભાગ્ય સાથે તમારું ભાગ્ય જોડાયું છે તે એક અતિ અસામાન્ય વ્યક્તિ છે. મારાં જે મનોભાવના, જીવન-લક્ષ્ય અને કાર્યક્ષેત્ર છે એ કાંઈ આ દેશમાં અત્યારે સાધારણ લોકોનાં છે તેવાં નથી. હું બધી બાબતોમાં તેમનાથી ભિન્ન અને વિશિષ્ટ છું. સાધારણ લોકો અસાધારણ ભાવના, અસાધારણ પુરુષાર્થ અને અસાધારણ ઉચ્ચ આકાંક્ષાઓ ધરાવનાર વિશે કેવી વાતો કરે છે એ કદાચ તમે જાણતાં હશો. તેમની દ્રષ્ટિએ 'પાગલપણું' ગણાય. પરંતુ જ્યારે એ પાગલ પોતાના કાર્યમાં સફળતા મેળવે છે ત્યારે લોકો તેને પ્રતિભાસંપન્ન મહાપુરુષ કહે છે. પરંતુ કેટલા માણસોના પ્રયત્નોને સફળતા મળી છે? હજારોમાં પાંચ-સાત અસાધારણ હોય છે, અને તેમાંથી કદાચ એકાદને જ સફળતા મળે છે. મારા કાર્યક્ષેત્રમાં તો હું હજી પૂરો પ્રવેશેય પામી શક્યો નથી તો સફળતાની તો વાત જ આવતી નથી. તમારે પણ મને પાગલ કીધાં વિના છૂટકો નથી. કોઈ પણ સ્ત્રીનું પાગલના પનારે પડવું એ મહાદુર્ભાગ્ય જ ગણાય, કેમ કે સ્ત્રીઓની બધી આશાઓ સાંસારિક સુખ અને દુઃખમાં જ સમાઈ ગયેલી હોય છે. પાગલ માણસ પોતાની સ્ત્રીને સુખી કરી શકતો નથી. એ તો એને દુઃખી જ કરે છે.

હિન્દુ ધર્મના સ્થાપકો 'અસાધારણતા'ની વાત સારી રીતે સમજયા હતા. એમને અસાધારણ ચારિત્ર્ય, અસાધારણ પુરુષાર્થ, મહાન ભાવનાઓ આ બધું અત્યંત પ્રિય હતું. અસાધારણ વ્યક્તિ પાગલ હોય કે મહાપુરુષ, એ લોકો તેનું બહુમાન કરતા. પરંતુ એના લીધે સ્ત્રીની ભયંકર દુર્દશા થાય છે. આ મુશ્કેલીને કેવી રીતે દૂર કરી શકાય? ઋષિમુનિઓએ તો એનો પણ ઉપાય યોજ્યો છે. તેમણે સ્ત્રીઓને એમ કહ્યું છે કે, તમે એ વાત જાણી લો કે સ્ત્રી જાતિ માટે પરમ મંત્ર એક જ છેઃ 'પતિઃ પરમો ગુરુઃ' પતિ એ જ પરમ ગુરુ છે. સ્ત્રી પતિની સહધર્મિણી છે. પતિ જે કાર્ય સ્વધર્મ તરીકે સ્વીકારે, સ્ત્રીએ તેમાં સહાયભૂત થવું જોઈએ. માર્ગદર્શન આપવું જોઈએ. ઉત્સાહ પ્રેરવો જોઈએ. સ્ત્રીએ પતિને દેવતુલ્ય ગણવો જોઈએ. એના જ સુખમાં સુખ અને દુઃખમાં દુઃખ માનવું જોઈએ. કાર્યક્ષેત્રની પસંદગી એ પુરુષનો અધિકાર છે. સહાય અને ઉત્સાહ આપવાં એ સ્ત્રીનો અધિકાર છે.

હવે મુદ્દો એ છે કે તમે હિન્દુ ધર્મે ચીંધેલા આ માર્ગને અપનાવવાનું પસંદ કરશો કે નવા સુધરેલા ધર્મનો માર્ગ અપનાવશો? એક પાગલની સાથે તમારું લગ્ન થયું છે. એ તમારા પૂર્વજન્મના કર્મદોષોનું ફળ છે. પોતાના ભાગ્યના શરણે થવું અથવા પોતાના ભાગ્યની સાથે સમજૂતી કરી લેવી એ સારી વાત છે. પરંતુ તમે સમજૂતી કરશો કેવી રીતે? અન્ય લોકોનો અભિપ્રાય માની તમે પણ તમારા પતિને ગાંડો, પાગલ ગણી મનમાંથી હટાવી લેશો? દૂર કરશો? પાગલ માણસ તો એના પાગલપણાના રસ્તે ચાલ્યો જશે.

એને ન રોકી શકાશે, ન પાછો વાળી શકાશે કારણકે એનો સ્વભાવ તમારા કરતાં વધારે બળવાન છે. ત્યારે તમે ખૂણામાં બેસી રડવા સિવાય બીજું કાંઈ નહીં કરો? કે તમે પાગલ માણસની પાગલ સ્ત્રી બનીને તેની સાથે જ ચાલશો? મહાભારતમાં આંધળા રાજાની રાણીને પોતાની આંખે પાટા બાંધીને પોતે પણ અંધાપો ધારણ કર્યો હતો. એ રીતે તમે પણ પાગલ પતિની પાગલ પત્ની બનીને તેની સાથે જવાનું સ્વીકારશો? તમારામાં બ્રહ્મોસમાજને કેળવણીના સંસ્કાર પડ્યા હોય તોય તમે તો હિન્દુ કુટુંબની કન્યા છો. હિન્દુ પૂર્વજોનું લોહી તમારી નસોમાં વહે છે એટલે મને શંકા નથી કે તમે આ બીજો (હિન્દુ ધર્મનો) માર્ગ જ અપનાવશો.

મારામાં ત્રણ પ્રકારનું પાગલપણું છે. એમાં પહેલું પાગલપણું આ છેઃ હું દ્રઢ વિશ્વાસથી એમ માનું છું કે ભગવાને જે ગુણ, પ્રતિભા, ઉચ્ચ કેળવણી અને જ્ઞાન મને પ્રદાન કર્યા છે એ સર્વ ભગવાનનાં જ છે. એમની માલિકીનાં છે. મને તો પોતાના કુટુંબના નિભાવ માટે તથા અન્ય અત્યંત આવશ્યક વસ્તુઓ મેળવવા માટે જેટલું જરૂરી હોય તેટલું જ ખર્ચ કરવાનો અધિકાર છે. ત્યારબાદ જે કાંઈ બાકી રહે તે ભગવાનને મારે પાછું આપી દેવું જોઈએ. હું જો મારી બધી જ આવક મારા માટે, મારાં સુખ અને ભોગ-વિલાસ માટે વાપરી નાખું તો હું ચોર કહેવાઉ. હિન્દુ શાસ્ત્રમાં કહ્યું છે કે જે વ્યક્તિ પ્રભુ પાસેથી ધન, સંપત્તિ લે છે પરંતુ પાછું આપતો નથી એ ચોર છે. આજ સુધી મેં ભગવાનને બે આના આપીને ચૌદ આના મારા માટે વાપર્યા છે અને મેં એમ માન્યું છે કે મેં (પ્રભુનો હિસાબ) બરાબર ચૂકવી દીધો છે. હું સાંસારિક ભોગવિલાસમાં રચ્યો-પચ્યો રહ્યો છું. એમાં મેં અડધું જીવન વૃથા ગુમાવ્યું છે. આ રીતે પશુ પણ પોતાનું અને પોતાના પરિવારનું પોષણ કરીને કુતાર્થતા અનુભવે છે.

હવે મને એ સમજાયું છે, એ અનુભૂતિ અને જ્ઞાન થયું છે કે અત્યાર સુધી હું એક પશુ અને ચોરની જેમ જ કર્મ કરતો આવ્યો છું. મને એનો પરિતાપ થયો છે મને મારા માટે ધૃણા પેદા થઈ છે. બસ હવે આ બધું બંધ. આ પાપને હું પહેલી અને છેલ્લી વાર ત્યાગું છું. ભગવાનને આપવું એનો શું અર્થ છે? એનો અર્થ એટલો જ કે ધન શુભ કાર્યમાં ખર્ચ કરવું. બીજાને મદદ કરવી એ તો પવિત્ર ફરજ છે. આશ્રય માટે આવેલા આશ્રિતને રક્ષણ આપવું એ તો એથીય મહાન ધર્મ છે. પરંતુ પોતાનાં ભાઈ-બહેનને આપવાથી કોઈ હિસાબ ચૂકતે થતો નથી. આ વિષમ કાળમાં સમગ્ર દેશ મારે આંગણે આશ્રિત છે. મારા આ દેશમાં ૩૦ કરોડ ભાઈ-ભાંડુ છે. એમાંના ઘણાં ભૂખે મરી રહ્યા છે. મોટા ભાગનાં અનેકાનેક દુઃખોથી પીડાઈ છે અને માંડ માંડ જીવે છે. એમનું પણ કલ્યાણ સાધવાનું છે.

બોલો, ત્યારે તમે શું કહો છો? આ સંજોગોમાં તમે મારી સાથે ચાલશો? મારા આદર્શોનાં સહભાગી બની સાચા સહધર્મિણી થશો? આપણે સાધારણ માણસની જેમ જ ખાઈશું, પહેરીશું. જેની ખરી જરૂર હશે તે જ ખરીદીશું. ત્યાર પછી જ જે કાંઈ બાકી રહેશે તે પ્રભુને અર્પણ કરીશું. આ મારી ઈચ્છા છે જો તમે પણ આમાં સંમતિ આપશો, ત્યાગ કરવાનું સ્વીકાર કરશો તો મારી ઈચ્છા-અભિલાષા પૂર્ણ થશે. તમે કહો છો ને કે, 'મારી કોઈ પ્રગતિ થઈ નથી' લો, આ રહ્યો પ્રગતિનો માર્ગ. તમે આ માર્ગ અપનાવશો?

બીજું પાગલપણું તો મને હમણાં હમણાં જ વળગ્યું છે. એ છે ભગવાનનો સાક્ષાત્કાર કરવાનું. મારે કોઈ પણ રીતે ભગવાનના સાક્ષાત દર્શન કરવા છે. આજકાલ ધર્મ એટલે વાતવાતમાં ભગવાનનું નામ લેવું. જાહેરમાં પ્રાર્થના કરવી અને લોકોને એમ બતાવવું કે પોતે ધાર્મિક છે. આમ ધાર્મિકતાનું પ્રદર્શન કરવામાં ધર્મ આવી જાય છે? મને એવો ધર્મ નથી જોઈતો. જો સાચે જ ઈશ્વર હોય તો એના અસ્તિત્વનો અનુભવ કરવા માટે, એનું સાક્ષાત દર્શન કરવા માટે, એને પ્રત્યક્ષ મળવા માટે કોઈને કોઈ માર્ગ હોવો જ જોઈએ. એ માર્ગ ગમે તેટલો દુર્ગમ કેમ ન હોય, મેં એ માર્ગે જવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. હિન્દુ ધર્મ કહે છે કે એ માર્ગ આપણા શરીરમાં છે, આપણા મનમાં, અંતરમાં છે. એ માર્ગે આગળ વધવાના નિયમો પણ હિન્દુ શાસ્ત્રે બતાવ્યા છે. એ સર્વવિદિત છે. મેં તો એ નિયમોનું પાલન કરવાનું પણ શરૂ કરી દીધું છે. કેવળ એક જ માસમાં મે અનુભવ કર્યો છે કે હિન્દુ ધર્મ જે વાત કરે છે તે જરાય ખોટી નથી. એને જે ચિહ્નો વિશે કહ્યું છે તે સર્વનું મને જ્ઞાન થયું છે. હવે તમને પણ એ જ માર્ગે લઈ જવાની મારી ઈચ્છા છે.

તમે મારી સાથે એકદમ ચાલી નહીં શકો, કારણ કે તમને એ માર્ગનું જોઈએ તેટલું જ્ઞાન નથી. પરંતુ મને અનુસરવામાં કોઈ વાંધો નથી. આ માર્ગ ઉપર ચાલવાથી સર્વને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એ માર્ગ પ્રત્યે અભિમુખ થવું એ તમારી પોતાની ઇચ્છા ઉપર આધાર રાખે છે. તમારો હાથ પકડીને, તમને ખેંચીને કોઈ લઈ જઈ શકશે નહીં આના વિશે તમારી અનુમતિ હશે તો હું તમને વિશેષ લખીશ.

મારું ત્રીજું પાગલપણું એ છે કે સ્વદેશને હું મા તરીકે જોઉં છું. સ્વદેશ મારી મા છે. સામાન્ય લોકો સ્વદેશને એક જડ વસ્તુ, અમુક મેદાનો, ખેતરો, જંગલો, પર્વતો અને નદીઓનો બનેલો સમૂહ ગણે છે. હું સ્વદેશની ભક્તિ કરું છું પૂજા કરું છું. માની છાતી ઉપર બેસીને કોઈ રાક્ષસ એનું લોહી પીવા માટે તૈયાર થયો હોય ત્યારે એનું સંતાન શું કરે? હું જાણી ગયો છું કે મારી પાસે આ દેશના પતિત લોકોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય છે. એ કાંઈ શારીરિક બળ નથી. હું કંઈ તલવાર કે બંદૂક લઈ લડવા જવાની તૈયારી કરતો નથી. પણ જ્ઞાનનું બળ છે. ક્ષાત્રતેજએ જ કાંઈ એકમાત્ર તે જ નથી. બ્રહ્મતેજ પણ છે અને એ તેજ જ્ઞાનની ઉપર પ્રતિષ્ઠિત છે. આ ભાવના મારામાં નવી નથી. આજકાલની નથી. હું તો આ ભાવનાને લઈને જન્મ્યો છું. એ મારી નસેનસમાં છે. અણુએ અણુમાં છે. સર્વત્ર ઓતપ્રોત છે. આ ભાવનાને, જીવન-કર્તવ્યને, મહાધ્યેયને સાધવા અને પરિપૂર્ણ કરવા માટે ભગવાને મને આ પૃથ્વી પર મોકલ્યો છે. હું જ્યારે ૧૪ વર્ષનો થયો ત્યારે એનાં દ્રઢ અને સ્થિર મૂળ નખાઈ ગયેલાં હતાં. મારા જીવનકાળ દરમિયાન આ કાર્ય પૂર્ણ રીતે સધાશે. પરંતુ એટલું નિશ્ચિત છે કે જરૂર સિદ્ધ થશે.

હવે હું તમને પૂછું છું કે તમે આના વિશે શું વિચારો છો. સ્ત્રી તો પતિની શકિત છે. શું તમે ઉષાનાં શિષ્યા બની બાદશાહી ઢબની પૂજામાં બેસીને મંત્રો જપશો? તમે ઉદાસીન બની તમારા પતિની શકિતનો વ્યય કરશો? તેને ઘટાડશો? કે પછી સહાનુભૂતિ અને ઉત્સાહ દ્વારા એને બમણી કરશો? તમે એમ કહેશો કે, 'આવા મહાન કાર્યોમાં મારા જેવી સામાન્ય કક્ષાની સ્ત્રી શું કરી શકે? મારામાં મનોબળ નથી, બુદ્ધિ નથી અને તમારી બધી વાતોનો વિચાર કરતાંય મને તો ભય લાગે છે.' એમાંથી મુકિત મેળવવાનો માર્ગ સરળ છે. તમે ભગવાનનો આશ્રય લો. એક વાર પ્રભુપ્રાપ્તિની સાધનામાં પ્રવેશ કરો. તમારામાં જે ઊણપ છે તે ભગવાન પૂરી કરશે. જે વ્યકિત ભગવાનનો આશ્રય લે છે તેનો ભય ધીરે ધીરે દૂર થાય છે. તમે મારામાં વિશ્વાસ મૂકો. જો તમે બીજા માણસની વાત સાંભળવાનું બંધ કરીને ફકત મારી જ વાત સાંભળતાં થશો તો હું તમને મારું બળ પણ આપી શકીશ. એથી મારું બળ ઓછું નહીં થાય.ઊલટું વધશે. આપણે કહીએ છીએ કે સ્ત્રી એ પતિની શકિત છે. એનું બળ છે. એનો અર્થ એટલો જ કે જો પતિ પોતાની પત્નીમાં પોતાની પ્રતિમૂર્તિ જુએ અને પોતાની મહેચ્છાઓનો પ્રતિધ્વનિ તેનામાં સાંભળે તો એની શકિત એનું બળ બમણું થાય. તમને પ્રશ્ન કરું. અત્યારે તમે જેવાં છો તેવાં જ હંમેશા રહેશો? તમે ના કહેશો, પણ સાથે જ ઉમેરશો કે, 'હું અત્યારે તો સારાં સારાં કપડાં પહેરીશ, સારું સારું ખાઈશ,પીશ,હસીશ, રમીશ અને પ્રત્યેક પ્રકારનું સુખ ભોગવીશ.' પરંતુ આ પ્રકારની મનઃસ્થિતિ વિકાસ કરનારી ન ગણાય. તમે આ બધું છોડી દો. મારું અનુસરણ કરો. આપણે તો ભગવાનનું કાર્ય કરવા આવ્યાં છીએ. આવો, આપણે એ કાર્યનો શુભારંભ કરીએ. તમારે એક જ માણસની વાત ધ્યાનથી સાંભળીને જ્ઞાનસંપાદન કરવું જોઈએ. લોકોની નિંદા, કટાક્ષ પ્રત્યે ઉદાસીન બની ભકતની સંનિષ્ઠાથી કાર્યસાધનામાં તન્મય રહેવું જોઈએ.

તમને મારે જે ગુપ્ત વાત કહેવાની હતી તે આ છે. મારી માન્યતાઓ વિશે વિચાર કરજો તમારે માટે ભયનું કોઈ કારણ નથી. તમારે વિચારવાનું વિશેષ છે. શરૂઆતમાં તમે રોજ અડધો કલાક પ્રભુનું ધ્યાન ધરજો. એમના પ્રત્યે પ્રાર્થનારૂપે તમારી અદમ્ય ઈચ્છા વ્યક્ત કરજો. બસ, તમે આટલું જ કરજો. બસ, તમારે આટલું જ કરવાનું રહેશે. વિશેષ કંઈ જ નહીં. ધીરે ધીરે મન તૈયાર થઈ જશે. ભગવાન સમક્ષ આ પ્રમાણે પ્રાર્થના કરશોઃ 'હું પતિના જીવનમાં, તેમના ધ્યેયમાં, તેમના ઈશ્વરપ્રાપ્તિના પ્રયત્નોમાં,સાધનામાં અવરોધરૂપ ન બનું. સદા સર્વદા સહાયભૂત થાઉં. સાધનરૂપ બનું. આટલું કરશો?'

તમારો અરવિંદ

## ૦૨ લોકભારતીનો સમૃદ્ધ વારસોઃ મારી માતા...

**મૂળશંકર મો. ભટ્ટ**

---

મારા જીવનમાં મારી માતાના જીવનનો પ્રભાવ છે. મારી માતાને ભરજુવાનીમાં વૈધવ્ય પ્રાપ્ત થયું. મારા પિતા થોડું દેવું અને પાંચ બાળકોને મૂકી ગયા હતા. ઉપર આભ અને નીચે ઘૂઘવતો સંસાર-સમુદ્ર. એક ભાંગતી નૌકામાં પાંચ બાળકોને છાતીસરસાં ચાંપીને તેણે કેવળ ઈશ્વરભરોસે ને આત્મશ્રદ્ધાથી સફર આદરી. આ વસમાં વર્ષોની કથા અહીં વર્ણવાનો અવકાશ નથી. તેમાંથી એક સ્વતંત્ર પ્રબંધ થઈ શકે તેવું સત્ત્વ ભરેલું છે. અહીં તો મેં પસંદ કરેલા મારા વિષયના સંદર્ભમાં જે પ્રસ્તુત છે તેટલું જ સારવીને કહીશ.

આ કાળના તેના જીવન પર આજે નજર નાખતાં બે ત્રણ બાબતો ઊપસી આવે છે. એક તો આ ગરીબાઈમાં તેણે કોઈ સગાસંબંધી પાસે પણ લાચારી કરી નથી. સસરા પાસે પણ હકથી મળવું જોઈએ તે માંગ્યું છે; તે મળ્યું જ હોય એવું ભાગ્યે જ બનતું. પણ તેને તે 'ભગવાનની મરજી' સમજીને સ્વીકારી લેતી. બીજી બાબત એ તરી આવે છે કે ગમે તેવી આપત્તિમાં પણ તેણે ઈશ્વર પરની શ્રદ્ધા ગુમાવી ન હતી. અણહકની એક પાઈ પણ ખપે નહીં એવી ટેક તેણે જાળવી હતી. તે કાળી મજૂરી કરતી પણ કોઈને ઘેર જઈને કામ ન કરતી. લગભગ રોજ અધમણ જેટલું દળણું દળતી. પણ તે ઘેર મંગાવતી.

ત્રીજી વાત એ જોવા મળે છે કે તે પોતાનાં બાળકોને કોઈ પણ જાતનું અપમાન કે અન્યાય થાય તેવું લાગે ત્યારે પૂરા આવેશથી તેનો સામનો કરતી. ગિરાસદારી ગામમાં એક ગરીબ વિધવાને કેટલી યાતનાઓ વેઠવી પડે તે સમજી શકાય તેમ છે, પણ પોતાની સામે ઊંચી આંખ કરનારને રૌદ્ર રૂપનો અનુભવ કરાવ્યાના પ્રસંગો પણ બન્યા હતા. શાળાના શિક્ષકે પોતાના બાળકને કંઈ પણ વાંક વગર માર્યાની ખબર મળતાં જ તે શિક્ષક પાસે જઈને તાડૂકેલીઃ 'મારા છોકરાં નબાપાં છે એમ ન સમજતાં. હું તેના બાપ જેવી બેઠી છું. વગરવાંકે મારા છોકરાને મરાય જ કેમ તારાથી? મારા જેવીના નિસાસાથી તારું ભલું નહીં થાય.'

આમ અનેક મોરચા પર તે ઘૂમી વળતી ને બાળકો ક્યારે મોટાં થયા તેની આશામાં ને આશામાં તેણે પોતાની ભરજુવાની આ ગામડામાં ગાળી. તેની પવિત્રગાથાનું સ્મરણ વારંવાર થયા કરે છે.

માનવીય મૂલ્યોનું બીજારોપણ જે નબળું-પાતળું મારા ચિત્તમાં થયું તેનું મૂળ આ દિવસોમાં હોય એમ મને લાગે છે. વધુ વિચાર કરતાં એમ પણ લાગ્યું કે મારી માતાને કોઈ ઉદાત્ત કૌટુંબિક સંસ્કારો મળ્યા હતા એવું પણ નહોતું. કોઈ મહાન સંતસાધ્વીનો સત્સંગ પણ મળ્યો નહોતો. નિશાળનું તો પગથિયું પણ તે ચડી નહોતી. કામ કરવા જેટલી ઉંમરે તો ગરીબ માબાપના ઘરનાં કામકાજમાં જ લાગી ગઈ હતી. તે કહેતી કે,'અમને નાનપણથી જ એટલી ખબર હતી કે કામ કર્યા કરવું. હું ભૂતની જેમ કામ કર્યા કરતી.'

તેર વર્ષની ઉંમરે તો તેણે ઘર માંડ્યું ને જે ઘર મળ્યું તેમાં પણ ગરીબાઈનું રાજ હતું. આ બધાંમાંથી તેણે આ પ્રાણતત્ત્વ ક્યાંથી, કઈ રીતે પ્રાપ્ત કર્યું હશે તે ન સમજાય એવું છે, પણ મોડે મોડે મારા શિક્ષક જીવન દરમિયાન મને એટલું તો સમજાઈ ગયું કે જીવનનાં ઉદાત્ત મૂલ્યો પર આધારિત જીવન જીવવા માટેનું બળ જ્યાંથી જે રીતે મળે તેની શોધ કરવાનું કામ એ જ કેળવણીનું કામ છે. શિક્ષણમાંથી તે મળી શકે, પણ તેમાંથી જ મળે તેમ નથી. શિક્ષણ વગર પણ તે મળી શકે છે. પણ શિક્ષણને કેળવણીમાં રૂપાંતર કરવાનું કામ જો થાય તો તેનાથી માનવીય મૂલ્યો

વિશેની સમજણ બુદ્ધિપૂત બને. પણ જીવનનાં મૂલ્યો વિશેની માત્ર સમજણ હોવાથી તે ચિત્તમાં ઊંડા મૂળ નાંખે છે તેવું નથી. આપણું મૂલ્યતંત્ર સ્થિર, દ્રઢમૂળ અને આત્મનિષ્ઠ બને તેમાં જ કેળવણીનું સાર્થક્ય છે. માતાના તે કાળના માત્ર ત્રણ જ પ્રસંગો તેનું પોત ને કાઠું કેવા ગજાનું હતું તે બતાવવા ટૂંકમાં કહીશ.

કોઈએ મારી માતાને દાનમાં ગાય આપેલી હતી. તેને માટે ખડ વાઢવા જવું, તેને ચરવા મોકલવી, તેનું છાણવાંસીદું કરવું, ને તેના દૂધમાંથી ને છાણમાંથી થોડી આવક થાય તે લાભ. એક વાર ગાય સાંજે ચરીને પાછી ન આવી. ગોવાળે કહ્યુંઃ 'કંઈ ખ્યાલ રહ્યો નથી.' ચોમાસાના દિવસો,મેઘલી રાત મારી માતા ગોવાળને તથા મારા બારેક વર્ષની ઉંમરના ભાઈને સાથે લઈને ગાયની શોધમાં નીકળી. મધરાત પછી એક બીજા ગામના ડબ્બામાં ગાય પુરાયેલી મળી. મુખીને સમજાવીને દંડ ભર્યા વગર ગાય છોડાવીને પાછી આવી. ભલભલા પણ આવી હિંમત ન કરે. તે જ્યારે આ વાત કરતી ત્યારે કહેતીઃ 'મનમાં હું સ્વામિનારાયણનો જાપ જપતી. મને કોઈનો ડર લાગતો નહતો. મારી ગાયને છોડાવવી એ જ વાત મનમાં હતી. ભગવાને લાજ રાખી.'

એક વાર ધંધુકાથી ગાડામાં રાણપુર જતાં રસ્તામાં લૂંટારા ભેટયા. આણું વળીને જતી એક બહેનની પેટી ઉપાડી. મારી પાસે એક પોટલું હતું. તે લૂંટારે ઉપાડ્યું કે તરત જ મારી બાએ પડકારીને એક-બે ચોપડાવીને પોટકું બરાબર પકડી રાખીને બૂમાબૂમ કરી. વગડામાં કોણ સાંભળે? પણ તેણે પોટકું છોડ્યું નહીં. ને ચોરોને જે મળ્યું તે લઈને રસ્તે પડ્યા. બીજા બેસારુઓ એમ ને એમ બેસી રહ્યા. ને જેનું ગયું તે રડવા લાગ્યા. ગાડું હાંકનારો પ્રેક્ષક તરીકે બધું જોઈ રહ્યો હતો.

આ બે પ્રસંગોમાં તેની નિર્ભયતા તથા ધૈર્ય જોવા મળે છે. હવે એક ત્રીજું દ્રશ્યઃ મારી માતાના સસરાના છેલ્લા દિવસો માંદગીમાં ને લગભગ નિરાધાર અવસ્થામાં ગયા. ચાકરી કરનારું પોતાનું અંગત કહીએ તેવું કોઈ નહોતું. તેના દીકરાની વહુ ને તો તે કઈ મોઢે કહે કે મારી ચાકરી કર? વહુ (મારી માતા) ને દુઃખી કરવામાં તેમણે બાકી રાખી નહોતી. મારી માતાને ખબર પડી એટલે બધું કામ મૂકીને તે સસરાની ચાકરી કરવા ગઈ. સગી દીકરીની જેમ તેણે ચાકરી કરી. સસરાએ છેલ્લા દિવસોમાં એક વાર કહ્યુંઃ 'રેવા વહુ, મેં તને બહુ દુઃખી કરી. ભગવાન તેનો મને બદલો આપે છે.'

'એવું ન બોલો. આ મારો વસ્તાર તમારા આશીર્વાદનો છે. અત્યારે તમે મારા બાપને સ્થાને છો. તમારી ચાકરીનું ફળ મળશે તો મારા છોકરાં સુખી થશે.'

આવી નિર્ભયને નિર્વૈર માતા પાસેથી હું કેટલું લઈ શક્યો છું તે મને ખબર નથી. પણ આવા ગુણોનું ગૌરવગાન કરવામાંથી પણ કંઈક બળ મળી શકે છે, તેનો લાભ ગણું છું. મારી માતાનાં આ વસમાં વરસોની વીરગાથાનું ગૌરવગાન કરતાં હવે મારે અટકવું જોઈએ. એક સ્વતંત્ર પ્રકરણ થઈ શકે તેટલી સામગ્રી અને સત્ત્વ તેમાં પડ્યા છે.

પુસ્તકઃ 'કેળવણી અને માનવીય મૂલ્યો' માંથી

---

કવિવર ટાગોરના અંતિમ દિવસોમાં કવિનું શરીર સાવ ક્ષીણ થઈ ગયું છે. શરીર ખૂબ થાકેલું છે એવા સમયે એક મહેમાન મળવા આવે છે. એ કવિને મળવાની હઠ પકડે છે. અને ગુરુદેવ ટાગોર કહે છે કે,

'જાવું જ પડશે ' કવિ ધીમે ધીમે પથારીમાંથી ઊભા થાય છે. ખૂબ નબળાઈ લાગે છે. તોયે જવા પગ ઉપાડે ત્યારે સેવામાં રહેલી એક દીકરી કહે છેઃ 'દાદા, મળવાની ના પાડી દોને..દાદા, હું ના પાડી આવું છું.'

ત્યારે દીકરીને કવિ કહે છેઃ 'બેટા, જાવું જ પડશે...આ વૃક્ષ હવે એવું છે કે એમાં ફળ જ બચ્યા છે, એટલે પત્થર ખાવાની તૈયારી રાખવી જ પડશે.' અને ધીમે ધીમે કવિ આગંતુક પાસે પહોંચે છે.

---

## ૦૩ ફુરસદ

**ગુણવંત શાહ**

---

સામે સૂર્યમુખીના એક જ છોડ પર બરાબર એકવીસ પુષ્પો સૂર્ય તરફ મીટ માંડીને ખીલી ઉઠ્યાં છે. ઘરના બાગના ક્યારામાં ઓફિસ ફલાવર્સ(તનમનિયાં) ઉનાળુ સવારનું સ્વાગત એમની પોતીકી રીતે કરે છે. ઉનાળુ સવારને તેઓ પોતાનો રંગ અંજલિ ભરીને અર્પણ કરે છે. ઊગતો સૂરજ પણ ફૂલોને ચપટી તડકો આપીને તરત જ પોતાનો સાત-ઘોડાળો રથ આકાશ માર્ગે હાંકી મૂકે છે!

પૈસાનો હિસાબ રાખવાની ફુરસદ મારી પાસે નથી, તેથી હું ફુરસદનો હિસાબ રાખું છું. જેમને એકાદ પુષ્પ પાસે બેસીને થોડુંક પુષ્પત્વ પામવાની ફુરસદ નથી તેવા લોકોની ગરીબી તો ઘણુંખરું ગરીબીરેખાની ઉપરની બાજુએ નિવાસ કરનારી હોય છે. નવરાશને જ્યારે ચાર ચાંદ લાગી જાય ત્યારે એકાદ ક્ષણ એવી આવી પહોંચે છે જ્યારે વ્યવહારની ધરતીથી અધ્ધર થયાની અનુભૂતિ થાય છે.

એકવાર પોપટ સૂર્યમુખીના ફૂલની પાંખડીઓ નિરાંતે આરોગી રહ્યો હતો. ખિસકોલીને તો ઘણીવાર તનમનિયાંની પાંખડીઓને આરોગતી જોઈ છે. જે ક્ષણે વ્યવહારની ધરતી છૂટી જાય, તે ક્ષણે આપણી આસપાસ દિવ્યતાની ઉપસ્થિતિ (ડિવાઇન પ્રેઝન્સ)નો પગરવ થતો હોય એવો ભ્રમ પેદા થાય છે. આવો ઊર્ધ્વમૂલ ભ્રમ મને ખૂબ જ વહાલો છે. આસપાસ પ્રસરેલી અનંત વૈશ્વિક ચેતનાના મહાસાગરનું એક જલબિંદુ હોવાની અધકચરી અને વળી ક્ષણિક પ્રતીતિ આખા દિવસને ઉજમાળો બનાવવા માટે પૂરતી છે. જેવો પેલો ઊર્ધ્વમૂલ ભ્રમ દૂર થાય કે સાતમે આસમાનેથી ધબ્બ દઈને નીચે પડ્યાની પીડા થાય છે!

માણસની આસ્તિકતા અનેક કક્ષાએ અને અનેક સ્વરૂપે પ્રગટ થાય છે. એનો પથારો (રેઈન્જ) બાધા રાખનારા અભણ અંધશ્રદ્ધાળુ લોકોથી માંડીને તે કોઈ સાચા સંત કે ફકીરની પ્રજ્ઞા સુધીનો છે. માનવસેવા દ્વારા પણ આસ્તિકતા જ પ્રગટ થાય છે અને કર્તવ્યપાલન દ્વારા પણ આસ્તિકતા પ્રગટ થાય છે. નિઃસ્વાર્થ પ્રેમ થકી પણ આસ્તિકતા પ્રગટ થાય છે. અને વળી અનાસક્તિથી રસાયેલા વૈરાગ્ય થકી પણ આસ્તિકતા જ પ્રગટ થાય છે. જ્યારે જ્યારે શક્ય બને ત્યારે મૌન ધારણ કરી પ્રાર્થનામય ચિત્તે આસપાસ જે કંઈ પ્રગટી રહ્યું છે તેને નીરખીને દિવ્યતાની ઉપસ્થિતનો અનુભવ કરવો એ પણ સાધનાનો જ એક પ્રકાર છે.

ક્યારેક આપત્તિ આવી પડે ત્યારે થોડુંક દુઃખ થવા દઈને પછી મનને હળવો આંચકો આપીને પણ એ આપત્તિની ઉજાણી (સેલિબ્રેશન ઑફ એ કૅલેમિટી) થવી જોઈએ. આમ કરવું એ પણ આસ્તિકતાનો જ એક નવતર ફાંટો છે. જે વ્યક્તિ ફુરસદનું સૌંદર્ય ન પામે તેને સૌંદર્ય માણવાની ફુરસદ પામવાનો કોઈ જ અધિકાર નથી. ઉનાળાની બપોરનો સ્થાયીભાવ વૈરાગ્ય હોય છે. આવી બપોરના આશ્વાસન માટે જ કદાચ ગુલમહોરનું સર્જન થયું છે!

માણસ સદીઓથી વળગણપ્રેમી રહ્યો છે. કર્મને ફળનું વળગણ, સાધુને શિષ્યોનું વળગણ, સેવકોને પ્રસિદ્ધિનું વળગણ, નેતાઓને સત્તાનું વળગણ, સંસારીઓને સંબંધોનું વળગણ, જ્ઞાનીઓને પુસ્તકોનું વળગણ.

દિવસમાં ફક્ત એકાદ કલાક પણ જો વળગણ વગરનો મળી જાય તો બાકીના ૨૩ કલાકમાં જે કાંઈ બને તેના પર આણ તો પેલા એક કલાકની જ રહે. એ એક કલાકમાં આખો દિવસ ચાલે તેટલી પ્રાણશક્તિ જનરેટ (ઉત્પન્ન) થઈ શકે

છે. આખા જીવન પર આવા થોડાક કલાકોનું સામ્રાજ્ય છવાઈ જાય એ પણ શક્ય છે.

પર્વતના વળગણમાંથી છૂટેલી નદી સાગરમાં ભળે ત્યારે મોક્ષ પામે છે. પછી એ શોધો તોય નહીં જડે. વાદળની આસક્તિ છૂટે નહીં ત્યાં સુધી વરસાદ પડે શી રીતે! પુસ્તકોની આસક્તિ છૂટે નહીં ત્યાં સુધી માણસ નિર્ગ્રંથ શી રીતે બની શકે! કોઈ શબ્દને શબ્દકોશની કેદમાંથી મુક્ત કરવો મુશ્કેલ છે. જ્ઞાનને એન્સાઇક્લોપીડિયામાંથી મુક્ત કરવાનું અને ડહાપણને જ્ઞાનથી મુક્ત કરવાનું કામ કપરું છે. પ્રત્યેક માણસે વર્ષે એક અઠવાડિયું પોતાની જાત સાથેની દોસ્તી માટે કાઢવું જોઈએ. ક્યારેક એકાંત, મૌન, શાંતિ સાથે તેમાં ઉપવાસ પણ ઉમેરાય તો કેવી અનુભૂતિ થાય? એકવાર અજમાવી જોવા જેવું છે. માણસ પોતાની જાતની ખૂબ જ નજીક આવી જાય તે સ્થિતિ ડરાવનારી છે. એકવાર આવી દોસ્તી માણવી જ રહી...

સમયના પાદર પરથી...
ગતિથી ત્રાસેલી અવિશ્રાંત ક્ષણને
જ્યારે વિસામો પામવાનું મન થાય,
ત્યારે કોક વિયોગીનીના ગાલ પર
અટકી ગયેલા અશ્રુબિંદુમાં
એનો મુકામ હોય છે !
આંખની કીકીમાં આકાશનો માળો,
આંસુના ટીપામાં સાગરનો ઉછાળો!
સૂર્યના પ્રત્યેક કિરણનો યાત્રાપથ
સમયના પાદર પરથી પસાર થાય છે.
એ પાદર પર બે વૃક્ષો ઊભાં છેઃ
એકનું નામ છે, અનંત,
બીજાનું નામ છે, અનાદિ!
આપણું હોવું એટલે,
અસ્તિત્વ નામની અફવાનું હોવું!
આપણું ન હોવું એટલે
મૃગજળ નામની ઘટનાનું હોવું!
મને મળેલી પ્રત્યેક અવિભ્રાંત ક્ષણ મને વહાલી છે
એ ક્ષણના ઘરને લોકો પરપોટો કહે છે!

-----------------------

ગુણવંત શાહ
વડોદરું, ટહુકો

## ૦૪ રામનામ યાત્રાનું ત્રિસત્ય

**મોરારિબાપુ**

---

(મોરારિબાપુ વિશે ધારણાઓ બાંધી લેવી અને તેનાથી તમારા મતને ઘડવો તે બાલીશતાનો એક પ્રકાર છે.આપણે તેને રોકી શકીએ નહીં પરંતુ બાપુના રામતત્ત્વ-દર્શનને નજીકથી નીરખીને તેને ઓળખવાની કોશિશ તો કરો..!!! સંકલન .તખુભાઈ સાંડસુર )

રામનામને પરખ્યું તેના મારા ત્રણ અનુભવો કહેવા છે.કદાચ આજે જે રીતે મહુવામાં મુખર થઈને આ વાત કરી રહ્યો છું,તે કદાપી જાહેરમાં મુકી નથી.કોઈ મને હવે ૬૫ વર્ષના મારાં રામનામના ગાન પછી પૂછે કે તમે તેમાંથી કોઈ તત્ત્વ કે અનુભવને તારવીને શું કહેશો ? તો હું ત્રણ મુખ્ય વાત કહેવાનું પસંદ કરું.કોઈપણને જ્યારે પ્રત્યક્ષ રીતે મળવાનું થાય ત્યારે સૌથી પહેલાં આપણે તનથી મળતા હોઈએ છીએ. એટલે કે આપણે આપણાં શરીરથી એકબીજાને મળીએ છીએ અને પછી એ મુલાકાત ધીમે ધીમે જો વધે તો મન સુધી જાય છે.પણ અહીં કહેવું જોઈએ કે સૌથી પહેલા આપણે જો મનની વાત કરીએ તો આપણાં સુરતના કવિ ગની દહીંવાલા કહે છે તેમ, 'ન ધરા સુધી ના ગગન સુધી આપણે તો જવું હતું એકમેકના મન સુધી' અને પછી ત્યાંથી આગળ જઈને, 'ન ઉન્નતિ ન પતન સુધી'ની વાત પણ તેમાં આવી જાય છે. હું જીવનમાં સદ્ભાવનાઓ, દુર્ભાવનાઓ બધું અમારા ગામની નદી 'રુપાવા'માં વહેવડાવી દઉં છું.મારે તો એ બધું આવે,પણ મારાં શ્રોતાઓ પણ ક્યાં તેમાંથી મુક્ત થઈ શકે છે. માણસ એ માણસ સુધી પહોંચ્યો નથી. આપણે સંબંધોમાં પહોંચ્યા છીએ,પરંતુ પ્રેમમાં પહોંચ્યા નથી. વિનોબાજી કહે છે તેમ ગુણનું સંકીર્તન કરવું. આપણાં ગુણોને પણ આપણે શા માટે ન શણગારી શકીએ?! એક કિસ્સામાં શાયર એ મુશાયરામાં મોડાં પડે છે અને કોઈની સાથે રસ્તામાં મુલાકાત કરીને આસક્ત થાય છે. પણ તુલસીદાસજી કહે છે કે રસ્તામાં મળે તેની સાથે આસક્તિ ન હોવી જોઈએ.કોઈપણ ધંધો પોતાની શક્તિથી વધુ દેવું કે કર્જ કરીને ન કરવો જોઈએ.મારું જીવન એ હરિ નામ આહાર છે. તેથી જેને સદાય ભજનનો આહાર હોય તે મનથી પ્રફુલ્લિત રહે. ગંગા સતી પણ એ ભજન આહારને અનુમોદિત કરે છે. રામનું નામ લેતો રહું છું અને રામના કામ કરતો રહું છું. હા, લંકાકાંડની જ્વાળાઓ કદાચ તેથી જ જરાય સ્પર્શ કરી શકતી નથી. 'ઈશ ભજ સારથી સુજાના'. ધૈર્ય અને શોર્ય ટકાવવા જોઈએ, જે ધૈર્ય રાખી શકે એ જ શોર્ય કહેવાય. ઊર્જા અને ઉત્સાહ ઘટવો ન જોઈએ.ગીતા કહે છે, 'ઈન્દ્રિયાણા મનશ્ચાસ્મિ' ઈન્દ્રિયોમાં મન હું છું. તેથી રામનામ મનને ભર્યું રાખે છે.

બીજી શરીરની વાત કરીએ તો મને રામ નામની ૬૫ વર્ષની યાત્રામાં થાકનો અનુભવ થયો નથી.જેમની પાસે દ્રષ્ટિ હશે તે જરૂર જોઈ શકશે કે આજે પણ તન થાક્યું નથી.હમણાં જ હું આર્જેન્ટીનાની ૩૦ કલાકની હવાઈ મુસાફરી કરીને તલગાજરડા પહોંચ્યો.પરંતુ થાકનો અનુભવ નથી થયો.મુસાફરી કરતાં એક વડીલ મને મારી ચિંતા કરતાં હંમેશા કહે કે બાપુ, આ ગોળી લઈને સુઈ જાવ.અરે, હું કહું કે મને મારી માંએ એ બાળાગોળી આપી છે કે જેનું નામ રટતા રટતા ક્યારે ઊંઘ આવી જાય ખ્યાલ નથી રહેતો.આજે ૮૦ વર્ષે પણ હું ખૂબ સ્ફૂર્તિથી કરતાલ પણ વગાડી શકું.ખાવા પીવાની વાત છોડો પરંતુ મારું બધું જ એ હરિનામ છે માટે શરીરમાં સ્ફૂર્તિ દેખાઈ રહી છે.

ત્રીજું સત્ય આત્મા છે.આત્માની વિશેષ જાગૃતિ, આત્મજ્યોતિનો પ્રકાશ રામનામથી અનુભવાય છે. 'આતમ અનુભવ સુમરું પ્રવાસા' રામનામથી આત્મ પરિચય થવા માંડે છે. રામને પ્રેમ અને ભક્તિથી ઓળખી શકાય બુદ્ધિથી

નહીં. તર્ક,વિતર્કો કરીને ઘણીવાર આપણે અમૃત પીધા વગર જતાં રહીએ છીએ. જીવન અનેક રીતે અભાવમાં વીત્યું તો પણ તેનો રંજ નથી.જીવનમા દ્રઢ ભરોસો તેના પર સતત રહ્યો છે. નાનપણમાં અમારા ઘેર સત્યનારાયણની કથા કરવાની હતી અને મને તાવ આવી ગયો. કથા સાંજે હતી પરંતુ બપોરથી માએ રામનામનું રટણ શરૂ કર્યું અને સાંજ પડતા તાવ ગયો.આ વાત કોઈ ચમત્કારમાં ન લેતા, આપણે ચમત્કાર કે અંધવિશ્વાસને અનુમોદન આપતા નથી. પણ જીવનના ભરોસાને જરૂર યાદ રાખીએ છીએ.

પરમાત્મા એ ચોથું કેન્દ્ર છે. પરંતુ તે તરફ આપણે નથી જવું અને તે મેળવ્યાની કોઈ સેખી કે ફાંકો પણ નથી મારવો. કારણ કે હું કોઈને છેતરી ન શકું અને એમ પણ મારા શ્રોતાઓને તો નહીં જ!! સત્ય જ્યાંથી મળે ત્યાંથી મેળવી લેવું. 'કૃતાર્થ લભ્યતે'. બધું તે કરે ,તેથી રામનામ અભંગ છે તે ક્યાંય ભંગ પડવા દેતું નથી.

સંકલનઃ તખુભાઈ સાંડસુર..
૯૪૨૭૫૬૦૩૬૬

**રામ અને રામાયણ લોકહૃદયમાં જીવંત છે**

ભારતીય સંસ્કૃતિની દિવ્ય સુગંધનું નામ રામ છે. આપણી લાડકી પૃથ્વી પર સદાય વિચારોનો જ પ્રભાવ રહ્યો છે. રામરાજ્ય એટલે શું? રામ આખરે તો એક વિચારનું નામ છે. વિચાર કદી મરતો નથી, તેથી વારંવાર કહેતો રહ્યો છુંઃ વિચાર અમર છે, તેથી રામ અમર છે.રામનો ગતિપથ સત્યદેશીય હતો, તેથી રામને ઋષીવાલ્મીકિએ 'સ્થિરપ્રજ્ઞ' કહ્યા છે. રામ ઉદાત્ત માનવ હતા અને આદર્શ રાજા હતા. રામરાજ્ય હજી આજે પણ આદર્શ રાજ્ય ગણાય છે. રામમાં એવું તે શું હતું કે લોકોએ એમને વિષ્ણુના અવતાર ગણીને પૂજ્યા? ભારતના કરોડો લોકો આજે પણ રામની પૂજા કરે છે, રામનામનો જપ કરે છે, રામાયણનો પાઠ કરે છે અને મરતી વખતે રામનું જ સ્મરણ રહે તેવું પ્રાર્થે છે. સદીઓ વીતી ગઈ તોય રામ અને રામાયણ લોકહૃદયમાં જીવંત છે.

રામ લોકોત્તર પુરુષ હતા તેની પ્રતીતિ એમની સ્વસ્થતાપૂર્ણ ત્યાગવૃત્તિમાં થાય છે. રામના જીવનમાં જે જે આદર્શોની માવજત થઈ તે આદર્શોની ઉપાસના આપણા જીવનમાં થોડેક અંશે પણ ન થવાની હો તો રામાયણનો પોપટ-પાઠ નિરર્થક ગણાય. જે માણસ રામાયણનું પઠન કરતો રહે અને કોઈને આપેલા વાયદા ન પાળે તો તે રામને છેતરે છે એમ કહેવાય. આપણા દેશમાં રામને સતત છેતરનારા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની રામભક્તોની સંખ્યા ઓછી નથી. પરિણામે ધર્મોદય દૂર રહી જાય છે અને ધર્મ-ઘેલછાનો ઘોંઘાટ વધતો રહે છે.

રામજીના વિચારનું ગુરુત્વ મધ્યબિંદુ એટલે મર્યાદા. રામ મર્યાદાપુરુષોત્તમ કહેવાયા. સૂર્ય મર્યાદા પાળે છે, સાગર મર્યાદા પાળે છે. આકાશગંગા પણ મર્યાદા પાળે છે અને અસંખ્ય તારાઓ પણ પોતપોતાની ભ્રમણકક્ષામાં જ ચકરાવા મારે અને એ રીતે મર્યાદા પાળે છે. મનુષ્યે પણ મર્યાદાપાલનમાં રહેવું જોઈએ. મર્યાદા તોડે તે રાવણ અને મર્યાદા જાળવીને સત્યપાલન કરે તે રામ. લોકાભિરામ એવા રાજકુમાર રામ કેવળ કૌસલ્યાનંદન કે રઘુકુલનંદન રામ ન હતા. તેઓ ઋષિનંદન અને પ્રજાનંદન રામ પણ હતા.

- ગુણવંત શાહ

## ૦૫ અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે.

**કુમારપાળ દેસાઈ**

આજના હિંસા, આતંક અને અસુરક્ષિતતા સમયમાં વિશ્વના સુરક્ષા-નિષ્ણાત બ્રિયાન માઈકલ જેકિન્સ એમ કહે કે,'આતંકવાદ એ એક 'થિયેટર' જેવું છે, જેમાં દરેક આતંકવાદી એના વિકૃત 'પર્ફોમન્સ'થી લોકોની હત્યા કરવા ચાહતો નથી, પરંતુ વ્યાપક જનસમૂહ સુધી પોતાની ક્રૂરતા પહોંચાડવા માગે છે.' આજના અને અતિતના સંદર્ભે ગાંધીજીની અહિંસાને સમજવી રહી...

મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ અથવા અહિંસક પ્રતિકારના સિદ્ધાંતનો પ્રયોગ દક્ષિણ આફ્રિકાની ધરતી પર કર્યો અને એને સફળતા પણ સાંપડી. નિઃશસ્ત્ર અસહાય, દલિત -પીડિત પ્રજાને પોતાના પર થતા અન્યાયો, જુલમો અને અત્યાચારો માટે શસ્ત્રસજજ સત્તા સામે લડવાનું અને ન્યાય મેળવવાનું અહિંસક પ્રતિકારનું શસ્ત્ર ગાંધીજીએ આપ્યું. ઈ.સ ૧૮૪૦થી દક્ષિણ આફ્રિકામાં પ્રચલિત ગીરમીટની પ્રથાનો ૧૮૯૪માં ગાંધીજીએ પ્રથમ વાર વિરોધ કર્યો. ૨૩ વર્ષના અવિરત પ્રયત્ન પછી ૧૯૧૭ના જુલાઈમાં વાઈસરોયે માનવતાના અપમાન સમી આ પ્રથાનો અંત આણ્યો. હકીકતમાં ગાંધીજીની અહિંસા એ કોઈ ભાવના નથી, પરંતુ ગુણોની તાલીમ છે. જેનામાં અનેક ભાવનાઓનું સંગમતીર્થ સધાય એ જ અહિંસાપાલક થઈ શકે, કારણ કે એમની અહિંસા માત્ર માનવ કે પશુ પ્રત્યે સીમિત નથી, પરંતુ એમાં ઉચ્ચ કોટિની ત્યાગવૃત્તિ, ન્યાયી વર્તન,આત્માનું ભાન, દેહપીડા સહન કરવાની શક્તિ જેવા આંતરિક ગુણની આવશ્યકતા રહે છે. તેઓ કહે છે કે જમીન જાય, ધન જાય, શરીર જાય, તો પણ અહિંસાનો ઉપાસક એની પરવા કરે નહીં. આત્મબળ કેળવાય અભયથી. જગતના ઈતિહાસમાં મહાવીર, બુદ્ધ, રામ, ઈસુ ખ્રિસ્ત બધાને એમના જીવનની શૈલીમાં અભય પ્રગટ કર્યો હતો. ભય કે મૃત્યુ એમને ચલિત કરી શકે તેમ નહોતાં! અભય થયા વિના પૂર્ણ અહિંસા નું પાલન શક્ય નથી, કારણ કે અહિંસાની તાલીમ માટે મરવાની તાલીમ જોઈએ. મરવાની ઇચ્છા જેટલી તીવ્ર તેટલી મારવાની ઇચ્છા મોળી.માણસમાં મરવાની તાકાત પૂર્ણપણે આવી જાય તો તેને મારવાની ઇચ્છા થતી નથી અને માણસ કરુણામય બનીને મરે છે ત્યારે મરનારનું દિલ પણ પલટાવી નાંખે છે.

અહિંસાને પૂર્વ અને પશ્ચિમ એવો ભેદ નથી. અહિંસા આખી વિશ્વની છે અને સમગ્ર વિશ્વ મળીને પૃથ્વીના ગ્રહ પર માનવીનું જીવન સુખી બનાવવા પ્રયાસ કરવો પડશે. માનવજાતની વિવેકપૂર્ણ પ્રગતિ અને આધ્યાત્મિક ઊર્ધ્વગમનને માટે પ્રયાસ કરવો પડશે અને તેનું મુખ્ય પરિબળ અહિંસા બની રહેશે. અહિંસાએ ક્યારેય પ્રેમનો માર્ગ છોડ્યો નથી અને અન્યાયનો સામનો કરવામાં નિર્બળતા દાખવી નથી. આ જ અહિંસક અભિગમની સૌથી મોટી મહત્તા છે.

> ગાંધીજી અહિંસાની વાત લાવ્યા ત્યારે કોઈએ પૂછયું હતુંઃ 'અહિંસા એક કારગત ઉપાય છે એમ તમે કહો છો?' ત્યારે ગાંધીજીએ કહ્યું કે,'ના, અહિંસા જ એકમાત્ર કારગત ઉપાય છે એમ હું કહું છું. અહિંસાના આચરણમાં પાયાનો સિદ્ધાંત એ છે કે પિંડે તે બ્રહ્માંડે. અહિંસા સત્ય, પવિત્રતા વિના નભી જ ન શકે. સત્યવાદી, અહિંસક, પવિત્ર સમાજવાદી જ જગતમાં કે હિંદુસ્તાનમાં સમાજવાદ ફેલાવી શકે. અહિંસા એ કેવળ વ્યકિતગત સદ્ગુણ છે એવું હું માનતો નથી. એ સામાજિક સદ્ગુણ પણ છે ને બીજા સદ્ગુણોની માફક એને પણ પ્રયત્નપૂર્વક કેળવવો પડે છે. સાચો પ્રજાવાદી એ જ છે કે જે શુદ્ધ અહિંસક સાધનોથી પોતાની, પોતાના દેશની અને સરવાળે આખી માનવજાતિની સ્વતંત્રતાની રક્ષા કરશે. અહિંસા મારા ધર્મનો પહેલો મંત્ર છે અને એ જ મારા ધર્મની આખરી શરત છે.' - ગાંધીજી

## ૦૬ એક સિરિયલ : એડોલેસન્સ

**મુનિ દવે**

---

૨૭મી તારીખના ઈંડિયન એક્સપ્રેસમાં નેટફ્લિક્સની એક સિરિયલ Adolescence (બાલ્યાવસ્થા અને પુખ્ત વય વચ્ચેની અવસ્થા, કિશોરાવસ્થા, યુવાની, તારુણ્ય, ચડતી વય) પર ચર્ચા આવી. એટલે એ સિરિયલ જોઈ. આપણા બધાનો ઉછેર આપણા પરિવારમાં અમુક રીતે થયો છે. આપણે બધાં પણ આ ઉંમરમાંથી પસાર થયા છીએ. આપણા ઉછેરમાં કેટલીક બાબતો સામેલ હતીઃ 'શું બોલવું અને શું ન બોલવું , શું કરવું અને શું ના કરવું, કેવાં કપડાં ક્યાં પહેરવાં, કેવી રીતે સામેનાની સાથે વર્તવું, ખાસ તો વડિલો અને સ્ત્રીઓની મર્યાદા જાળવવી, શું વાંચવું, વગેરે.' જ્યારે જ્યારે આપણે આ નિયમોમાં ચૂક કરી છે તો કોઈને કોઈની વઢ મળી છે અને કોઈને ક્યારેક કે દરેક વખતે માર પણ પડ્યો છે. સમાજમાં એક માન્યતા બહુ પ્રચલિત છે કે તમારા બાળકોનાં ખરાબ કર્મો કે અશિસ્ત માટે તમે જ જવાબદાર છો. અને આપણે એ વાત સહજપણે સ્વીકારી પણ લીધી છે.

થોડાં વર્ષોથી હું એવું માનવા પ્રયત્ન કરું છું કે જો તમારું બાળક નઠારું નીવડે તો તમારે બધો વાંક તમારા પર લઈ લેવો જરુરી નથી કે કોઈ માબાપને એ માટે દોષીત જાહેર કરવા જરૂરી નથી. સમાજનું વાતાવરણ જ એવું છે જેમાં બાળક સ્કૂલે જવું શરૂ કરતા જ બહારની દુનિયાના સારા-નરસા સંસ્કાર લેવા માંડે છે અને ઘણી બધી બાબતોમાં માબાપને તેની ગંધ સુદ્ધા નથી આવતી. હા, કેટલાક માબાપો એવાં પણ છે જે બાળકોને કહે છે કે, 'કોઈ હેરાન કરે તો રડવાનું નહીં, એને એક ઠોકી દેવાની અથવા કોઈ એક સંભળાવે તો સામે આપણે ચાર સંભળાવી દેવાની.'

'સ્થિતપ્રજ્ઞ દર્શન'માં ગીતાનું વિવરણ કરતા વિનોબાજી કહે છે કેઃ 'નાના છોકરાંનું મન સ્વચ્છ હોય છે, કુમળું હોય છે. કોઈપણ સંસ્કાર તે તાબડતોડ પકડી લે છે. તેનું કારણ બાળકોમાં આત્મવિસ્મૃતિ (પોતાપણાનું અજ્ઞાન) હોય છે. તેના ચિત્ત પર બહારનો હરેક ઘસરકો પડી જાય છે. એ સંસ્કાર જેવા હશે (સારા કે ખરાબ) તેવા તેના પર ઊઠશે. આ દૃષ્ટિથી સંસ્કારોની સુલભતા, સહેલાઈથી સંસ્કાર ગ્રહણ કરવાની ચિત્તની એ દશાને ભયાનક પણ કહેવી પડશે.

સિરિયલ Adolescenceમાં વાત એવી છે કે સવારના પહોરમાં ઈંગ્લેંડના એક ઘરમાં હથિયારધારી પોલિસો ધસી આવે છે અને તેના ૧૩ વર્ષના દીકરાની ધરપકડ કરીને લઈ જાય છે અને તે સાથે પૂરાવા શોધવા આખું ઘર ફેંદી વળે છે. માબાપ, એક મોટી બહેન અને નાના ભાઈ સાથેનો આ પરિવાર હેબતાઈ જાય છે. તેમને જાણ કરવામાં આવે છે કે તમારો દીકરો કાલે રાત્રે એક છોકરી, જે તેની જ ઉંમરની હતી અને તેની સાથે જ ભણતી હતી, તેની થયેલી હત્યા માટે શકના ઘેરામાં છે. બધાને અચંબો થાય છે કે ૧૩ વર્ષનો એક સીધોસાદો  છોકરો કોઈની હત્યા કરે એ વાત જ વાહિયાત છે. પણ પોલિસ કશું સાંભળતી નથી.

પોલિસ દ્વારા થતી પૂછતાછની બાબત બહુ પ્રભાવકારી છે. ખાસ તો એ માટે કે તે દરમિયાન માનવીય ગરીમા અને નાગરિકના હક્કો જાળવી રાખવાની પૂરતી કાળજી લેવાય છે. ધરપકડ કરવા ગયેલી પોલિસની ટોળી સાથે અને પૂછતાછ દરમિયાન એક સ્વતંત્ર નિરિક્ષક પોલિસની સાથે રહે છે, જેથી તે બધા કાયદાનું યોગ્ય પાલન થાય છે કે નહીં તેનું ધ્યાન રાખે છે. શકમંદના પરિવારને જો જોઈએ તો પોલિસ તરફથી મફત કાનૂની સલાહકાર મળે છે. તપાસ વખતે તે છોકરો એના પિતા અને પોલિસ અમલદાર સમક્ષ સતત એક વાતનું રટણ કર્યા કરે છે કે 'પોતે નિર્દોષ છે, તેણે

કશું જ કર્યું નથી'. અને સ્વભાવિકપણે પિતા સતત તેની વાત સાચી જ માને છે. આખરે પોલિસ જે વિડિયો બતાવે છે તે જોઈને છોકરો ભાંગી પડે છે, અને તે સાથે તેના પિતા પણ. હવે પિતા તેના દીકરા સાથે આંખ મિલાવી શકતા નથી.

પૂરતા પૂરાવા મેળવ્યા બાદ નક્કી એ થાય છે કે આ છોકરાએ ખૂન તો કર્યું જ છે પણ શા માટે? ખૂનનું પ્રયોજન શું? તેના ભાગરૂપે એક મનોવિજ્ઞાની પણ તે છોકરા સાથે બે-ત્રણ બેઠકો કરે છે. પ્રયોજન જાણવા અમલદાર સ્કૂલમાં જાય છે ત્યારે તે સ્કૂલનાં છોકરાઓ અને છોકરીઓને જોયા બાદ આપણને પણ એ સમજાઈ શકે છે કે આપણા બાળકોને ગમે તેવા સંસ્કારો આપ્યા હોય પણ આ વાતાવરણમાં ટકવું અઘરું છે. રસપ્રદ બાબત એ પણ છે કે તપાસ કરનાર અમલદારનો દીકરો પણ એ જ સ્કૂલમાં ભણે છે. અને અમલદારને એ પણ ભાન થાય છે કે તેને પોતાના દીકરા સાથે માનસિક રીતે કોઈ મેળ નથી. તેનો દીકરો કેટલીક વાતો કરે છે જેને કારણે અમલદારને બાળકોની ભાષામાં વપરાતા વિવિધ શબ્દો અને તેના અર્થોની જાણ થાય છે અને તે કારણે હત્યાનું પ્રયોજન સ્પષ્ટ થાય છે.

સિરિયલનો ચોથો (અને છેલ્લો) એપિસોડ બહુ રસપ્રદ છે, જેમાં મા-બાપ એ બાબતે અત્યંત દુઃખી છે કે તેઓ ક્યાં ઊણા ઊતર્યાં કે તેમનો દીકરો આ કક્ષાએ પહોંચી ગયો અને તેમને ખબર પણ ન પડી? દીકરાને બધી સગવડતાઓ આપી, તેની બધી ઈચ્છા પૂરી કરી. પિતાએ તેના પિતાના હાથનો માર બહુ ખાધેલો આથી તેણે નક્કી કરેલું કે હું મારા દીકરાને વધુ સારી રીતે ઉછેરીશ. પણ તે પછી પણ ક્યાં ચૂક રહી ગઈ? આ સવાલ આપણા સમાજનો પણ હવે બનતો જાય છે. શું આપણે તે માટેની સજ્જતા કેળવી છે? એ હકીકત છે કે આજના યુવાન માતાપિતા પોતાની કારકિર્દી બનાવવામાં અને આર્થિક જરૂરિયાતો પૂરી કરવામાં અતિવ્યસ્ત રહે છે. અને તે સાથે આજના તરુણ બાળકો સોશિયલ મીડિયામાં શું કરે છે, શું જુએ છે, કઈ બાબતે કોને, કેવા પ્રતિભાવો આપે છે તેની માબાપને ભાગ્યે જ ખબર હોય છે. તે સાથે તરૂણો પણ એટલા તો ચતુર છે જ કે પોતાની બધી વાતો માતા કે પિતાને ન કરાય તેની સમજણ કેળવી લીધી હોય છે.

આપણે ત્યાં જ્યારે પણ કોઈ બળાત્કાર અને સાથે હત્યાનો આરોપી પકડાય છે, ત્યારે તુરંત તેને ફાંસી આપી દેવાનો દેકારો થાય છે, પણ કોઈ એ નથી કહેતું કે, 'એ તો જાણો કે તે આ કક્ષાએ કેમ ગયો? કયા પરિબળોએ તેને આ કૃત્ય કરવા પ્રેર્યો?' પોલિસ કે કોર્ટ એ માટે મનોવિજ્ઞાનીની સલાહ લેતા હોય છે કે નહીં તેની મને ખબર નથી. આથી બળાત્કારો-હત્યાઓ-આપઘાતો થયા કરે છે પણ તેના કારણોમાં કોઈ ઊંડું ઊતરતું નથી. અને આપણે દર કેટલી મિનિટે કેટલાં અપરાધો થાય છે તેની સંખ્યા ગણ્યા કરીએ છીએ.

અમદાવાદ, મો.૯૮૨૪૦૧૦૩૧૮

રવિબાબુને સાહિત્યનો નોબેલ પ્રાઇઝ મળ્યા પછીનો એક પ્રસંગ છે. કવિ રોજ સવારે ચાલવા નીકળે છે, રસ્તામાં એક માણસનું ઘર આવે છે. એ માણસ એના આંગણામાં બેઠો હોય અને કવિ ટાગોરને તેઓ ન ગમતા હોય એમ જોયા કરે છે. કવિને એમ કે મને એ માણસ બોલાવશે કારણ કે, મને તો સાહિત્યનો નોબેલ મળેલો છે. હું વિશ્વકવિ છું. કદાચ એવો ભાવ ગોપનીય હોય. આમ એક સપ્તાહ પસાર થઈ ગયું. રોજ કવિ સવારે ચાલવા નીકળે ત્યારે બંનેની આંખો એકબીજાને જોઈ લે છે. આઠ-દસ દિવસ સુધી આવો ક્રમ ચાલે છે. કવિ નથી એ માણસને બોલાવતા કે નથી પેલો માણસ, 'કેમ છે કવિશ્રી કહેતો.'

એક દિવસ એ જ રસ્તેથી નીકળતા કવિ સાવ સહજ એ માણસ પાસે પહોંચે છે..અને એ માણસને આદરસહ કહે છેઃ 'કેમ છે ભાઈ? મજામાં? ' અને એને ભેટે છે. કવિનો આ ભાવ પામીને પેલો માણસ ખૂબ રાજી થઈને કહે છેઃ 'હવે તમે નોબેલિસ્ટ છો...હવે તમને નોબેલ મળ્યો એ સાર્થક છે, તમે વિશ્વકવિ અને વિશ્વમાનવ છો.'

## ૦૭ યુગપરિવર્તન માટેનું શિક્ષણ

**રોહિત શુક્લ**

'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' એ ત્રણે શબ્દો અર્થસભર છે. એ ત્રણેને જ્યારે ભેગા કરીએ ત્યારે પણ વ્યાકરણના સમાસના સંદર્ભ મુજબ દ્રષ્ટિકોણ બદલાય છે. આ અંગે સ્પષ્ટ થવું જરૂરી ગણાય.

'યુગ' એટલે શું? મહાભારતકાળમાં 'ત્રેતાયુગ' પૂરો થયો અને હવે 'કળિયુગ' ચાલે છે એમ કહેવાનો કોઈ ખાસ અર્થ નથી. 'સતયુગ'માં જો શિક્ષણ બરાબર ચાલ્યું હોત તો કળિયુગ આવ્યો જ ન હોત- તેવી દલિલ નિરર્થક વિતંડા છે. આટલા બધા મોટા પને વિચારવાની જરૂર નથી. સાહિત્યના ક્ષેત્રે 'પંડિતયુગ', 'ગાંધીયુગ' જેવા શબ્દ પ્રયોગો થાય છે. ઈતિહાસમાં પણ મધ્યકાળ, આધુનિક કાળ એવા શબ્દ પ્રયોગો થાય છે. આ લેખ પૂરતો 'યુગ'નો અર્થ 'સમાજજીવનમાં આવતું આમૂલાગ્ર પરિવર્તન' એવો કરીશું.

તરત બીજો મુદ્દો 'પરિવર્તન'ની વ્યાખ્યાનો ઊભો થાય છે. પરિવર્તન અથવા બદલાવ ઘણીવાર અલ્પમાત્રામાં અને નજરે ન ચઢે તેવું ઝીણું પણ હોઈ શકે. પણ ટૂંકાગાળામાં મોટું પરિવર્તન થાય ત્યારે ક્રાંતિ થઈ ગણાય. વળી પરિવર્તન હંમેશા સારું કે ખોટું ગણાવી શકાય. પરિવર્તન માટે આર્થિક, સામાજિક અને ધાર્મિક ઉપરાંત ટેક્નોલોજી પણ જવાબદાર પરિબળ છે. પ્રત્યેક ધર્મ, આગળના સમાજમાં પરિવર્તનો આણે છે. ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મની સ્થાપના વચ્ચે માત્ર સાતસો વર્ષોનું જ અંતર છે. પરંતુ આજે તે જગતમાં સૌથી વધુ અનુયાયીઓ ધરાવતા ધર્મો છે.

'શિક્ષણ' શબ્દની અડોઅડ બે શબ્દો છે. 'તાલીમ' અને 'કેળવણી '. ત્રણેને એકબીજાના પર્યાય તરીકે વાપરવા ન જોઈએ. પછી 'શિક્ષણ' પણ શાળેય, ઔપચારિક, સમાજગત અને અનૌપચારિક હોઈ શકે. આ બાબતે સાવધાની જરૂરી ગણાય. છેલ્લો મુદ્દો 'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ'એ ત્રણે શબ્દો વચ્ચેના વ્યાકરણલક્ષી- વિભક્તિ અંગેના- અનુબંધનો છે. જો 'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' કહીએ તો 'યુગપરિવર્તન'ના કારણે 'શિક્ષણ ઉપર અસર' વિચારબિંદુ બને તેમ છે. શિક્ષણ 'કારક' છે કે 'પરિણામ' તે મુદ્દો બને. યુગપરિવર્તન માટેનું શિક્ષણ એમ કહીએ ત્યારે શિક્ષણની પધ્ધતિ દ્વારા યુગપરિવર્તનનો સહેતુક પ્રયાસ ચિત્રમાં આવે છે.

૧૯૨૦માં ગાંધીજીએ અમદાવાદમાં 'ગૂજરાત વિદ્યાપીઠ' સ્થાપી. પોતાના આ કાર્યને તેમણે 'એક વણિક દ્વારા થયેલા ઋષિકાર્ય' સાથે સરખાવ્યું. વિદ્યાપીઠ, લોકભારતી, વેડછી, વગેરે જેવી સંસ્થાઓએ શિક્ષણ દ્વારા યુગપરિવર્તનની દિશાના કાર્યો કર્યા છે. 'ઝાડના પારખાં ફળ ઉપરથી' એ લઘુ પુસ્તિકાઓ દ્વારા આ ગાંધી શિક્ષણસંસ્થાઓ દ્વારા સમાજની માવજત અને નવરચનાનો પરિચય સાંપડે છે.

૧૯૬૬-૬૭માં ચીનમાં માઓ-ત્સે-તુંગે 'સાંસ્કૃતિક ક્રાંતિ' માટે દેશની તમામ યુનિવર્સિટીઓ બંધ કરાવી દીધી. દેશભરના યુવાઓ સામ્યવાદી વિચારોના પ્રચાર માટે ગામેગામ પહોંચી ગયા. પુરાતનકાળના દાખલા લઈએ તો સમ્રાટ અશોકે બૌધ્ધધર્મના પ્રચાર માટે વિદેશોમાં પણ ધર્મ પ્રચારકો મોકલ્યા. તેના માંડ બસો વર્ષમાં પુષ્યમિત્રે ભારતમાં બૌધ્ધોને શોધી શોધીને મારી નાંખ્યા. હિટલરે યહૂદીઓની કતલ કરાવી તો આજે ઈઝરાયેલ અને આરબ વચ્ચેના યુધ્ધો રોજની વાત બની ચૂકી છે.

ધર્મો દ્વારા અપાતું શિક્ષણ માનવમાત્ર માટે શાતાકારક બનવાને બદલે યુધ્ધખોર, ક્રૂર અને હિંસાત્મક બની રહ્યું

છે. ઔદ્યોગિક ક્રાંતિઓ માટેનું અને તેના ફળસ્વરૂપે નીપજેલું શિક્ષણ અસમાનતા, શોષણ, યુધ્ધ અને બેહાલી વધારનારું બની રહ્યું છે. ૧૮૯૦માં યુરોપના ધનવાન દેશોની સરાસરી માથાદીઠ આવક ૨૫૦ ડોલર હતી. ૨૦૨૧માં લગભગ સવાસો વર્ષમાં તે લગભગ એક લાખ ડોલરે પહોંચી છે. સવાસો વર્ષમાં આવક લગભગ ચારસો ગણી વધી છતાં જગતમાં આજે પણ પાયાનું શિક્ષણ સૌને માટે હાથવગું નથી. જે શિક્ષિત છે તેમની પાસે રોજગાર નથી. જેમની પાસે શિક્ષણ અને રોજગાર બન્ને છે તેમની પાસે માનવલક્ષી સંવેદનાઓ નથી. અંગ્રેજોએ ભારતમાંથી ઠગ અને પિંઢારાઓનો ત્રાસ દૂર કર્યો. આજે આ જ લક્ષણ ધરાવતા લાખો લોકો કાર્યરત છે. શિક્ષણ કોનું થયું, શા હેતુથી થયું અને તેના સામાજિક અનુબંધ વિક્સાવવામાં શો ઉપયોગ થયો તે સવાલો તરફ લક્ષ આપવું રહ્યું. ધર્મ અને ટેક્નોલોજીએ યુગો તો બદલ્યા પણ માનવીય સંવેદના અને તાર્કિક વિચારણાનું પુનઃસ્થાપન હજુ બાકી છે.

તેથી જ શિક્ષણ દ્વારા યુગપરિવર્તન આવે તે દિશા સમાજે પકડવી પડશે. આ પ્રથાના મૂળતત્ત્વોનો અણસાર ગાંધી-વિનોબા-આંબેડકર- ત્રિદેવ પાસેથી મળે તેમ છે. સવાલ એ છે કે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણના શિખરે પહોંચતા સુધીમાં ભણાવાતા વિવિધ અભ્યાસક્રમોમાં સ્વદેશી વિચારકો અને કર્મશીલોના 'પાઠ' અભ્યાસક્રમોમાં કેટલા? શિક્ષણ દ્વારા યુગપરિવર્તન થયાના બહુ દાખલા જગતમાં નજરે પડતા નથી. યુગપરિવર્તન થયા બાદ પણ તેના સંદેશા તથા કલ્ચરને ભાવિ પેઢીઓ માટે આત્મસાત કરાયાના દાખલા પણ ગણ્યાં-ગાંઠ્યાં છે. આનું કારણ એ છે કે શિક્ષણ સ્થાપિત હિતોના હાથમાં ચાલ્યું જાય છે. કોઈક મોટા ઉદ્યોગપતિ પોતે સ્થાપેલી કૉલેજો કે યુનિવર્સિટીમાં કાર્લ માર્ક્સને અભ્યાસક્રમમાં શું કામ રાખે? ક્રાંતિ, જ્ઞાનપ્રકાશ. યુગ, આધુનિકતા, સમાનતા, સ્વતંત્રતા, બંધુભાવ, વગેરે જગતમાં છેક ૧૭૮૯થી વિચારની દુનિયાના ઘટકો છે. તેનું સ્થાન આજની ખાનગી યુનિવર્સિટીઓમાં કેટલું ? આવો જ એક સાવ અણગમતો સવાલ એ પણ છે કે ગાંધી-પ્રણિત શિક્ષણસંસ્થાઓના વ્યવહારોમાં 'અગિયાર મહાવ્રતો' નું પાલન ખરું ?

શિક્ષણનો કેટલોક હિસ્સો પંડિતાઈ ઊભી કરવા વાસ્તે છે. અલબત્ત, ટેકનોલોજી, એમ.બી.એ., વકીલાત, નર્સિંગ અને મેડિકલ, નામા પધ્ધતિ, વગેરેમાં વ્યવહારું અને પ્રવર્તમાન પરિસ્થિતિનું શિક્ષણ છે જ. પણ આ અભિગમ- અંગ્રેજીમાં જેને 'ફોલિંગ બિટ્વીન ટુ સ્ટૂલ્સ' કહીએ તેના જેવો છે. જે તે વિષયના નિષ્ણાંતને સામાજિક રચના, ફિલસૂફીના તત્ત્વો કે રાજકીય પ્રવાહો વિશે ભાગ્યે જ કશી ખબર પણ હશે. યુગ પરિવર્તન માટેનું શિક્ષણ ભાગ્યે જ કોઈ યુનિવર્સિટીમાં ભણાવાયું હશે! ફ્રાંસની સોબોર્ન યુનિવર્સિટીના પ્રોફેસર જ્યાં પોલ સાર્ત્ર દ્વારા વિદ્યાર્થીઓનું જે 'શિક્ષણ' થયું તેને કારણે સમાજમાં સમાનતાલક્ષિતા તરફ ધ્યાન ખેંચાયું.

આપણા શિક્ષણમાં ભગતસિંહ, રાજગુરૂ, બિસ્મિલ, બોઝ, પૃથ્વીસિંહ, આઝાદ, વગેરે તો નથી જ, આંબેડકર અને વિનોબા પણ અલ્પ પ્રમાણમાં છે. જે મેકોલે સામેના વિકલ્પરૂપે શિક્ષણની કલ્પના થઈ તે હવે સવાઈ મેકોલે બની ચૂક્યું છે.

યુગપરિવર્તન માટે નહીં પણ તે ઉદેશ્ય સાથે શિક્ષણ આપવાનો વિચાર સારો છે પણ વ્યવહારનું ચિત્ર આઘાત પમાડે તેવું છે. ખાનગી સંચાલકોની નફાખોરી, શિક્ષકોની અછત, શિક્ષકોની પોતાની અ-ક્ષમતા અને બેદિલી, અભ્યાસક્રમોની કાળબધ્ધતા અને સંદર્ભહીનતા, વાસ્તવિક જીવન તરફ નિર્લેપભાવ, માત્ર નોકરી માટે શિક્ષણ, સંસ્કારના નામે પુરાતન અને ઘસ્યાપીટ્યા વિચારો...આ બધું ભેગું કરીએ એટલે શિક્ષણ! સંવેદનાનું ઘડતર, માનવીયતા, તર્કબુધ્ધિ-વિવેક, જ્ઞાનની પધ્ધતિઓ, સંશય અને સંશોધનાત્મકતા, વૈચારિક તત્ત્વબોધ...આ બધું માર્યું માર્યું ફરે છે. આપણે પંડિતાઈભર્યા વેદના શિક્ષણ તરફ વળ્યા. પણ હાંસિયામાં ધકેલાતા માનવસમુદાયો તરફની

સંવેદના ગુમાવતા ગયા!

સોળમી સદીથી, જ્યાં ભારતમાં મોગલ શાસન શરૂ થયું ત્યાં યુરોપમાં જ્ઞાનપ્રકાશ યુગના મંડાણ થયા. ભારતની સંસ્કૃતિ તો વેદ-ઉપનિષદ- છતાં કેપ્લર, કોપરનિકસ કે ગેલિલિયો અહીં કેમ ન પાક્યા? આર્યભટ્ટ એક નાના દિવાની જેમ ટમટમીને બુઝાઈ ગયા! આનું રહસ્ય જ શિક્ષણમાં છે. ઈ.સ. પૂર્વે ૩૦૦ની આસપાસ કણાદ ઋષિ થઈ ગયા. તેમણે વૈશાંષકની વિદ્યાશાખા શરૂ કરી. ન્યાય વૈશાંષક, સાંખ્ય અને યોગ, પૂર્વ અને ક્ષીરમિમાંસા, જૈનદર્શન, વગેરેમાં તત્ત્વશોધ, તાર્કિકતા, પદાર્થના લક્ષણો, વગેરેની અદ્ભુત ચર્ચા છે. ભારતની કોઈ પણ યુનિવર્સિટીના સંશોધનની ફિલસૂફી અને પધ્ધતિના અભ્યાસક્રમમાં આ વેદ-ઉપનિષદકાલીન તત્ત્વબોધની પધ્ધતિનો સમાવેશ થઈ શકે તેમ છે. પરંતુ આપણી માનસિક ગુલામી તેમાં આડે આવે છે. શોપનહોવરે ઉપનિષદોનો અભ્યાસ કર્યો, નિત્સેએ તેને આગળ ધપાવ્યો, વિરગેન્સ્ટાઈન, સાર્ત્ર અને કામૂ સુધી (છેક ૧૯૮૦) સુધી તે લંબાયો. પણ આપણે જગતગુરૂ શોધતા ફરીએ છીએ!

પંડિત નહેરૂએ ભારતને 'સાયન્ટિફિક ટેમ્પર'નો વિચાર આપ્યો હતો. ભાખરા બંધ અને આઈ.આઈ.ટી.ની સંસ્થાઓને તે 'મંદિર' ગણતા. પણ ગાંધી-વિનોબા-આંબેડકરની માનવતાલક્ષી સંવેદનાઓના વારસાની સાથે વૈજ્ઞાનિકતાના વિચારને પણ આરંભવાનો વારો આવ્યો છે. હવે કદાચ શિક્ષણ દ્વારા યુગપરિવર્તન કરવાને બદલે સંવેદના, માનવીયતા અને તર્ક, વિવેક વગરનો યુગ આકાર લઈ રહ્યો છે. જેને તેની સૌથી પહેલી ભનક આવવી જોઈતી હતી, તે શિક્ષણ હાલ હાઈબરનેશનમાં સરી પડ્યુ છે. હવે ચોથી ઔદ્યોગિક ક્રાંતિથી રચાતા જગતમાં જરૂરી એવા રોબોટ્સ સર્જીને પણ આપણે શિક્ષાનો મહાયજ્ઞ કરતા રહીશું! માણસને સ્થાને રોબોટ્સ હોય તે પણ યુગપરિવર્તન જ ને!

યુગપરિવર્તન ક્યારે થયું ગણાય તે પણ એક મહત્ત્વનો સવાલ છે. અમૂલ ડેરી બની તે પહેલાં ભારતમાં દૂધની ઉપલબ્ધિ અત્યંત અલ્પ હતી. ડેનમાર્ક, ન્યૂઝીલેન્ડ, વગેરે દેશો આપણને દૂધના પાવડરની ભેટ (દાન!) આપતા. આ સંજોગોમાં અમૂલ એક યુગપરિવર્તન જ ગણાય.

આવો જ સવાલ 'હરિયાળી ક્રાંતિ'નો છે. હરિયાળી ક્રાંતિને લીધે ભારતમાં અન્નમાં સ્વાવલંબન અને સુરક્ષા આવ્યા. સવાલ એ છે કે ૧૯૬૬માં તે ભારતમાં જ કેમ આવી? દેશનું વિભાજન થયું ત્યારે પાકિસ્તાનમાં ગયેલા પંજાબના ખેતરો મોટા કદના હતા અને સિંચાઈ પણ વધુ હતી. પાકિસ્તાનનું પંજાબ 'ઘઉંનો કટોરો' ગણાતું. છતાં હરિયાળી ક્રાંતિ ભારતમાં થઈ; પાકિસ્તાનમાં નહીં ! અભ્યાસીઓએ શોધી કાઢ્યું છે કે આ માટે માત્ર ટેકનોલોજીની શોધ જ જવાબદાર ન હતી. ભારતીય પંજાબમાં ખેડૂતો કમ-સે-કમ, પ્રાથમિક શિક્ષણ ધરાવતા હતા. આથી ખેતીની નવી ટેકનોલોજી કેવી રીતે પ્રયોજવી તે અંગેના છાપેલા ચોપાનિયાં તે સમજી શક્યા; ટેકનોલોજીના ઉપયોગ સાથે શિક્ષણનો મેળાપ ચમત્કારિક બન્યો. શિક્ષણ દ્વારા થયેલું આ પણ યુગપરિવર્તન જ ને!

જપાનમાં પણ પ્રાથમિક શિક્ષણે એ યુગપરિવર્તન સાધી બતાવ્યું છે. ઈ.સ. ૧૮૬૮માં જપાનમાં, રાજકીય, સામાજીક તથા આર્થિક સુધારા થયા. તેની પાછળ પણ લોકોને અપાયેલું સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ જવાબદાર છે. ગેરી બેકર જેવા ઘણા અર્થશાસ્ત્રીઓએ શિક્ષણ દ્વારા માણસના અને સમાજના આર્થિક લાભોની પણ ગણતરી કરી બતાવી છે. ગરીબો, પછાત સમૂહો, સ્ત્રીઓ, વગેરેને શિક્ષણ અપાય તો યુગપરિવર્તન માટેની બિછાત તૈયાર થતી જાય તે એક નિર્વિવાદ હકીકત છે. શિક્ષણ લેનાર વ્યક્તિને પોતાને તો ફાયદો થાય જ પણ શિક્ષિત વ્યક્તિઓ દ્વારા સમગ્ર સમાજને ફાયદો જ થાય છે. અમૂલ, હરિયાળી ક્રાંતિ અને મૈજી રિસ્ટોરેશન (જપાન) તેના ઉદાહરણો છે. અન્યાયને ઓળખવો, ન્યાય માટે સંઘર્ષ કરવો, સમાનતા અને સજાગતા કેળવવી - આ બધું યુગપરિવર્તનના પાયામાં રહીને ઝીણું ઝીણું કામ કર્યા જ કરે છે.

યુગો તો હંમેશા પરિવર્તન પામતા જ રહેવાના. કોઈક યુગમાં વેદોનું અધ્યયન જ મુખ્ય હતું. હવે આ ક્ષેત્રમાં ખાસ રુચિ જણાતી નથી. અંગ્રેજી જેટલું સ્થાન હવે સંસ્કૃતનું નથી. ધનિક કે સત્તાધીશના જેટલું માન વિદ્વાનનું નથી. યુગ જ્યારે બદલાય છે ત્યારે મૂલ્યના ધોરણો જ બદલાઈ જાય છે. માત્ર શિક્ષણ દ્વારા આ ક્ષેત્રે ભાગ્યે જ કાંઈક હાંસલ કરી શકાય.

યુગના પરિવર્તનને સાચી દિશા અને ગતિ આપવા માટે કેળવણીની જરૂર છે. વર્ગખંડોમાં અભ્યાસક્રમો 'પૂરા કરવામાં' કે ટ્યુશન વર્ગોમાં ગોખણપટ્ટી અને આઈએમપી કરાવવામાં મૂલ્યબોધને કોઈ જ સ્થાન ન હોઈ શકે. યુગ સમસ્તના વૈચારિક પ્રવાહોમાં શિક્ષણની ભૂમિકા બહુ મહત્ત્વની હશે એમ ધારી લેવામાં જોખમ છે. સમાજ એકંદરે જે વિચારો લઈને ચાલે છે તે શિક્ષણેતર માર્ગોથી વધુ પ્રભાવિત થતા રહે છે. ધર્મ પોતે એક આવી પ્રભાવક વ્યવસ્થા છે. પરંતુ ધાર્મિક શિક્ષણ આપતી પાઠશાળાઓ કે મદરેસા કે ચર્ચને કારણે કોઈ મોટા પરિવર્તનો આવ્યા નથી. દુનિયામાં અગણિત ફિલસૂફો પણ થઈ ગયા. ઘણી યુનિવર્સિટીઓ કે કૉલેજોમાં આવી ફિલસૂફીઓ ભણાવાઈ. તેથી જે તે સમાજની વિચારશક્તિ અને સંવેદનશક્તિ વધ્યા; પણ કોઈ યુગપરિવર્તન નજરે ન ચઢ્યું. આમ છતાં, શિક્ષણ હળવા પણ મક્કમ ડગલાં ભરીને વિશાળ પરિવર્તનોની ભૂમિકા બાંધી આપે છે તે નક્કી. આ બાબતે ત્રણેક દાખલા તરત નજરે ચઢે તેમ છે.

૧. ૧૯૬૬માં પેરિસની સોબોર્ન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સમતાલક્ષી સમાજ માટેની લડત ઉપાડી. તેના નેતા તરીકે જ્યાં પોલ સાર્ત્ર હતા, જે સામ્યવાદી વિચારો ધરાવતા હતા. જો કે ફ્રાન્સમાં સામ્યવાદ આવ્યો નહીં. પણ સમાજની સંવેદનાઓ બદલાઈ ખરી.

૨. ગુજરાતમાં જ ૧૯૭૪ના નવનિર્માણના આંદોલનમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મોખરે હતા. જો કે પાછળ દોરીસંચાર રાજકીય પક્ષોનો હતો; પરંતુ તે પછી જે. પી. આંદોલન ચાલ્યું. નવનિર્માણના આંદોલનને કારણે ન તો આર્થિક અસમાનતા ઘટી અને ન કોઈ ગરીબ તરફી નીતિઓ વધુ પ્રભાવક બની.

૩. ચીનમાં માઓએ યુનિવર્સિટીઓ બંધ કરાવીને વિદ્યાર્થીઓ દ્વારા સાચા સામ્યવાદની સંસ્કૃતિના ફેલાવાનો માર્ગ લીધો તે પણ સફળ ન થયો.

સવાલ એ છે કે ગાંધીવિચાર અને તેના રંગે રંગાયેલા ગુણીજનો દ્વારા સમાજમાં કેટલું કામ થયું ? આ સવાલનો ઉત્તર શોધવો જરૂરી છે પણ તે કામ સહેલું નથી. આઝાદી પછીના બે અઢી દાયકા સુધી ગાંધીવિચારનો જે પ્રભાવ વિકસ્યો તે પ્રથમ પેઢીના કર્મશીલોના અસ્ત પછી ચાલુ ન રહી શક્યો. યુગપરિવર્તનની દિશાની પ્રમુખ રેખાઓ ખેંચીએ તો માંડ બે કે ત્રણ જ આવશ્યક મૂલ્યો જણાય છે. આ મૂલ્યોમાં માનવીય અભિગમ અને વૈજ્ઞાનિક ઢબની વિચારણા મુખ્ય છે. માનવીય વિચારધારાને યુ.એન.નું પણ સ્પષ્ટ અનુમોદન છે પરંતુ ખુદ ભારતમાં આ દિશાની ગતિ ખરી ? ધાર્મિક ઝનૂન, પૂર્વગ્રહ, જાતિવાદ, આર્થિક સત્તા અને શોષણખોરી, સ્ત્રીઓની સ્થિતિ, સામાજિક ન્યાયનો બનાવટી મુખોટો, વગેરેને લક્ષમાં લઈએ તો સમજાશે કે શિક્ષણનું ખરેખર કામ તો આ દિશાનું છે.

શિક્ષકનું કામ મુખ્યત્વે 'માનવતા' અને 'વૈજ્ઞાનિક અભિગમ' બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરતા રહેવાનું છે. આ કામ અનેક કારણોસર મુશ્કેલ બની રહે છે. એક તો સરકાર પૂરતા પ્રમાણમાં શિક્ષકોની ભરતી જ કરતી નથી. બીજી તરફ શિક્ષક પોતે જ, કોઈકને કોઈક ધાર્મિક, કે જાતિગત પૂર્વગ્રહોથી પીડાતા હોય છે. શિક્ષકો પોતે પણ જાતભાતના વહેમોથી સંક્રમિત હોય છે. યુગપરિવર્તન માટે શિક્ષક, શિક્ષણની ઢબ, અભ્યાસક્રમો અને એકંદરે સંચાલન ઉપર ધ્યાન આપવું પડશે.

મો.૭૫૬૭૨૨૭૪૩૭

## ૦૮ ભારતભૂમિની ઊર્જાવાન નારીઃ રાણી જયમતી

**ટીના દોશી**

એ વીરાંગના આસામની પ્રજાની રાષ્ટ્રનાયિકા છે, આસામની સામાજિક-ઐતિહાસિક પ્રતિભા છે, દેશપ્રેમી શહીદ તરીકે આસામવાસીઓના દિલોદિમાગમાં ઘર કરી ગઈ છે, નિઃસ્વાર્થ સમર્પણ, સાહસ અને સચ્ચાઈનું દ્રષ્ટાંત છે, આદર્શ પત્ની તથા આદર્શ માતાનું પ્રતીક છે અને દૈવી અવતાર તરીકે પૂજાય છે...!

એનું નામ રાણી જયમતી. અસમિયામાં જોયમતી. જોયમતી કુંવરી તરીકે પણ જાણીતી. પોતાના પતિ એવા આસામના રાજા ગોડાપાનીના રક્ષણ માટે દુશ્મનના અમાનવીય અત્યાચારો સહન કરીને શહીદીને વરેલી અહોમની સત્તરમી સદીની સાહસિક સ્ત્રી.... આસામમાં સતી જોયમતી દિવસની ઉજવણી થાય છે, આસામ સરકાર દર વર્ષે પોતપોતાના ક્ષેત્રમાં કાઠું કાઢનાર સ્ત્રીને સતી જોયમતી પુરસ્કારથી નવાજે છે, રાણી જયમતીની સ્મૃતિમાં એના મોટા દીકરા લાઈ સુખરુંગફાએ શિવસાગરમાં સૌથી વિશાળ માનવસર્જિત તળાવ જોયસાગર અને જોય ડોલમંદિરનું નિર્માણ કર્યું છે, આસામી લોકગીતો અને લોકકથાઓમાં એની જીવનકથા ગૂંથી લેવાઈ છે !

જયમતીનો જન્મ સત્તરમી સદીના મધ્યમાં થયો. જોરહાટ નજીક શિવસાગરના માધુરીગામમાં વસતા લાઈ થેપેના બોર્ગોન અને ચંદ્રદરુ એનાં માતાપિતા. લાઈ થેપેનાની બાર પત્ની હતી. એમાંની પહેલી પત્ની ચંદ્રદરુની દીકરી જયમતી. એને ચોવીસ ભાઈઓ, બાર બહેનો અને અગિયાર ઓરમાન માતાઓ હતી. જયમતી ઉંમરલાયક થઈ ત્યારે લાઈ થેપેના અને ચંદ્રદરુએ આસામની પરંપરાગત ચકલોંગ પ્રથાથી એનાં વિવાહ તુંગખુગિયા વંશના ગોબર રોજાના કુંવર ગોડાપાની સાથે કર્યા.

ચકલોંગ એટલે વડીલોની સંમતિથી ગોઠવાયેલાં લગ્ન. ચકલોંગની પરંપરાગત પ્રણાલી પ્રમાણે જયમતી ગોડાપાનીને પરણીને સાસરે આવી. ગોડાપાની યુવાન, દેખાવડો, તરવરિયો અને યોગ્ય નિર્ણય કરવામાં સક્ષમ હતો. એણે ઔપચારિક શિક્ષણ લીધું નહોતું, પણ રાજકીય કુનેહ, કુશાગ્રતા અને દીર્ઘદ્રષ્ટિથી પોતે નેતૃત્વ કરવાની લાયકાત ધરાવતો હોવાનું પુરવાર કરેલું. રૈયત સુખી ને સંતોષી હતી, પણ કાલ કોણે દીઠી છે! થોડા સમયમાં પ્રવાહ પલટાયો. ગોડાપાની પર આફતના ઓળા ઊતર્યા.

આસામમાં લોરા રાજાનું રાજ હતું. લોરા રાજા એટલે બાળરાજા. સુલીફા કુમળી વયે રાજા બનેલો એટલે બાળરાજા તરીકે જાણીતો થયેલો. સુલીફાનું સાચું નામ સરુગોહેઇન હતું. ૧૬૭૯માં લાલુક સુલા બોરફુકને એને અહોમ સામ્રાજયનો રાજા બનાવેલો. બોરફુકન એટલે પત્રમંત્રી કે સભાસદ. અહોમ રાજા પ્રતાપસિંહે પાંચ પત્રમંત્રીનો હોદ્દો ઊભો કરેલો. તેઓ રાજકીય અને ન્યાયિક સત્તા ભોગવતા. લાલુકના ભાઈ લાચિત બોરફુકનનું ૧૬૭૨માં મૃત્યુ થયા પછી રાજા ઉદયાદિત્ય સિંહે લાલુકને ૧૬૭૨માં પત્રમંત્રી બનાવેલો. સુલીફા રાજા હતો, પણ લાલુક સુલાની કઠપૂતળી હતો. સાચી સત્તા તો લાલુક પાસે જ હતી. સઘળી સત્તા કાયમી ધોરણે પોતાના હાથમાં જ રહે એ માટે લાલુક સુલા અહોમ રાજવંશના તમામ રાજકુમારોનું કાસળ કાઢવા માંગતો હતો.

લાલુકને ઈશારે સુલીફાએ ગોડાપાની સહિત બધા રાજકુમારોને મોતને ઘાટ ઉતારવાનો આદેશ આપ્યો. સૈનિકો ખુલ્લી તલવાર સાથે નીકળી પડ્યા. સુલીફા તરફથી જોખમ તોળાયું એટલે જયમતીની સલાહથી ગોડાપાની નાસીને નાગ પર્વતમાળામાં છુપાઈ ગયો. ત્યાં નાગકન્યા દાલીમીએ સ્નેહપૂર્વક ગોડાપાનીને આશ્રય આપ્યો. પોતાની ભૂમિ પરથી જ ગોડાપાનીએ નાસી છૂટવું પડ્યું એ આસામના ઈતિહાસનો સૌથી અંધકારમય સમયખંડ ગણાય છે.

૧૬૭૧થી ૧૬૮૧ના આ ગાળામાં લાલુક સુલાના દોરીસંચારથી સુલીફાના શાસનકાળમાં ૨૭ રાજકુંવરો અને રાજકુંવરીઓ તથા બે રાજાની નિર્મમ હત્યા કરવામાં આવેલી.

આ દસકામાં આસામમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઊડેલા. ભાવિ ધૂંધળું બની ગયેલું. પ્રજાની એક માત્ર આશાનું કિરણ ગોડાપાની હતો. એથી બાળરાજા સુલીફાની કેદમાંથી બચવા માટે ગોડાપાનીએ તેના બે દીકરા સાથે ભાગી છૂટવું અત્યંત આવશ્યક હતું. સુલીફાએ એની શોધમાં ખૂણે ખૂણે સૈનિકો દોડાવ્યા.

પણ ગોડાપાનીનું કોઈ પગેરું મળ્યું નહીં. ગોડાપાનીની ભાળ ન મળતાં સુલીફાનો ગુસ્સો સાતમાં આસમાને આંબી ગયો. એણે રાણી જયમતીને તેડાવી અને ગોડાપાનીનું ઠામઠેકાણું પૂછ્યું. જયમતીએ કંઈ પણ કહેવાનો નનૈયો ભણ્યો.

સુલીફા ધૂંવાપૂંવા.એણે જયમતીને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. એના ઈશારે સૈનિકો જયમતીને શિવસાગર જિલ્લાના જારેન્ગા પાથેર નામના ક્ષેત્રમાં લઈ ગયા. ત્યાં કોટકાર અર્થાત કાંટાળા વૃક્ષ સાથે જયમતીને બાંધી દીધી અને અસહ્ય યાતનાઓ આપવાનું શરૂ કર્યું. ગોડાપાનીને આ બાબતની જાણ થઈ. પત્ની સાથેની ક્રૂરતા અને નિર્દયીપણું એનાથી સહન ન થયું. એટલે એ છૂપી રીતે ગુપ્ત વેશમાં જારેન્ગા પાથેર આવ્યો. ગોડાપાનીએ બાળરાજાને બધું સાચેસાચું કહી દેવાની જયમતીને વિનંતી કરી. પોતે શરણાગતિ સ્વીકારી લેવાની તૈયારી દર્શાવી, પણ જયમતી ન માની. ગોડાપાનીએ ઘણું સમજાવવા છતાં રાણી ટસની મસ ન થઈ. મક્કમતાથી પોતાની વાતને વળગી રહી.ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે… જયમતી સહેતી રહી. ગોડાપાની રાજા તરીકે સામાજિક, આર્થિક અને રાજકીય રીતે પોતાનું અડગ તથા સુદ્રઢ સામ્રાજ્ય ઊભું કરે એવું સ્વપ્ન રાણી જયમતીએ સેવેલું. એ પકડાઈ જાય તો સ્વપ્ન અધૂરું રહી જાય. એથી એણે ગોડાપાનીને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું.

જયમતીની જીદ પાસે ગોડાપાનીનું કાંઈ ન ચાલ્યું. એ હતાશ થઈને છતાં રાણીના સ્વપ્નને સાકાર કરવાના સંકલ્પ સાથે ત્યાંથી ચાલ્યો ગયો. જયમતીએ પતિના સગડ ન આપ્યા એટલે એના પરની યાતનાઓનું પ્રમાણ વધતું ચાલ્યું. અત્યાચારો ચરમસીમાએ પહોંચ્યા. જયમતીની પીડા પરાકાષ્ઠાની તમામ હદ વટાવી ગઈ. છતાં એણે હરફ સુદ્ધાં ન ઉચ્ચાર્યો. એ હોઠ પીસીને, દાંત ભીડીને સઘળી વેદનાઓ સહેતી રહી. અરેરાટી ઉપજે અને કમકમાં અપાવે એવા ત્રાસ સામે એણે નમતું ન જોખ્યું, તે ન જ જોખ્યું. એનું મોં ખોલાવવા બાળ રાજાએ બધા પ્રકારના જુલમ વરસાવ્યા, પણ જયમતીએ મોં ન જ ખોલ્યું. એ અમાનુષી અત્યાચારો સામે ઝીંક ઝીલતી રહી, પણ એક કપાયેલા વૃક્ષની જેમ લાંબો સમય ઝંઝાવાતનો સામનો ન કરી શકી. સતત ૧૪ દિવસ સુધી શારીરિક યાતનાઓ વેઠ્યા પછી પંદરમા દિવસે એની સહનશક્તિએ હથિયાર હેઠાં મૂક્યાં. જારેન્ગા પાથેરમાં ૨૭ માર્ચ ૧૬૮૦ના રાણી જયમતીએ અંતિમ શ્વાસ લીધા.

આ પ્રકારે રાણી જયમતી ગોડાપાની અને એના રાજ્યના રક્ષણ માટે છેવટ સુધી ઝઝૂમી. પોતાના પ્રાણનું બલિદાન દઈને એણે માતૃભૂમિની રક્ષા કરી. એ રાતોરાત બહાદુરીની મિસાલ બની ગઈ. જયમતીના આ સમર્પણને પગલે એ સતી તરીકે પ્રખ્યાત થઈ ગઈ.

સતી જયમતીનું આત્મસમર્પણ એળે ન ગયું. એના મૃત્યુના એક જ વર્ષ પછી ગોડાપાની ૧૬૮૧માં સિંહાસને આરુઢ થયો. રાજા ગોડાધર સિંઘ તરીકે જાણીતો થયો. મોગલ સમ્રાટ ઔરંગઝેબના તાબામાંથી આસામનો નીચલો વિસ્તાર અને ગુવાહાટીનો પ્રદેશ પાછો મેળવવામાં એ સફળ થયો. રાણી જયમતીનું સ્વપ્ન સાકાર થયું. ગોડાપાની સફળ શાસક થયો અને પોતાનું સામ્રાજ્ય પણ એણે ઊભું કર્યું. પણ એના મૂળમાં રાણી જયમતીનું નિઃસ્વાર્થ સમર્પણ જ હતું.

રાણી જયમતીના જીવન પર આધારિત અસમિયા ફિલ્મ 'જોયમોતી' ૧૯૩૫માં બનેલી. અભિનેત્રી ઐદુ હેન્ડીકે ભૂમિકામાં પ્રાણ રેડીને હૂબહૂ કિરદાર ભજવેલો. ફરક માત્ર એટલો હતો કે ફિલ્મમાં નાયિકાએ મરવાનો અભિનય કરેલો, જ્યારે રાણી જયમતીએ માતૃભૂમિનું રક્ષણ કરવા સાચેસાચ મૃત્યુને વહાલું કર્યું હતું!

મો.૯૮૯૮૦૭૦૨૦૫

## ૦૯ લોકભારતીના તપસ્વીઓ : નિષ્કામ કર્મના ઉપાસક - શ્રી કુમુદભાઈ ઠાકર

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

ગની ભલેને આજીવન યાત્રા પૂરી થઈ,
વિરામમાંથી નવી વારતા મળી આવે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના સંનિષ્ઠ અધ્યાપક તરીકેની યાત્રાનો પ્રારંભ કરીને ૪૬ વર્ષ સુધી અનેક જવાબદારીઓ નિષ્કામભાવે વહન કરનાર કુમુદભાઈ ઠાકર વિશે જાન્યુઆરી-૨૦૨૧માં 'જીવન અને વિદ્યાના સમન્વયાચાર્ય' શીર્ષક તળે એક ગ્રંથ પ્રકાશિત થયેલ. જેની પ્રસ્તાવનામાં ચિંતક, લેખક રમેશભાઈ સંઘવી લખે છેઃ 'કુમુદભાઈ હતા જીવનના ઉપાસક, આનંદના ઉપાસક. નિત્ય રહેવું આનંદમાં તે તેમની પાસેથી શીખવા, સમજવા અને જાણવા જેવું હતું.' કુમુદભાઈનો જન્મ : ૧૩ ડિસેમ્બર ૧૯૩૨, વિદાય : ૨૪/૦૯/૨૦૨૦. રાંધનપુર સ્ટેટમાં કુશળ, લોકપ્રિય વહીવટદાર, મામલતદાર પિતાજી દયાશંકર અને પીઢ, શાંત, પ્રેમાળ માતાજી નર્મદાબહેનનાં સંસ્કાર વારસો તેમને સાંપડયો.

લોકભારતીમાં ૨૩ વર્ષની યુવાન વયે જોડાયા પછી, ૨ વર્ષનો કૃષિ ડિપ્લોમા પ્રદાન કરતો વિભાગ રુરલ ઈન્સ્ટિટયૂટ- લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય, મુખ્ય ગૃહપતિ, સૌરાષ્ટ્ર યુનિ.ના સેનેટ મેમ્બર, રુરુલ સ્ટડિઝ ફેકલ્ટીના ડીન, ત્રિવેણી તીર્થ ટ્રસ્ટ કળસાર, ગ્રામસેવા મંડળ ફતેહપુર જેવા અનેક ટ્રસ્ટોના ટ્રસ્ટી અને સંસ્થાના નિયામક તરીકેની અનેક કામગીરીઓ તેમણે વહન કરી. વૈધિક નિવૃત્તિ પછી ગ્રામવિદ્યા અનુસ્નાતક કેન્દ્ર એમ.આર.એસ.ના સંયોજક, જળસંસાધન વિકાસ યોજનાના સલાહકાર જેવા અનેક પદો તેમની બાહરી ઓળખ હતી. પ્રસિદ્ધ સંસ્થાઓ મુખ્ય વહીવટી જવાબદારી માટે સંનિષ્ઠ, કુશળ અને બળવાન વ્યકિતઓની શોધમાં રહેતી હોય છે. મનુભાઈ પંચોળી જેવા વડીલોના આગ્રહ-દબાણને તેમણે દરેક પદને ફરજના ભાગરૂપે સ્વીકાર્યા. અને તેની સાથે પૂરી તલ્લીનતા, કીર્તિ માટે તેમની અનાસક્તિના પ્રતીકરૂપે તેઓ વકતા કે વ્યાસપીઠથી દૂર ભાગતા રહયા. ઉપર શકિતશાળી વડીલો હોય, નાનાભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ, બુચભાઈ અને સાથે તેમજ નીચે પણ શકિતશાળી વ્યકિતઓ હોય ત્યારે વહીવટકારની કાયમ કસોટી થયા કરતી હોય છે. છતાં તેમણે પોતાની આગવી ઓળખ જાળવી રાખી તેમના અદ્‌ભૂત સત્ત્વશીલતા, ઉદારતા, સ્વસ્થતા, અનાસકિત, સજાગતા, વત્સલતા, નિર્લેપતા, મિતભાષીતા અને ધીરજ જેવા સાત્ત્વિક ગુણોને કારણે.

તેમણે તમામ પદોને કયારેય પોતાના ઉપર ચડી જવા દીધા નથી કે નથી કર્યો સ્વ માટે તેનો ઉપયોગ. તેમના વહીવટમાં વહી વધારે અને વટ ઓછો. તેમનું મનુષ્યત્વ, શિક્ષકત્વ વહીવટી કામોમાં કરમાયા નથી. મનુભાઈ તેમની જીવનકથા 'સદ્‌ભિઃસંગ'માં તેમનું મૂલ્યાંકન કરે છેઃ 'કુમુદભાઈ ઓછું બોલે પણ કામ જરાય ઓછું નહીં. ગમે ત્યાં મૂકો બુચભાઈની જેમ કશીયે આનાકાની વિના કરે, તે પણ ચિવટાઈથી. ગમતું કે અણગમતું ગમે તે કામ હોય આને હું આધ્યાત્મિક સંપત્તિ ગણું છું. નાની ઉંમરે આટલી સમતા કોઈક ભાગ્યશાળીમાં જ હોય. તેમની એ વિશેષતા કે કડવા, આકરા નિર્ણયો ટાળવાનો પ્રયત્ન કર્યા પછી કરવા પડે તો કરે. ધીરજથી સામા માણસને સમજાવે પણ પોતાના નિર્ણયમાં હાલક ડોલક ન થાય. તેમનું હીર અમે પારખ્યું અને પુસા ઈન્સ્ટિટયૂટ દિલ્હીમાં અનુસ્નાતક અભ્યાસ માટે આગળ મોકલ્યા પણ જે વિષયમાં પારંગત થયા તેના કરતા જુદું જ નિયામકનું કામ કરવાનું આવ્યું - હિસાબ, સરવૈયા, બજેટ, પરિપત્રો, સ્વભાવ, કમિટીઓ, સિમાડાના સવાલના વિવાદોમાં તેમને દટાઈ જવું પડયું. ગંજાવર બોજ

વચ્ચે પણ તેમની માનવતા કાયમ રહી. તેમના ફાઈલો, કાગળોથી ઊભરતા ટેબલની નીચે મૂકાયેલા કૃષ્ણમૂર્તિ કે રમણ મહર્ષિના પુસ્તકોને કારણે. હું ધારાસભામાં ગયો ત્યારથી તેમણે નિયામકનું કામ સંભાળ્યું (૧૯૬૭). તે આજ સુધી તેમાં જ ડૂબતા -તરતાં, તરતાં -ડૂબતાં રહયાં તેવા જ સુલભ મંદ હાસ્ય સાથે.' કુમુદભાઈએ નિયામકપદનો સ્વીકાર કર્યો, તેમના હાઈસ્કૂલના શિક્ષણ દરમિયાન, સેવાદળ છાત્રાલયના ગૃહપતિ મોતીભાઈ ચૌધરી (તત્પશ્ચાત જેઓ ગુજરાત રાજયના મંત્રી, સાગર ડેરીના ચેરમેન થયેલા) લોકભારતીમાં જોડાવા માટેના પ્રેરણા પુરુષ બબલભાઈ મહેતા અને સહધર્મચારિણી નિર્મળાબહેનના વિધાયક અભિપ્રાયને કારણે.

કુમુદભાઈ આણંદ એગ્રિકલ્ચર કૉલેજના કૃષિ સ્નાતક બી.એસ.સી. એગ્રી ઓનર્સ. ઈન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ન્યૂદિલ્હીના અનુસ્નાતક પ્રથમ વર્ગ. એગ્રોનોમી-ક્ષેત્રવિદ્યા તેમનો મુખ્ય વિષય. વિદ્યાર્થીઓને કૃષિના એકંદરે નિરસ જેવા ટેકનિકલ વિષયો બને તેટલા રસિક અને અનુભવગમ્ય બનાવીને પ્રોજેકટ પદ્ધતિએ ભણાવ્યા. કૃષિવિદ્યામાં જીવંત રસ અને ગતિ એટલે ગ્રામવિકાસમાં પણ તેમને અખૂટ રસ-રુચિ. ગૂઢવિદ્યાના તેઓ અભ્યાસી— જાણકાર. કૃષિની સાથે સાહિત્ય, ચિંતન, અધ્યાત્મ, શિક્ષણ વિષયમાં નિરંતર વાંચન ચાલે. ઓશો, વિમલા ઠકાર, દાદાધર્માધિકારી તેમના વાચનક્ષેત્રમાં આવે. પ્રેરક વાંચન, અનુભવ અને સૂક્ષ્મ અવલોકનશકિતને કારણે તેમને સૌના વાણી, વ્યવહાર અને વર્તન પાછળની મૂળભૂત આંતરિકતા વિશેની સમજ આપ્યા કરી. જેણે વહીવટના બોજને સહ્ય બનાવવામાં સહાય કર્યા કરી.

વિદ્યાર્થીઓ સાથે પણ તેમને જામે. તેમના ઘડતરમાં રસ લે. તેમની ફરિયાદ સામે કયારેય પ્રતિક્રિયા ન હોય. પ્રતિક્રિયા તેમના સ્વભાવમાં જ નહીં. લોકભારતીનો સમગ્ર કાર્યક્રમ એ નાગરિક ઘડતર અને જીવન ઘડતરનો નિવડેલો પ્રયોગ. વિદ્યાર્થીઓ દેશના જવાબદાર નાગરિક બને તે સૌ અધ્યાપકોની વૃત્તિ-દૃષ્ટિ. કુમુદભાઈએ તે જીવી બતાવ્યું.

કુમુદભાઈના વિરલ વ્યકિતત્વની કેટલીક વિશેષતા .

**૧. અક્રોધ :**

કેટલાક કાર્યકર્તા તેમની સાથે ગરમ થઈને વાણી-વ્યવહાર કરે પણ તેઓ કયારેય વિચલિત ન થાય. તેઓ માનતા કે નાનું બાળક ગમે તેમ બોલે, વર્તે તેના ઉપર આપણે ગુસ્સે થતા નથી તેમ આપણે પણ એમ જ સમજવાનું.

**૨. વચલી કડીનું કામ :**

એક બાજુ મનુભાઈ અને બીજી બાજુ સમગ્ર સંસ્થા. કુમુદભાઈ બંને વચ્ચે કડી સમાન હતા. તેમણે આ કામ દીર્ઘકાળ પર્યંત સુપુરે સિદ્ધ કર્યું. મનુભાઈની આજ્ઞા અને કુમુદભાઈનો અમલ. લોકભારતી પરિવારને સાચવી લેવાનું કુશળ કામ તેઓ જ કરી શકે.

**૩. અનાસકિત :**

લોકભારતીના નિયામકને અસંખ્ય આમંત્રણ મળે, મુખ્ય મહેમાન, અતિથિવિશેષ, ઉદ્‌ઘાટક તરીકે. કુમુદભાઈ કોઈને ફાવવા ન દે. સંસ્થામાં ધુણી ધખાવીને બેઠા રહે. સરકારી કામકાજ માટે મનુભાઈ, દલસુખભાઈએ જવાનું. એગ્રોનોમી વિષયના તજજ્ઞ તરીકે કૃષિ મહાવિદ્યાલય કે ખેડૂત સંમેલનના આયોજકો દ્વારા નિમંત્રણ માટે ભાગ્યે જ સંમતિ આપે. લોકભારતીના સારસ્વતભવનમાં સતત કાર્યક્રમો યોજાય. તેઓ ભાગ્યે જ સ્ટેજ ઉપર બેઠા હશે. સંસ્થાના વાર્ષિકોત્સવ કે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે મુખ્ય મહેમાન સાથે આગલી હરોળમાં બેસવાનું નહીં. લાઈટ ચાલી જાય તો તુરંત જનરેટર સંભાળનાર કાર્યકર પાસે પહોંચી જાય. સંસ્થાગત કામે બહાર જવાનું થાય તો ગામના બસ સ્ટેન્ડ સુધી કોઈની પાછળ સાયકલ પર બેસીને જવાનું. સંસ્થાના વાહન કે સુવિધાનો અંગત કામે કયારેય ઉપયોગ નહીં. ઘરના દરેક સભ્યો અને વપરાશ માટે તમામ કાપડ ખાદીના જ અને તે પણ સંસ્થામાં આવેલ ખાદી ભંડારમાંથી ખરીદવાના. દરજી અને હજામ પણ સંસ્થાના જ. પોતાના સાતેય બાળકોને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-લોકભારતીમાં ભણાવ્યા.

**૪. સમયના સારથી :**

કુમુદભાઈનો સૂર્યોદય થતા વાર લાગે પણ સૂર્યાસ્તની કોઈ અવધિ નહીં. સતત પ્રવૃત્તિશીલ-વ્યસ્ત. વર્ગો લેવાના,

કાર્યકરોની સમસ્યાઓનું નિરાકરણ, દરેક વિભાગીય બેઠકમાં હાજરી, મુલાકાતી મહેમાનો સાથે વિચાર-વિમર્શ, દૈનિક સાયં પ્રાર્થનામાં અચૂક ઉપસ્થિતિ, રાત્રે ૧૦ છાત્રાલયોની વારાફરતી ઓચિંતી મુલાકાત અને મનુભાઈને સમયસર અહેવાલ. તેઓ સમયની આગળ નીકળી જતા, પરમાત્માની જેમ સંસ્થાને એકાત્મભાવે શરણાગતિને લીધે.

**૫. લેખન :**

તેમણે પ્રમાણમાં બહુ ઓછું લખ્યું છે પણ જે લખ્યું છે તે તેમની તીવ્ર બુદ્ધિ, પરિપકવ સમજ અને સરળ લખાણના પરિચાયક છે. ગ્રામવિદ્યાપીઠોનો વિદ્યા વિસ્તરણ કાર્યક્રમ, છાત્રાલય જીવન, ગ્રામવિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો જેવા લેખો માત્ર માહિતી કે જ્ઞાન આધારિત નથી પણ તેમની ઊંડી દૃષ્ટિ, વિચારશીલતા, આત્મખોજ અને પ્રયોગો પર આધારિત છે.

**૬. જીવનવિદ્યાના તજજ્ઞ :**

માનવજીવનના પ્રયોજન, આચરણ, માનવીય વ્યવસ્થા વિશે શ્રદ્ધેય બાબા નાગરાજજીએ જીવનવિદ્યા અસ્તિત્વ દર્શન વિશે પ્રગાઢ ચિંતન કરેલું છે. ૧૪ જેટલા પુસ્તકો લખીને તેનું સૈદ્ધાંતિક, પ્રત્યક્ષ સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. કુમુદભાઈએ નિવૃત્તિ પછી આ મધ્યસ્થ દર્શનનો ગહન અભ્યાસ કર્યો. આજીવન તેમાં ઓતપ્રોત રહયા. તેમના સૂચનથી ગૂજરાત વિદ્યાપીઠમાં બી.એડ્. કૉલેજના અભ્યાસક્રમમાં જીવનવિદ્યાને સ્થાન મળ્યું. અનેક શિબિરોના આયોજન માટે તેઓ નિમિત્ત બન્યા.

તેમની જીવનયાત્રામાં તેમના પત્ની નિમુબહેનના વાત્સલ્યનો અદ્‌ભૂત ફાળો રહયો છે. કપાળમાં પૂનમના ચંદ્ર જેવો ચાંદલો, બેઠી દડીનું શરીર, સ્નેહ નિતરતો ચહેરો એટલે નિમુબહેન. કોઈ તેમને માડી કહે, કોઈ મા કહે, કોઈ કાકી કહે, મમતાની જ મૂર્તિ અને વિદ્યાર્થીઓના પક્ષપાતી. ભલા, ભોળા, બોલકાં, સરળ, સહજ, હસમુખા અને ઉદાર, કોઈ ઘરે જાય તો તે દરેકનું ચા-નાસ્તાથી સ્વાગત. કુમુદભાઈની સુપુત્રી અમીના શબ્દોમાં નિમુના ગયે ઘણાં વર્ષ થયા પરંતુ અમે હજી એને હાજરા હજુર જ માનીએ છીએ. સતત એનું નિમુપણું આશીર્વાદ વરસાવતું જ રહે છે. એમણે બધાને ખૂબ જ લાગણીથી સાચવ્યા, ખવડાવ્યા, કહેવતોનો એ ખજાનો. રસોઈકળાની એ માસ્ટર હતી. એવી રસોઈ તો ક્યાંય ન મળે.

**૭. અનુસ્નાતક કેન્દ્રને સમર્પિત :**

તેઓ એમ.આર.એસ. વિભાગને ખૂબ સમય આપતા. અભ્યાસ શરૂ થયા પહેલાં, દરમિયાન અને સાંજે સમય પૂરો થાય તે પછી પણ કલાકો સુધી કામ કરતાં. વિષય શિક્ષણ અને સહઅભ્યાસક કાર્યક્રમો કેવી રીતે વધારે અર્થપૂર્ણ અને ફળદાયી બની શકે તેની ચિંતા અને ચિંતન કરતા. વિભાગનું સંમેલન પ્રાણદાયી બની રહેતું. તેમની માત્ર હાજરીને કારણે નહીં પણ સંમેલનમાં થયેલી રજૂઆતો પર તેમની ટિપ્પણી ભજનના શબ્દોથી માંડીને તેના ઉચ્ચારો, રાગ, રચયિતા પર તેમના વિચારો રજૂ કરતા. સમાચારના વિવિધ સંદર્ભો, પ્રવાહો અને અનુબંધોથી વિદ્યાર્થીઓને દૂર સુધી લઈ જતા. સમગ્ર પ્રક્રિયામાં તેમની એકાગ્રતા અનેક વિષયો ઉપરની તેમની હથરોટી અને સરળ રજૂઆત સૌને પ્રભાવિત કરતા.

**સમાપન :**

કુમુદભાઈએ નિવૃત્તિ પછી ૨૦૧૫માં વાવોલ (ગાંધીનગર)ના જિજ્ઞાસુ વાચકો માટે નિઃશુલ્ક વાચનાલય - પુસ્તકાલયનો શુભારંભ કરેલો. ૮૫ વર્ષે પણ સક્રિય. નવું જાણવા, શીખવાનો તેમનો ઉત્સાહ જોરદાર. મોબાઈલમાં વોટ્સએપ, ફેસબુક, ગૂગલ અને અન્ય એપ્લીકેશન પોતે શીખ્યા. તેમને ઘરે મળવા આવનાર વ્યકિતને નાનો હોય કે માટો બધાને નાસ્તો આપે. ઘરની બહાર સુધી અચૂક વળાવવા જાય. કોઈપણ કામમાં જે ઉપયોગી થયા હોય તેમનો આભાર માને. કર્મયોગ, જ્ઞાનયોગ અને ભકિતયોગ તેમના જીવનમાં રચાયા. સાદગી, વિશ્વાસ અને માનવતા તેમના જીવનનો મુદ્રા લેખ બન્યો છે. સાત્ત્વિક પ્રકૃતિ ધરાવનાર, આસાનીથી પ્રશ્નો ઉકેલનાર, નિયમોના પાલન કરતા, દિવ્યજીવનના યાત્રી, નિરપેક્ષ સંબંધના પારસમણિ કુમુદભાઈને શત શત વંદન.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## ૧૦ કથા આશા વિકાસની : અભિનય શિબિર

**બિંદુ-પાર્થેશ**

---

આશા, હું તારાં ગામમાં ૧૫ દિવસ માટે આવીશ.

આ શબ્દો હતા ડૉ. સ્વરૂપ સંપતના.

સાંભળીને આશા હક્કી બક્કી રહી ગઈ!

સ્વરૂપબહેન! પંદર દિવસ જેટલો સમય તમારાથી નીકળી શકશે? એક કામ કરો તમે અને વિકાસ સાથે બેસી નક્કી કરી લો કે નાટ્યશિબિર માટે શું કરવું છે? કેટલા દિવસ માટે કરવી છે? આ ચર્ચા થઈ ગુજરાતના પાટનગરમાં. 'લાઈફ સ્કીલ થ્રુ ડ્રામા પ્રોજેક્ટ'ની પહેલી તાલીમ હતી. આખા ગુજરાતમાંથી પસંદ થયેલાં ૫૦ સરકારી પ્રાથમિક શિક્ષકો સ્વરૂપબહેનને સોંપવામાં આવેલ તેમાં એક આશા પણ હતી. આશા તાલીમ લેવા પહોંચી કે તરત સ્વરૂપબહેને નાટ્યશિબિર માટે ૧૫ દિવસની વાત કરી, આશાને સુખદ આંચકો આપ્યો. સ્વરૂપબહેન અને વિકાસ બેઠા. ચર્ચાના અંતે ૧૦ દિવસની 'અભિનય શિબિર' કરવાનું નક્કી થયું.

વીઆઈપી. લોકો ફરી આવવાનું કહે પણ આવે નહીં, આશાની એ માન્યતા કડડડડ ભૂસ કરતી તૂટી ગઈ. આશાને તેનો આનંદ હતો. દિવાળી વેકેશન પડ્યું. બાળકો શ્રમ કરી પૈસા એકત્ર કરી રહ્યાં હતાં. અભિનય શિબિરની ફી ભરવા માટે. ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી પણ વિદ્યાર્થીઓ અભિનય શિબિરમાં જોડાવાનાં હતાં. ૩૫ બાળકોની પસંદગી થઈ. કેટલાંક શિક્ષકો પણ સ્વયંસેવક તરીકે સામેલ થવાના હતાં. નાટ્યશિબિર નિવાસી કરવાનું નક્કી થયું. બાળકોએ શિબિરનું સ્થળ નદીના કોતરમાં નક્કી કર્યું.વિકાસ આ નિર્ણયથી ખુશ ખુશ થઈ ગયો અને આશા બિચારી ફસડાઈ પડી.

૩૫ - ૪૦ જણની રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા, સંડાસ - બાથરૂમની વ્યવસ્થા...... કેમ કરીને થશે? વિકાસ પાસે બધાં પ્રશ્નોના ઉકેલ હતા. તેણે ગામની બાજુમાં આવેલ વિદ્યાપીઠની મદદ માંગી. વિદ્યાપીઠના વિભાગીય વડા ખૂબ ઉત્સાહી. તેણે સ્થળ માટે હા પાડી.આશા અને તેના બાળકો રોજે વિદ્યાપીઠ જાય. ત્યાં કોતરમાં કામચલાઉ રહેઠાણ, ટોઈલેટ બાથરૂમ વગેરે ઊભા કર્યા. જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા સ્કાઉટ અને ગાઇડની અપાયેલ તાલીમ આશાને બરાબર કામમાં લાગી. વાંસ, નેટ, કંતાન, કાથી, સૂતળી જેવી સામગ્રીમાંથી બે રૂમ અને પૂરતા ટોઇલેટ બાથરૂમ ઊભા કરાયા.

લાભ પાંચમ આવી. એ દિવસ ઐતિહાસિક હતો. મિસ ઈન્ડિયા દસ દિવસ ગામડામાં રહેવા આવ્યા હતાં. ગુજરાતના શહેરી અને ગ્રામીણ બાળકો દસ દિવસ સાથે રહેવાનાં હતાં. સાંજ સુધીમાં બધાં બાળકો આવી ગયાં. રાતની બેઠકમાં વિકાસે બાળકો પાસે દિનચર્યા નક્કી કરાવી. સવારે છ વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધીની દિનચર્યા નક્કી થઈ. લીલી નેટના બનેલા એક રૂમમાં છોકરાઓ અને એક રૂમમાં છોકરીઓ સુતી.આશા રૂમના છેડે સુતી. તેની અને બાજુના રૂમમાં સૂતેલા છોકરા વચ્ચે માત્ર નેટ હતી! આખી રાત આશાએ તેનાં પાટા ખાધા. વિકાસ છોકરાઓના રૂમમાં સૂતો હતો. તેની હાલત પણ કંઈક એવી જ હતી. સવારે સાડા પાંચ વાગે ઉઠી, આશા અને વિકાસ પ્રાતઃ કાર્ય પતાવી તૈયાર થઈ ગયાં. છ વાગે ઉઠવાનો બેલ વગાડ્યો. કેટલાક બાળકોને વિકાસે ભજન ગાતા ગાતા ઉઠાડયાં. બીજા જાતે ઊઠી ગયાં, ટબુકડી હેતલ ન હલ્લે કે ન ચલ્લે. ખૂબ પ્રયત્નો કર્યા, પછી અચાનક ખડખડાટ હસી પડી. એટલું હસી, એટલું હસી કે બધાં જ હસી હસી બેવડ વળી ગયા.

બાકીના બધાં દિવસ આવી જ સવાર ઊગવાની હતી.

સાડા છ સુધીમાં શિબિરાર્થીઓ પ્રાતઃ કાર્ય કરી તૈયાર થઈ ગયા. વિદ્યાપીઠના માઇક્રોબાયોલોજીમાં ભણતો દેવાંગ નામનો યુવાન બાળકોને કસરત કરાવવા આવી ગયો. તેણે બધા દિવસ આ કામગીરી કરવાની જવાબદારી લીધી હતી. સાત વાગે ગૃહકામનો બેલ પડ્યો. ગઈ રાતે જ ગૃહકામ અને તેની ટુકડી નક્કી કરી હતી. કોઈ ફળિયું વાળતી હતી તો કોઈ સેનીટેશન યુનિટની સફાઈ કરતી હતી. કોઈ પીવાનું પાણી ભરતી હતી તો કોઈ રૂમ સફાઈ કરતી હતી. એક ટુકડી પીરસવા માટે ભોજનાલયમાં પહોંચી ગઈ હતી. આઠ વાગ્યા સુધી અથાગ મહેનત કરી દરેક બાળકે પોતાની ટુકડીનું ગૃહાકામ જોરદાર કર્યું હતું.

નાસ્તા માટે બેલ વાગ્યો. નાસ્તો કર્યા. પોતાના થાળી વાટકા જાતે સાફ કરવાના હતા. બરાબર સાફ થાય છે કે નહીં તે તપાસવાની જવાબદારી મિસ ઈન્ડિયાએ લીધેલી. નાનાં મોટાં સૌ તેમની થાળી સ્વરૂપબહેનને બતાવે. તેઓ મજાનાં સ્મિત સાથે બોલે 'પાસ'. થાળી બતાવનાર આ શબ્દ સાંભળી ખુશ ખુશ થઈ જાય.

નવ વાગે સ્વરૂપબહેનની દુનિયામાં બાળકો પહોંચી જાય. કારણકે નવથી બાર વાગ્યા સુધી તેઓ સેશન લેવાના હોય. આશા વિસ્મય સાથે જોઈ રહેતી કે બહેન દરેક બાળકને કેટલું પ્રોત્સાહન આપે છે! કેટલા ઉત્સાહથી બધું કરાવે છે. ઘડીક રમવાનું, ઘડીક ચર્ચા કરવાની, ઘડીક સ્ટેચ્યુ કરવાના, કોઈ કલા કરવાની, કોઈ પ્રવૃત્તિ કરવાની. ક્યારે બાર વાગી જાય ખબર જ ન પડે! બાર વાગ્યાથી અઢી વાગ્યા સુધી જમવા - ન્હાવાનો સમય હતો. અઢી વાગ્યાથી ફરી અભિનયની દુનિયામાં. સ્વરૂપબહેને સ્પષ્ટ કહ્યું હતું કે આપણે બાળકોને અભિનય નથી શીખવવો, આપણે બાળકોને જીવન કૌશલ્ય શીખવવા છે. પહેલી શિબિરમાં તેમણે પર્યાવરણના પ્રશ્નો એ વિષય પસંદ કરેલો. બાળકોને તે દિશામાં વિચારવા, વાત કરવા, ભજવવાની પ્રવૃત્તિઓ ચાલતી. શીખનાર કોઈને પણ ખબર ન હતી કે છેલ્લા દિવસે ભજવવામાં આવનાર નાટકની 'સ્ક્રિપ્ટ' આકાર લેવા માંડી હતી.

ચાર વાગે હળવો નાસ્તો લઈ પાછા અભિનયની દુનિયામાં. સાંજે સાડા પાંચ વાગે વિકાસ બાળકોને રમત રમડતો. આખાં મેદાનમાં દોડાદોડી, ચિલ્લમચિલ્લી મચી જતી.સાત વાગે રાત્રિ ભોજન લઈ આઠ વાગે પ્રાર્થના માટે ભેગા થતાં. વિદ્યાપીઠના ઉત્સાહી કાર્યકરો અને વિદ્યાર્થીઓ પણ જોડાતાં. પ્રાર્થના, ભજન, ધૂન, શાંતિ મંત્ર, બાળગીત પછી હાજરી પૂરવામાં આવતી. તેમાં રોજ જુદા જુદા નામ બોલતા. એક દિવસ પ્રાણીના નામ તો બીજા દિવસે મિત્રોનાં નામ. ભાવતી વાનગીનાં નામ. ગમતી ફિલ્મનાં નામ વગેરે. હાજરી હાસ્યનું/ જ્ઞાનનું સત્ર બની જતું. હવે આવતી ગૃહકામની ચર્ચા. જે ટુકડીનું નામ બોલાય તેના સભ્યો ઊભાં થતાં. બેઠેલા તે ટુકડીએ કરેલાં કામની ખૂબી - ખામીની ચર્ચા કરતાં. એ પછી ટુકડીના સભ્યો પોતાને કંઈ કહેવું હોય - સ્પષ્ટતા કરવી હોય તો કરતાં. જો ટુકડીની કામગીરી સારી હોય તો તેને તેર તાળીનું માન આપવામાં આવતું. જેમ જેમ દિવસો જતાં ગયાં તેમ તેમ તેર તાળી મેળવવાના ટુકડીઓની સંખ્યા વધવા લાગી. દિવસો જતાં ગયાં તેમ તેમ તેર તાળીનો ગુણાંક વધવા લાગ્યો. તેર ના બદલે છવ્વીસ, છવ્વીસના બદલે ઓગણચાળીસ.... સુધી પહોંચી ગયાં. આ આખું સત્ર વિકાસ સંભાળાતો.

અભિનયના સત્ર દ્વારા સ્વરૂપબેન જીવન કૌશલ્ય શીખવી રહ્યાં હતાં. બાકીની દિનચર્યા દ્વારા વિકાસ અને આશા સમૂહજીવન, સહજીવન અને જીવનના પાઠ શીખવી રહ્યાં હતાં. કેવો તાલમેલ ! બંને પોત પોતાના ક્ષેત્રના મહારથી! નવ વાગે બાળકો સુવા જાય અને મોટેરાઓ આયોજન માટે બેસતાં.

(વધુ આવતા અંકે)

મો. ૯૮૨૫૪૧૨૮૪૧

## ૧૧ જાણકાર બનીએ, સતર્ક રહીએ

**ડૉ. નાનક ભટ્ટ**

જેમ જેમ કોમ્પ્યુટર પ્રકારના ડિજીટલ ઉપકરણોનો વપરાશ વધતો જાય છે તેમ-તેમ તેને લગતા અપરાધોની સંખ્યા પણ વધી રહી છે. જો કે ખુન, લુંટ, ચોરી પ્રકારના ગુનાઓ કરતા સાઈબર ક્રાઇમની કાર્યશૈલી સાવ જુદા પ્રકારની છે. આથી જ તો વર્ષ ૨૦૨૪માં એકલા ભારતમાં ૨૩ લાખથી વધુ ઓનલાઈન ફ્રોડ નોંધાયા છે. ૮૫% થી વધુ આથિક કારણો સાથે સામેલ ગુનાઓ વરચ્યુઅલ સિસ્ટમથી કરવામાં આવે છે. પોલીસ વિભાગ પણ મહદ અંશે સહાનુભૂતિ અને ગુમાવેલ રકમ પરત આવશે તેવો સધિયારો જ આપી શકે છે.

કોઈ અજ્ઞાત નામ અને સ્થળથી એક નાના સીમકાર્ડ અને મોબાઈલ પ્રકારના સાધનથી ભલાભોળા માણસની નબળાઈ ને હેક કરીને તેના બેંક એકાઉન્ટમાંથી પૈસાની ઉઠાતરી કરનાર દેખીતા ચાલક પણ માણસાઈથી પરવારી ગએલા યુવકોની આજે ભરમાર વિકસી છે, ત્યારે ઇન્ટરનેટ વાપરતા પ્રત્યેક વ્યકિતએ જ હવે આર્થિક સાક્ષરતા અપનાવવી જરૂરી બને છે.

૫૯ના દાયકામાં અમેરીકામાં જાણીતી બનેલ માફીયા વોર દરમિયાન શસ્ત્રોના જોરે ગુંડાઓ ઉદ્યોગ ધંધાના માલિકોના કાયદેસરના નાણા અસામાજી કાર્યો માટે ઉઠાવતા, આવા જ હેતુ માટેની પ્રવૃત્તિઓ આજે સાઈબર ક્રાઇમ તરીકે વિકસી છે. પ્રથમ નાગરિકોને ઇમેઇલ કે ટેક્ષ મેસેજથી મોટા ઈનામોની લાલચ આપી જાણીતી કંપનીઓના સ્કેન કરેલા લોગો વાપરી લાલચમાં ફસાવી દેવામાં આવે છે. યુવા વયને સાયબર પોનોગ્રાફીથી ફસાવવામાં આવે છે. આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ કે પછી ચૂંટણીકાર્ડ જેવી માણસની અંગત માહિતીઓ બેંક, પોસ્ટ અને સરકારી વિભાગોના લાલચુ કર્મચારીઓ થોડા લાભ માટે વહેંચી નાખે છે. તેથી સાયબર ગુનેગારો તમારા નામ-ગામ-ઉંમર, જાતિ અને કુટુંબીજનોની ઓળખ જેવા આત્મિક સંબંધો આગળ ધરી વ્યકિતગત હિતનો રંગ પાથરવામાં સફળ રહે છે. અનેક કિસ્સાઓમાં મોબાઇલ પર લાંબી-લાંબી વાતો, અને ઓનલાઇન ચેટીંગ કરનારના કેસમાં આસાનીથી હેકર્સ દ્વારા પ્રોગ્રામ ઇન્સ્ટોલ કરી નાખવામાં આવે છે. આથી વાયરસ પછીથી કોમ્પ્યૂટરના બેકગ્રાઉન્ડમાં કાર્યરત રહે છે. ઓફીસ ટેબલ પર પડી રહેલ લેપટોપ, ફોન ઉપયોગથી સાયબર ટેરેરીઝમ અને વેબસાઇટ હેક થવાની ફરીયાદો વધી રહી છે.

વર્ષ ૨૦૧૧ સુધી વ્યકિતલક્ષી સાયબર ક્રાઇમ હવે સામુહિક રીતે સીસ્ટમ ઉપર વાર કરી રહ્યો છે. ઉદાહરણ રૂપે બેંકમાં ૮% વ્યાજ તરીકે રૂા. ૧૦૦.૨૬ પૈસા જમા થવાની જગ્યાએ ૨૬ પૈસા ઓછા જમા થશે. રોકાણકાર આવી ભૂલ સહજ રીતે નજર અંદાજ કરી દે છે. પણ ભારતની રાષ્ટ્રીયકૃત બેંકોમાં એક જ દિવસમાં કરોડો ધારકોના સંદર્ભમાં આ રકમ અબજોમાં જતી રહે છે.

બિહારનાં એક નાનકડાં ગામ 'જામતારા' નામથી જ કાસ્ટ કરવામાં આવેલ વેબ સિરિઝમાં પોતકી ભાષા, કામુક અને લાલચની ભાષામાં ફસાવવામાં આવતા વૃદ્ધો, નેતાઓ, યુવકો, ગૃહીણીઓના અનેક કિસ્સાઓ દર્શાવાયા છે. પરંતુ જમીની હકીકત એ રહે છે કે આધારકાર્ડની ફોટો કોપી આપનારથી લઈ જથ્થાબંધ સીમકાર્ડ વેચનાર સાથોસાથ બેંક, પોલીસ અને નેતાઓની છત્રછાયામાં યુવકો માઇલો દૂરથી સાયબર ક્રાઇમ સફળ રીતે આયોજન કરી શકે છે. વૈશ્વિક સ્તરે વિસ્તરેલા સાયબર ક્રાઇમને નાથવો

અનિવાર્ય છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાના રાજયસ્તરીય નિયમો આખા દેશમાં અમલી કરવાનું મુશ્કેલ છે. તેમ રાષ્ટ્રીય નિયમો આંતરરાષ્ટ્રીય સરહદો તોડવા ટૂંકા પડે છે.

આ વાસ્તવિકતા વચ્ચે હવે મોબાઇલ, કોમ્પ્યૂટર પ્રકારની વરચ્યુઅલ સેવા વાપરનારે જ જાતે કાળજી લેવી પડશે. જેવી કે, અલગ અલગ મેઇલ કે ઓનલાઇન શોપીંગ એકાઉન્ટ માટે અલગ અલગ પાસવર્ડનો ઉપયોગ કરવો, પાસવર્ડમાં આંકડા, એ ટુ ઝેડ અને સ્પેશીયલ કેરનો તથા અપર કેસ-લોઅર કેસનો એક સાથે ઉપયોગ કરવો, તમારી જન્મ તારીખ, જન્મસ્થળ, વાહન નંબર, મોબાઇલ નંબર જેવી સાર્વજનિક બાબતોનો પાસવર્ડ તરીકે કયારેય ઉપયોગ કરવો નહીં, કોમ્પ્યૂટરમાં હંમેશા લાયસન્સ એન્ટી-વાયરસ સોફ્ટ્વેર સાથે એન્ટી સ્પાયવેર સોફ્ટ્વેર પણ ઇન્સ્ટોલ કરવો. અને તેને નિયમિત કંપનીની ઓફીશીયલ વેબસાઇટ અથવા સોફ્ટવેરમાં આપેલી લીંક પરથી જ અપડેટ કરવો.ઓનલાઇન બેકીંગ અથવા ઓનલાઇન શોપીંગ હંમેશા તમારા વિશ્વસનીય પીસી પરથી જ કરવું. કયારેય પણ પબ્લીક પીસી/સાયબર કાફે/ અન્ય પીસીથી કરવું નહીં. સોશીયલ નેટવર્કીંગ, વેબસાઇટ પર કયારેય સાચી વિગતો કે અસલ ફોટાઓ મૂકવા નહીં, એક વાત ખાસ યાદ રાખો કે, વિશ્વની કોઈપણ બેંક કયારેય પણ પોતાના ખાતેદારોને ઇમેઇલ દ્વારા પાસવર્ડ કે એકાઉન્ટની સીકયુરીટી અપડેટ કરવા જણાવતી નથી. જેથી કયારેય પણ મેઇલમાં આવેલી અજાણી લીંક પર કલીક કરવું નહીં. વિશ્વમાં કયારેય પણ કોઈ મફત આપતું તથી માટે લકકી ડ્રો કે અઢળક ઈનામના લલચામણા મેઇલ કે ટેક્સ મેસેજનો રીપ્લાય આપવો નહી, કોઈ વિશ્વસનીય વેબસાઇટ પરથી જ ઓનલાઇન શોપીંગ કરવાનો આગ્રહ રાખવો. તમારી બેંક કઈ ગાઇડ લાઇન અપનાવી રહેલ છે તેની રૂબરૂમાં મુલાકાત લઈ વિગત મેળવો. એ.ટી.એમ.મશીન પર પીન નંબર દાખલ કરતી વખતે તમારા એક હાથનું કવર બનાવી જે હાથે પીન નંબર દાખલ કરતા હોય તેને ઢાંકી રાખો.

આજકાલ યુવાન સ્ત્રીઓને પણ સ્ટોકીંગ દ્વારા ત્રાસ આપવામાં આવે છે. આવા ઇમેઇલથી બચવા જે નંબરો પરથી કોલ્સ કે મેસેજ આવતા હોય તે નોંધી રાખો. તેવા નંબરોને બ્લોક કરી નાખો, તમારો ગુસ્સો કે તમારો કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ સ્ટોકરની હિંમત વધારશે. માટે તેના મેઇલ, ટેક્સ મેસેજ કે અન્ય સંદેશાઓનો જવાબ ન આપો, હંમેશા ભીડભાડવાળા વિસ્તારમાંથી આવવા જવાનું પસંદ કરો, શંકા પડયે તમારા વડીલો કે ભરોસાના મિત્રને જાણ કરો, સ્થિતિ વણસતી જણાય તો તુરત જ પોલીસને જાણ કરો, તમારો ફોન નંબર બદલી જૂનો નંબર ચાલુ રાખો અને તેમાં સ્ટોકર તરફથી આવતા સંદેશ સેવ રાખો જેથી પોલીસને તપાસમાં મદદરૂપ થાય.

ભારત સરકારનું ગૃહ મંત્રાલય મોબાઇલ ધારકોને સતત ચેતવી રહી છે. રીઝર્વ બેક્ર પણ અમિતાભ જેવી ખ્યાતનામ વ્યકિતને આગળ રાખી કહે છે જાણકાર બનો સતર્ક રહો. આમ છતાં ન કરે નારાયણ અને સાઇબર ક્રાઇમમાં ફસાઈ જઈએ તો ખ્યાલ રહે, જો આપને કોઈ ફીશીંગ મેઇલ આવેલ હોય અને તે સ્કેમનો ભોગ બની ગયા હો તો તેવા મેઇલ કયારેય પણ ડીલીટ ન કરશો કે કોઈને ફોરવર્ડ ન કરશો. આ ઇમેઇલ પોલીસને તપાસ માટે મદદરૂપ થશે, તમારી પાસે ફોન કોલ્સ દ્વારા ઓટીપી માંગવામાં આવે તો આપવી નહીં અને તેવા ફોન નંબરો તથા બેંક એકાઉન્ટ નંબરો નોંધી રાખવા. તમારી પોતાની સોશીયલ નેટવર્કીંગ વેબસાઇટો પરની પ્રોફાઇલમાં તમોએ આપેલી વિગતો નોંધી રાખવી જેથી બનાવટી પ્રોફાઇલ અને સાચી પ્રોફાઈલ વચ્ચે અંતર કરી શકાય. જે મેઇલ આઈ.ડી. પરથી લકકી ડ્રો કે ઈનામો અને રૂપિયા જમા કરાવવા અંગેના મેઇલ આવતા હોય તેવા મેઇલ આઇ.ડી. અને બેંક એકાઉન્ટની વિગતો નોંધી રાખવી, સોશિયલ નેટવર્કીંગ વેબસાઇટસ અંગેની ફરીયાદો માટે નજીકનાં સાયબર પોલીસ સ્ટેશનમાં સત્વરે ફરીયાદ કરવી હિતાવહ છે.

મો. ૯૮૯૮૪૬૩૪૮૯

## ૧૨ ન્યાયના બે પૂજારીઓ : મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર

**સોનલ પરીખ**

---

ગાંધીજીની હત્યા બાદ લંડન ટાઈમ્સે ગાંધીજીને 'પેઢીઓ પછી પ્રગટ થાય એવી પ્રતિભા' શબ્દોમાં વર્ણવ્યા હતા. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ રંગભેદ સામે અને ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે લડત ઉપાડી હતી. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ સરકારને કાયદા બદલવાની ફરજ પડી હતી અને ભારતમાંથી તો નીકળી જ જવું પડ્યું હતું. તે છતાં ત્યાંના અખબારમાં એમને શ્રદ્ધાંજલિ આપતો સુંદર લેખ પ્રગટ થયો એ મહાત્મા ગાંધીના વ્યક્તિત્વનો, એમની અહિંસાનો અને એમના સત્યાગ્રહનો પ્રભાવ હતો.

સત્યાગ્રહ વિષે નારાયણ દેસાઈ લખે છે, 'સત્યાગ્રહનો સાચો અર્થ બહુ ઓછા સમજે છે. સત્યાગ્રહની મૂળ વાત સામા માણસનો વિચાર ફેરવવાની છે. પોતે શુદ્ધ વિચાર કરવો, તેને અમલમાં મૂકવો, સામા માણસને એ બરાબર સમજાવી તેને ગળે ઉતારવો અને આપણા વિચારમાં કોઈ દોષ દેખાય તો તેનું સંશોધન કરવું એ જ ખરા સત્યાગ્રહનું સ્વરૂપ છે.' ગાંધીજીએ 'અહિંસા'ને 'ક્રાંતિકારી શક્તિ' અને 'સત્યાગ્રહ'ને સૌથી વધારે પ્રભાવક નૈતિક અને વ્યવહારિક પદ્ધતિ.' કહી છે. ગાંધીજીના અહિંસક સત્યાગ્રહને સમજનાર અને આચરનાર વ્યક્તિઓમાં માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરનું નામ સૌથી પહેલું આવે.

માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરનો જન્મ ૧૯૨૯માં. એના બીજા વર્ષે એટલે કે ૧૯૩૦માં ભારતમાં મહાત્મા ગાંધીએ દાંડીકૂચ કરી અને બ્રિટિશ સરકારના અન્યાયી મીઠાના કાયદાનો ભંગ કર્યો. સત્યાગ્રહ દેશવ્યાપી બન્યો. લગભગ ૬૦,૦૦૦ લોકો જેલમાં ગયા. બ્રિટિશ સરકારે ગાંધીજી અને તેમના બે દીકરાને પણ જુદી જુદી જેલોમાં પૂર્યા હતા. કસ્તૂરબા આશ્રમ સંભાળતાં, સાથે પતિ-પુત્રોને મળવા જેલોના ધક્કા ખાતાં. આખી દુનિયાનું ધ્યાન ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ પર ખેંચાયું હતું. યુરોપ-અમેરિકાથી પત્રકારો ભારત જતાં અને ગાંધીજીને મળતા. ગાંધીજી પોતાની સાદાઈ, સ્પષ્ટતા, મક્કમતા અને સિદ્ધાંતપ્રેમ વડે વિશ્વસ્તરના ક્રાન્તિપુરુષ બનતા જતા હતા.

૧૯૪૮માં ગાંધીજીની હત્યા સમયે માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરની ઉંમર ઓગણત્રીસ વર્ષની. ત્યારના અમેરિકામાંથી ગુલામી નાબૂદ થઈ હતી, પણ સેગ્રીગેશન એટલેકે ભેદભાવ પુષ્કળ હતો. શ્યામ પ્રજાના રહેણાકના વિસ્તારો, શાળા- કૉલેજો, ચર્ચો, બાંકડા, હોટેલો, થીયેટરો બધું જ અલગ. ઠેકઠેકાણે 'ફોર બ્લેક્સ' એવા પાટિયાં ઝૂલે. ગાંધીજીની હત્યા થઈ એ જ વર્ષે માર્ટિન લ્યૂથર કિંગ જુનિયર એક પ્રતિષ્ઠિત નીગ્રો ઇન્સ્ટીટ્યુશનમાંથી સ્નાતક થયા.

૧૯૫૦માં એક થિયોલોજિકલ સેરિમનીમાં ડૉ. કિંગે હાવર્ડ યુનિવર્સિટીના વડા શ્રીમાન જોન્સનનું પ્રવચન સાંભળ્યું. શ્રીમાન જોન્સન ભારત ગયા હતા અને ગાંધીજીને મળ્યા હતા. પ્રવચનમાં તેમણે ગાંધીજીના અસહકાર, અહિંસા અને સત્યાગ્રહ વિષે વાતો કરી એ સાંભળી ડૉ. કિંગને થયું કે ઈસુએ જે માર્ગ ચીંધ્યો છે તેના પર ગાંધીએ ચાલી બતાવ્યું છે એટલું જ નહીં, તેની અસરકારકતા પણ સાબિત કરી બતાવી છે. ૧૯૫૧માં એમણે થિયોલોજી સાથે બી.ડી. એટલે કે બેચલર ઓફ ડિવીનીટીની ડિગ્રી મેળવી. ૧૯૫૫માં ડૉક્ટરેટ મેળવ્યું સાથે અમેરિકાની પહેલી મહત્ત્વની નીગ્રો મુવમેન્ટ 'બસ બોયકોટ'નું નેતૃત્વ, ગાંધી-સિદ્ધાંતોને પાયામાં રાખીને સ્વીકાર્યું. ત્યાં સુધીમાં એક ખૂબ બુદ્ધિમાન અને ક્લાસંપન્ન યુવતી કોરેટા સ્કોટ સાથે એમનાં લગ્ન થઈ ગયાં હતાં અને મોન્ટગોમેરી, અલાબામાના એક

ચર્ચમાં તેઓ ધર્મોપદેશક બની ચૂક્યા હતા.

'બસ બોયકોટ' આંદોલન ૩૮૨ દિવસ ચાલ્યું. ડૉ. કિંગે જેલ ભોગવી, અપમાનો વેઠ્યાં, એમના પર, એમના ઘર પર ખતરનાક હુમલા થયા. સાથે જ તેઓ પ્રથમ પંક્તિના નીગ્રો નેતા સ્થાપિત થઈ ચૂક્યા. ૧૯૫૬ના ડીસેમ્બરમાં અમેરિકામાં નીગ્રો અને ગોરાઓને બસમાં બેસવાનો સમાન અધિકાર આપતો કાયદો બન્યો. માત્ર પાંત્રીસ વર્ષની ઉમરે ડૉ. કિંગ શાંતિ માટેના નોબેલ ઈનામના સૌથી નાની વયના હકદાર બન્યા. મહાત્મા ગાંધીની હત્યા પછી બરાબર વીસ વર્ષે ડૉ. કિંગની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી. મૃત્યુ સમયે તેઓ ૩૯ વર્ષના હતા.

ગાંધીજીને વાંચીને અને ૧૯૫૯માં ભારતયાત્રા કરીને ડૉ. કિંગે ગાંધીજીને અને એમના સિદ્ધાંતોને પચાવ્યાં હતા. ગાંધીજી કહેતા કે, 'સત્યાગ્રહ એટલે અન્યાયને તાબે થવાનો ઈનકાર અને જુલમગારને પ્રેમ અને સત્યને બળે પરિવર્તિત કરવાની કોશિશ.' માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરને સમાજ પરિવર્તન માટે ગાંધીનો માર્ગ જ શ્રેષ્ઠ છે તેવી ખાતરી હતી. તેમણે ગાંધીજીના વિચારો અને કાર્યોનું અનુસંધાન ઈસુના દુશ્મનને પ્રેમ કરવો અને અત્યાચાર કરનાર માટે પ્રાર્થના કરવી એ વચનમાં જોયું હતું અને એટલે જ ૧૯૬૨માં તેમણે ગાંધીજીને 'ધ ગ્રેટેસ્ટ ક્રિશ્ચિયન ઓફ ધ મોર્ડન વર્લ્ડ' કહ્યા હતા.

જો કે ગાંધીજી અને ડૉ. કિંગ બન્નેના અહિંસક સંઘર્ષનું મૂળ હેન્રી ડેવિડ થોરો અને રાલ્ફ વાલ્ડો એમર્સન જેવાં અમેરિકન ચિંતકોમાં જોઈ શકાય. થોરો અને એમર્સન બન્ને સમકાલીન હતા, મિત્રો પણ હતા. એમર્સન થોરો કરતા ૧૪ વર્ષ મોટા. તેઓ નિયમોથી આગળની નીતિમત્તામાં માનતા, ગુલામીની વિરુદ્ધ હતા અને અન્યાયના વિરોધને પોતાનો ધર્મ ગણતા. ગાંધીજીએ આ બન્નેને વાંચ્યા હતા. ગાંધીજીથી પરિચિત થતા પહેલા માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરે પણ આ બંનેને વાંચ્યા હતા. ન્યાય અને સમાનતા માટેની પોતાની લડતમાં, ગાંધીજીએ જુલ્મોનો ભોગ બનેલાઓને આપેલો સત્ય અને પ્રેમના શસ્ત્રથી પ્રતિકાર કરવાનો મંત્ર એમને ખૂબ કામનો લાગ્યો હતો. અને એટલે તેમણે તેનો સફળ પ્રયોગ કર્યો હતો. તેઓ કહેતા, 'હિંસાનું અવલંબન લીધા વિના અને દુષ્ટ લોકોને ધિક્કાર્યા વિના દુષ્ટતાનો પ્રતિકાર શક્ય છે. અહિંસાનો આશ્રય લેનારે બદલો લેવાની વૃત્તિ છોડી સહન કરવાની ઈચ્છા રાખવાની હોય છે. અહિંસક લડાઈનો સૈનિક દુશ્મનને મારતો તો નથી, પણ તેને ધિક્કારવાનો પણ ઈનકાર કરે છે.'

ગાંધીજીએ સાબિત કર્યું કે અહિંસા તેના ઉચ્ચ રૂપમાં માનવમાત્ર માટેનો પ્રેમ છે. આ પ્રેમ જ લોકોના હૃદયને સ્પર્શવાનો અને તેમને ન્યાયસંગતતાને પોતાનું ધ્યેય સમજતા કરવાનો રસ્તો છે. ગાંધી માર્ગે નેશવિલેનો પ્રખ્યાત સત્યાગ્રહ કરનારા જહોન લેવીસે લખ્યું છે કે, 'જો તમે અત્યાચારોની વચ્ચે રહીને પણ એટલું સમજી શકો કે હુમલો કરનાર પણ તમારી જેમ એક શિકાર છે ને એ જે બળોનો શિકાર છે તેણે જ તેનામાં આટલી હિંસા અને આવેશ ઉત્પન્ન કર્યા છે તો તમે અહિંસાના માર્ગે છો એમ કહેવાય.'

એક મહિનાની ભારતયાત્રા દરમ્યાન ડૉ.કિંગ ગાંધી પરિવારના થોડા સભ્યોને મળ્યા હતા, મુંબઈના મણિભવનમાં રહ્યા હતા. દિલ્હીમાં ગાંધીજીની સમાધિ પર પુષ્પો ચડાવ્યાં હતાં. અમેરિકા પાછા ફર્યા બાદ એમણે લખ્યું હતું, 'ભારતમાં મેં જોયું કે સદીઓની ગુલામી અને ભાગલા વખતની હિંસાને લોકો બહુ ઓછા સમયમાં ભૂલી શક્યા છે. બીજે ક્યાંય આવું થયું હોત તો જખમ ભરાતા, નફરતને દૂર થતાં ઘણો વધારે સમય લાગત. હું તેનું કારણ અહિંસક સ્વાતંત્ર્યસંગ્રામમાં જોઉં છું.'

દરેક ગાંધીજયંતીએ, દરેક ગાંધીનિર્વાણ દિને ગાંધીના ભારતની હવા કંઈક વધારે ધૂંધળી થતી જાય છે. વિચાર-વર્તનની સાચી દિશા પકડી તેને ચોખ્ખી કરવાની કોશિશ કરવી એ જ રાષ્ટ્રપિતાનું ખરું તર્પણ.

મો.૯૮૩૩૭૦૮૪૯૪

## ૧૩ લઘુકથા : ચાડિયો

**સુનીતા ઈજ્જતકુમાર**

આખો દાડો ખોબા જેવડા ઓઠા ગામના ઉંબરા ગણવા- એ ઝમકુડોશીની ટેવ હતી. એ ઉંબરા ગણે એનો વાંધો નો'તો, પણ મૂઈ જે ઉંબરે બેઠે એનો જ ભાંગરો વાટે. ઘરેઘરે હોળી સળગાવે. ગામલોક ગયઢું માવતર સમજી સામા શીંગડા ન ભરતું. એટલે તો કાચા ખોરડે ઝમકુ ગાબડાં પાડી દેતી !

ઝમકુ વાલીનો ઉંબરો તો રોજે પૂજતી, પણ વાલીના ડહાપણ આગળ રોજ માત ખાતી. વાલીને ચાર વહુવારુ. ચોથો છોરો હમણાં જ શહેરની છોરીને પરણી લાવ્યો'તો. વાલીમા સાસુપણું નહીં, બધી વહુ એનો પડ્યો બોલ ઝિલે. વાલીને પોતાના સંસ્કાર પર ભારે વિશ્વાસ કે મારા ઘરનાના કાન કોઈ ભંભેરી જ ન શકે. વાલીમાની સાચવણ ને રખાવટ પણ ઓહો ! ઝમકુ બપોરે નવરાશની પળે ટપકતી. ત્યારે હું, વાલીને એની વહુઓ ખાટલા ઢાળી ભરત ગૂંથતી હોય. ઝમકુ મેલી મુરાદે કાન ભંભેરણીના મોકા શોધી રોજે એકાદ વહુને અભડાવવાનો પ્રયત્ન કરે.

એક દી એનો ઈરાદો બર આવ્યો. શહેરથી આવેલી વહુને ભાભીઓ માની ચમચી બનીને જીવતી એ ખૂંચતું, પણ વાલીમાનો નિસ્વાર્થ પ્રેમ એને ઊહાપો કરતાં રોકતો. વાલીમા સૌના છોરાંને એવા સાચવે કે માવરું તો છૂટીને છૂટી ! કામકાજમાં પણ તે હાથવાટકો બનતા. વાલીમાનું વ્યક્તિત્વ એવું ઠસ્સાદાર કે વહુઓ સ્વયં શિસ્તમાં રહે. ગામના માથાભારે માણા પણ માના ઘર સામે આંખ ઊંચી કરી શકતાં નહીં.

બન્યું એવું કે વાલીમાના ખેતરને વર્ષોથી સાચવતાં ભીખાબાપા પાછા થયા. હવે ઘરમાંથી કોઈ એકે ખેતીવાડીની દેખભાળ લેવાની હતી. વાલીમાએ સૌને આ વાત જણાવી. નાનકી સટ્ટ દઈને વાડીના ખોરડે જવા તૈયાર થઈ ગઈ. વળતે દાડે ત્યાં વસવાટ પણ આદરી દીધો. મુક્તિ પામ્યાંનો હરખ એને હૈયે માતો નો'તો. પણ, બે-ચાર દાડામાં સમજાવા માંડ્યું કે ભર્યાભાદર્યાં ઘરમાં માથે જવાબદારી, કામ ઓછું રે'તું, જણ્યાંની જરાયે ચંત્યા ન રેતી. વાલીમાના હેવા તો બાળકોને જ નહીં, પણ વહુવારુને પણ પડ્યાં'તાં.

નાનકીનો છોરો માડી વિના હિજરાતો એટલે બાપા ભેળો ખેતરે જતો. નાનકી પણ ખોરડે એકલી ઉબી જતી, તે એય સંગાથે જતી. બાયડી-ભાયડો ખેતરે કામ કરતાં હોય ત્યારે ગગો બાળસહજ અનેક સવાલ ધરે. એક દી ગગાએ પૂછ્યું, 'બાપા, માણા બનાવી કાં લાકડીએ ટાંગ્યો સે ?' ત્યારે નાનકો બોલ્યો, 'બેટા, આ તો આપણો રખેવાળ ચાડિયો છે. એ ઊભો હોય તો પાક સલામત. પશુ પક્ષી નુકશાન ન પહોંચાડે. હવે કે જોયે, ચાડિયો એટલે કોણ ?' બાપ દીકરાની વાત્યું સાંભળતી નાનકી લાગલી મનમાં બોલી ઊઠી 'વાલીમા'

ઝમકુએ બે-ચાર દાડામાં નાનકીને ઓસરીએ દીઠી. એના ચુગલીખોર જીવનું ચેન હણાઈ ગયું. જયારે ઝમકુ આવીને વાલીના ખાટલે બેઠી, ત્યારે નાનકી વાલીમાના કોઠાને ઠારવા ને ઝમકુને બાળવા જ બોલી, 'બા ! ખેતરનું ખોરડું ટનાટન ગોઠવાઈ ગયું સે હોં. હવે તમારા ગગાને આખો દાડો ત્યાં રે'વામાં કોઈ કહાટી નહીં રહે. સંધુય ઓહો સેટ સે. હવે મને ત્યાં ફરી નો ધકેલી દેતાં માડી ! તારી વિના અમને ત્યાં શે ગોઠે ?' કોઠાડાહી વહુની વાતને ઝીલતાં વાલીમા બોલ્યા, 'ગાંડી બાઈ ! મને તારામાં વશ્વાસ છે. તે સંધુય ઓહો જ કર્યું હોય. મનેય હર્યા ભર્યા ખોળે જ જીવવું ફાવે છે.'

ઝમકુએ વધુ સહન ન થતાં પોતાની ઝૂંપડી ભણી પગ ઉપાડ્યા.

મો.૯૪૨૭૨૧૧૮૧૩

## ૧૪ સત્ત્વશીલ પુસ્તકોની દુનિયા

**ડો. સંજય આર. તલસાણીયા**

---

યુનેસ્કોના બંધારણમાં લખ્યું છે 'યુદ્ધનો ઉદ્‌ભવ પ્રથમ માણસના મનમાં થાય છે તેથી શાંતિનું સર્જન પહેલા ત્યાં થવું જોઈએ.' એ દ્રષ્ટિએ જોતા માનવજીવનમાં પુસ્તકોનું સ્થાન અને મહત્ત્વ અદકેરુ બની જાય છે. પુસ્તકો તેના સર્જકની ઉત્તમોત્તમ ક્ષણોનું મૂર્તિકરણ છે. આદર્શ જીવનનું ઘડતર અને ચણતર સદ્‌વાચનથી થાય છે. પરંતુ આજના યુગમાં પુસ્તકોનો જાણે છેદ ઉડી રહ્યો હોય એવું જણાય છે. અબાલવૃદ્ધ સૌને મોબાઈલનું એવું તો ઘેલુ લાગ્યું છે કે પુસ્તકો તરફ કોઈનું ધ્યાન પણ જતું નથી. કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અથવા શિક્ષકને પૂછીએ કે છેલ્લે તમે કયું પુસ્તક વાંચ્યું? તો એ જવાબ આપવામાં ગલ્લાતલ્લા કરે છે અને તેથી જ તો યુનેસ્કોને ૨૩ એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ' ની ઉજવણી કરવાની જરુરીયાત ઊભી થઈ હશે એમ લાગે છે.

જો આપણે માનવ વિકાસની યાત્રામાં ડોકિયું કરીએ તો સ્પષ્ટ જોવા મળે છે કે વિકાસયાત્રામાં પુસ્તકોનું વિશેષ યોગદાન રહ્યું છે. પુસ્તકો એવી ખાણ છે કે જે દરેક વાચન વખતે કંઈક નવો જ અનુભવ, નવા જ સંદર્ભો અને નવા અર્થો આપે છે. સત્ત્વશીલ પુસ્તકની સૌથી મોટી વિશેષતા એ છે કે તે માણસની ચેતના જાગૃત કરે છે. માણસને બૃહદ કરે છે. માટે તો લોકમાન્ય તિલકે કહ્યું હતું, 'પુસ્તકોનો કોઈ વિકલ્પ નથી, પુસ્તકો વિશ્વદર્શનની બારીઓ છે. હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ કારણ કે એનામાં એવી શક્તિ છે કે જ્યાં હશે ત્યાં એની મેળે જ સ્વર્ગ રચી દેશે.'

ગુજરાતના જાણીતા સાહિત્યકાર અને ચિંતક શ્રી ગુણવંત શાહે નોંધ્યું છે 'જે ઘરમાં સારા પુસ્તક ન હોય ત્યાં દીકરી ન આપવી' દુનિયા એ વાતની સાક્ષી છે કે પુસ્તકો વાંચીને અનેક લોકોએ પોતાની જિંદગી સુધારી છે, કારકિર્દી ઘડી છે. વિદ્યાર્થી આલમ માટે સીધું લાગુ પડતું આ વિધાન 'તુમ કિતાબો કે સામને ઝુક જાઓ, તુમ્હારે સામને દુનિયા ઝુક જાએગી' આંતરચેતનાને ઝંકૃત કરતું વાકય છે:

'કિતાબો ને કહા હમે પઢો, તાકિ તુમ્હારે ભીતર ચિઝો કો બદલને કી બૈચેની પૈદા કર દેંગે'

ગાંધીજી, વિનોબા ભાવે, ડૉ.ભીમરાવ આંબેડકર, ડૉ.રાધાકૃષ્ણન, સ્વામી વિવેકાનંદ અને વિશ્વના મહાન ચિંતકો રસ્કિન, થોરો,ટોલ્સ્ટોય દરેક જગતને ઉત્તમ પુસ્તકોની ભેટ આપી શક્યા, કારણ જાણો છો? કેમ કે તેઓ સારા વાચક હતા ! તેથી એમ કહી શકાય કે માનવીના સર્વાંગી વિકાસમાં પુસ્તકનું વિશેષ સ્થાન છે.

ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જ્યાં ૨૪ જેટલી ભાષામાં પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. પુસ્તકો વ્યક્તિને નવી દિશા, પ્રેરણા અને મૂંઝવણમાં રસ્તો શોધી આપે છે. પુસ્તકો જ્ઞાનવર્ધક ટોનિક છે. જે આપણા મનમસ્તિષ્કને જ્ઞાનવર્ધક બનાવે છે. જ્ઞાનના પ્રસારણ તેમજ વિકાસમાં પુસ્તકોથી ચડિયાતું બીજું શું હોઈ શકે?

પુસ્તકોતો શિક્ષકોથી ચડિયાતા છે, કેમકે શિક્ષકો તો પાત્રતાના ભેદે શિક્ષણ આપે છે પરંતુ પુસ્તકો પાત્રતાનો ભેદ પણ રાખતા નથી. ગરીબ હોય કે તવંગર,રાજા હોય કે રંક દરેકને સારી રીતે જ્ઞાનામૃતનું પાન કરાવે છે. ઉત્તમ પુસ્તકોનું વાચન દયા, પ્રેમ, કરુણા, કર્તવ્યપરાયણતા વગેરે સદ્‌ગુણોનો વિકાસ કરાવે છે. આપણે મોંઘાદાટ કપડાં અને

મોંઘો મોબાઈલ ખરીદતા અચકાતા નથી પરંતુ એક પુસ્તક ખરીદતા ખચકાઈએ છીએ. મહાત્મા ગાંધીના મત મુજબ, 'પુસ્તકનું મૂલ્ય રત્નથી પણ વિશેષ છે રત્ન બાહ્ય ચમક બતાવે છે પરંતુ પુસ્તક અંતઃકરણ અજવાળે છે.' માટે તો એક ચિંતકે લખ્યું છે કે, 'એક સારું પુસ્તક માણસને પસ્તી થતા રોકે છે, જે લાભ શરીરને કસરતથી મળે છે એ જ લાભ પુસ્તકના વાંચનથી મગજને મળે છે.'

પરંતુ આ વાતને સ્વીકારનાર અને સમજનાર વર્ગ આજે કોઈ અંધકારમાં ગર્ત થઈ ગયો હોય એવું ભાસે છે,

દોસ્તો, વિશ્વમાં જે કોઈ ક્રાંતિઓ થઈ તેના મૂળમાં પુસ્તકમાં વર્ણિત ત્યાગ, બલિદાન અને શૌર્યની ગૌરવગાથાનું પ્રતિફળ છે. લોકોએ આ બધા પુસ્તકોનું વાંચન કર્યું, પ્રેરણા લીધી અને સ્વતંત્રતાના આંદોલનમાં હોશે હોશે જોડાયા અને પરિણામ આપણી સામે છે. જાણીતા સાહિત્યકાર મહંમદ માંકડ નોંધે છે, 'પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે, તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. કલેવર,વિચારો,લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી અને કેટલું સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, હસી શકો છો, રડી શકો છો, સફર કરી શકો છો, દરિયા પાર આકાશમાં ધરતીના ઊંડાણમાં ઈચ્છા પડે ત્યાં જઈ શકો છો.' કલાપીનું પેલુ વાક્ય સહજ યાદ આવી જાય છે, 'જીવીશ બની શકે તો એકલા પુસ્તકોથી.' પુસ્તક એ જાદૂઈ દીવો છે. કદાચ એટલા માટે જ લાલ બહાદુર શાસ્ત્રી નદીમાં તરીને પોતાના મિત્રના ઘરે પુસ્તક વાચવા જતા, ડૉ.ભીમરાવ આર્થિક સંકડામણમાં પણ સારા પુસ્તક ખરીદવાનો મોહ છોડી શકતા ન હતા. અમેરિકાના લોકપ્રિય પ્રમુખ અબ્રાહમ લિંકન જિંદગીમાં અનહદ નાસીપાસ થયેલા, લગ્નજીવનમાં સંઘર્ષ વેઠ્યો, આઠ વખત ચૂંટણીમાં પરાજિત થયા, તેમના વિરોધીઓ પણ ખૂબ હતા પણ લિંકનની સહનશક્તિ અને સમજણ બેનમૂન હતી. જાણો છો શા માટે? કેમકે અબ્રાહમ લિંકનના જીવનનો આધાર જ પુસ્તકો હતા. પુસ્તકો એમને મનથી મજબૂત કરવા માટે ઔષધિરૂપ હતા,તેઓ ખૂબ વાચન કરતા.

વાંચેલી એક નાની પણ સત્ય ઘટનાનું સ્મરણ થઈ આવે છે. ચાઈનિઝ બૌધ્ધ સાધુ હ્યુ એન ત્સાંગ બાર વર્ષ ભારતમાં ભ્રમણ કરી અને જ્ઞાનપીપાશા છીપાવી. તેઓને નાલંદામાં સંસ્કૃતિ, કળા અને જ્ઞાન,વિજ્ઞાનનું અધ્યાપન કર્યા બાદ તેઓને ખાતરી થઈ કે તેઓ ચીનને ફરી પાછા અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જશે. જ્યારે તેઓ ચીન જવા જહાજમાં બેઠા.તેની સાથે પુસ્તકથી ભરેલી મોટી પેટીઓ હતી. તેમની સાથે નાલંદાના જ સહપાઠી જ્ઞાનગુપ્ત અને ત્યાગરાજ હતા. જહાજ થોડે દૂર ગયું અને ભારે તોફાનથી ડોલવા લાગ્યું. મુખ્ય નાવિકે ભાર હળવો કરવા પુસ્તકોની પેટી ફેકી દેવા જણાવ્યું. હ્યુ એન ત્સાંગને ખૂબ દુઃખ થયું પણ બીજો માર્ગ ન હતો. એવામાં તેના બંને સાથી જ્ઞાનગુપ્ત અને ત્યાગરાજ એ કહ્યું કે, 'પુસ્તકો તો જ્ઞાનના ભંડાર છે, આ પેટી જેટલું અમારું વજન છે એટલે અમે સાગરમાં કૂદી પડીશું, પેટી ફેકવાની જરૂર નથી.' પુસ્તક અને તેમાં રહેલા જ્ઞાનના રક્ષણ માટે શરીર ત્યાગનું આટલું સરસ જીવંત ઉદાહરણ બીજું ક્યાં શોધતા મળશે? પુસ્તકોની કિંમત જીવનથી વિશેષ છે એવું તો ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર જ ચીંધી શકે છે. આપણે ત્યાં નાલંદાનું ગ્રંથાલય વૈશ્વિક થયેલું હતું.

શાળામાં ભણતા સૌ વિદ્યાર્થીઓ, યુવાનો, શિક્ષકો, સાચા અર્થમાં પુસ્તકને જ્ઞાનનો ખજાનો સમજીને વાચે,વંચાવે તો ખૂબ સરસ સમાજ નિર્માણ થઈ શકે છે. દરેક ઘરમાં રોજ સાંજે સદ્વાંચન માટે એક કલાક ફાળવવામાં આવે તો આવનારી પેઢીના સંતાનો તેજસ્વી બની શકે એમાં બે મત નહીં!

મો. ૯૪૨૭૬૬૮૦૮૩

## ૧૫ વૈદરાજ 'શોભન'

**હીરજી ભીંગરાડિયા**

'શોભન' એ એમના જીવનકાર્યોને શોભાવતું રૂડું તખલ્લુસ - કહોને એમની સાચી ઓળખાણ આપતું ઉપનામ હતું. એમનું ફૈબાએ પાડેલું અને રજીસ્ટરે નોંધેલું નામ તો છે 'શ્રી દલપતભાઈ વસાણી' દલપતભાઈ વસાણી-'શોભન' એ મારા વિદ્યાકાળના આરોગ્ય-ગુરુ ! ૧૯૬૨ થી ૧૯૬૫માં મારા લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરામાંના ભણતર દરમ્યાન દલપતભાઈ અમારા આરોગ્ય વિષયક વર્ગો લે અને લોકભારતી સંકુલ માહ્યલાં બહોળા પરિવારજનોની સાજે-માંદે દવા-પરેજીમાં ધ્યાન આપે.

વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની એમની રીત જ એવી રસમય અને માહિતીપૂર્ણ હતી કે અમે એ વિષયમાં તલ્લીન બની જઈએ ! વર્ગ ક્યારે પૂરો થઈ રહે એનું ન રહે અમોને ભાન કે ન રહે એમને પણ ! એમની વૈદકીય દ્રષ્ટિએ — 'ટીંડોરા તો કહેવાય બુદ્ધિનાશક !' અને 'કઢી-ખીચડી સાથે ખાવાં એટલે નર્યો વિરુદ્ધાહાર' જેવાં કેટલાંય વિધાનો આજે હજુ યે એવાંને એવાં મનમાં તાજાં છે. લોકભારતીના અમારા કૃષિના રસોડે જ્યારે જ્યારે ટીંડોરાંનું શાક બનતું ત્યારે અમો ગૃહપતિને કાયમ એ વાતની યાદ અપાવતા કે 'શોભન અમને આ ખાવાની 'ના' કહે છે તેથી તે વાતથી વિરૂદ્ધ જમવાની અમારી તૈયારી નથી. ટીંડોરા તો બુદ્ધિનાશક છે. ખીચડી અને કઢી સાથે પાછું ટીંડોરાનું શાક ? નહીં ખાવાના!'

કઢી અને ખીચડી સાથે ખાવાથી કેવી રીતે વિરુદ્ધાહાર બને છે એના કારણોની લાંબી યાદી લઈ અમો જરૂર પડ્યે ગૃહપતિની ઉપરના- તે વખતના નિયામકશ્રી ખુદ મનુભાઈ પંચોલી 'દર્શક' પાસે ગયેલા અને દલપતભાઈની હાજરીમાં અમે બધી ચર્ચાઓ કરેલી. અંતે મનુભાઈ અને દલપતભાઈ બન્નેએ મળીને રસ્તો કાઢેલો કે 'કૃષિના રસોડે એવો વિરૂદ્ધાહાર થાય તેવો ખોરાક નહીં રાંધવાનો !' અને દલપતભાઈના આરોગ્ય વિષયક અભિપ્રાય મુજબ રસોડામાં બધી વાનગીઓ બનવા લાગેલી. આખી સંસ્થામાં દલપતભાઈના આરોગ્ય વિષયક જ્ઞાનનો પ્રભાવ અને વિદ્યાર્થીઓમાં પ્રસ્થાપિત થયેલા તેમના પ્રત્યેના ગાઢ વિશ્વાસ વિશે આ પ્રસંગ ઘણું કહી જાય છે.

એમના કહેવામાં એકવાર એવી વાત આવી કે, 'સાજા રહેવું સહેલું છે અને માંદા તો પ્રયત્નથી પડાય. સાદો પૌષ્ટિક ખોરાક અને સંયમી નિયમિત સરળ જીવનનું પરિણામ સ્વાસ્થ્ય છે, પણ આપણે ખોરાક અને રહન-સહનની રીતભાત જ એવી બગાડી મૂકી છે કે તેનું પરિણામ બીમારીમાં આવે ! આપણી રહેણી-કરણી તપાસો ! આપણે ન ખાવાનું કેટલુંય ખાધા કરીએ છીએ અને ન પીવાનું કેટલુંય પીધા કરીએ છીએ ! ભૂખ હોય કે ન હોય, માત્ર સ્વાદ ખાતર જ ખાધે રાખીએ છીએને ? 'રોટલા-રોટલીનું એક બટકું મોંમાં મૂક્યા પછી તેને ૩૦ વાર ચાવી ચાવી ઝીણું કરી, કહોને 'રસ' કરી પીવું જોઈએ. જેમ ચાવીએ તેમ એમાં મોંમાં રહેલી ગ્રંથીઓના પાચકરસો ભળે છે. અને ખાધેલો ખોરાક સુપાચ્ય બને છે તથા તેમાંથી શરીરને નરવી તાકાત મળે છે. જમવું પણ નિરાંતજીવે હો ભાઈઓ ! બે બટકાં આમ ને બે બટકાં તેમ મોઢામાં ભરી દઈ, ઊભડક બેઠા ન બેઠા ને ઝટ ભાગી છૂટવું હોય તેમ ખાવાનું પૂરું કરીએ એ જમવાની રીત ખોટી છે.'

વાતનો દોર આગળ લંબાયો - 'આપણને કોઈને ઊઠતાં, બેસતાં, ચાલતાં કે સૂતાં પણ સાચી રીતનું નથી

આવડતું.' આવું જ્યાં કીધું ત્યાં તો હું અને અમારા વર્ગ માંહ્યલા કેટલાક એકદમ અકળાઈ ઊઠેલા, અને હાથ ઊંચા કરી 'કેમ એમ ? કહો, કેવી રીતે અમને નથી આવડતું ?' એવો બળવો પોકારી ઊઠેલા ! ઘડીક તો દલપતભાઈ પણ અમારી બધાની સામુ જોઈ, કશુ બોલ્યાચાલ્યા વિના બધું નિરખી રહ્યા-સાંભળી રહ્યા ! અમારો કોલાહલ હળવો પડતાં તેમણે કહ્યું- 'તમે બધા ખાટા થાવ મા ! મેં જે વાત કરી છે તે પૂરી સમજો. તેનો પૂરાવો તમે સામે બેઠેલા બધા વિદ્યાર્થીઓ પોતે જ છો ! જુઓ, તમે બધા કેમ બેઠા છો, તે તમારી જાતે જ જોઈ લ્યો ! કૉલેજમાં ભણતા યુવકો શું આમ ગોટો વળીને, ઢગલો થઈને, સાવ મરૂ થઈને બેસે ? તમારા કરતાં તો છ્યાસી વરસનો ડોસોયે થોડો સીધો અને ટટ્ટાર બેસતો હોય છે. ચાલો ટટ્ટાર ! કરોડરજ્જુ સીધી ! કાન સરવા! આંખો ફક્ત શિક્ષકની સામે જ !' એમના મુખેથી આદેશો માંડ્યા છૂટવા અને અમે માંડ્યા ઝીલવા ! એમની સાવ સાચી વાતની અવગણના કેમ કરી શકીએ અમે ? અમારા ગુસ્સાને સ્થાને લજ્જા આવી ગઈ ! તેમની કલ્પનાના યુવાન બનવાનું અમોએ નક્કી કરેલું. તેમણે અમોને આ રીતે ઘડ્યા છે.

તેઓ કાયમ કહેતા કે, 'બીમારી આવે અને પછી એને હટાવવાની મહેનત કરવી એના કરતાં બીમારી આવે જ નહીં એવી આપણી રીતભાત અને ખાણીપીણી હોવાં જોઈએ.' માત્ર વર્ગ દરમ્યાન જ આવી વાત કરે એવું નહોતું એમનું, ક્યારેક સાજે-માંદે તેમની પાસે દવાનો ડૉઝ કે ફાકીની પડીકી લેવા જવાનું થતું ત્યારે એ વાત પણ સમજાવે કે આમ થવા પાછળનું કારણ શું હોઈ શકે ? હવેથી રાખવાની પરેજીમાં ચીવટ બાબતે ધ્યાન દોરે અને પછી જ દવા આપે. ખોરાકમાં ફેરફાર કરવાનો થતો હોય તો પણ પૂરી રીતે સમજાવે અને વિદ્યાર્થીના રસોડે બીમારીના હિસાબે ખાસ પ્રકારની જમવા બાબતની કોઈ વિશેષ છૂટછાટની સગવડ કંઈ કરવાની હોય તો તેની પણ ભલામણ કરી આપતા.

'અકસ્માત વખતના તાત્કાલિક ઉપાયો' નું એક પ્રકરણ ભણવામાં આવતું. ક્યાંક ઝાડવે ચડતાં, ડુંગરાઓમાં દોડતાં, કબડ્ડી રમતાં કે એકબીજા સાથે બખાળા ભરતાં ક્યારેક કાંડું મરડાઈ જાય કે અંગુઠો,આંગળી વણાઈ જાય તો ખેંચીને સરખું કરી, ત્યાં હળદર અને દેશી આવળના ડોડવા ભેગાં કરી, વાટી, ગરમ કરી, બાંધીને સોજો ઉતારી દેવાતો. દોડતાં દોડતાં કાંટો વાગી ગયો હોય અને નીકળતો ન હોય તો ત્યાં ખોતર્યાની જગાએ આંકડાનું દૂધ મૂકી એકાદ દિવસ રહેવા દઈએ તો પછી બાજુની ચામડીને ખાલી દબાણ આપવાથી કાંટો બહાર નીકળી જાય ! અરે, ઊંડો કે જાડો કાંટો નીકળી ગયા પછી પગમાં એનો તાડ એટલો ચડી ગયો હોય અને પીડા બહુ કરતો હોય તો તાવેથો ગરમ કરી, તેના પર થોડું ગોળ-મીઠું નાખી, ખદખદાવી - તેની ઉપર બાંધી સૂઈ ગયા હોઈએ તો સવાર થાય ત્યાં વેદના બધી થઈ જાય ગાયબ ! આવા સેંકડો ઉપાયો બધા એમના હાથવગા અને વસ્તુઓ યે હાથવગી-વગડાઉ વનસ્પતિની જ જણસ !

દાઢ દુઃખતી હોય તો ભોંયરીંગણીના બીજનો ધુંવાડો લેવાનો. અને શરદી થઈ હોય તો લેવાનો નાહ ! વીંછી ડંખ મારી ગયો હોય તો તેનાયે નુસ્ખાઓનો પાર નહીં ! નિર્મળીના બીજનો ઘસારો વીંછીના ડંખ ઉપર ચોપડી તે બીજને ડંખ ઉપર દબાવીને ચોટાડી દેવાથી વીંછીનું ઝેર ઉતર્યા પછી જ બીજ દંશથી અલગ થાય બોલો ! એમણે શિખવેલા એ ઉપાયથી આજે યે વીંછીની રડાવી- રાડો પડાવતી વેદનામાંથી મુક્તિ મેળવતા રહ્યા છીએ. હું તો નિર્મળીનાં બીજ વાડીએ અને જીપમાં સાથે જ રાખું છું અને ઈચ્છે એને વહેંચ્યા કરું છું. આ તો શોભનજીએ અમને આપેલ કેળવણી થકી બનાવાયેલો છે અમૃતમય પ્રસાદ !

એમણે શિખવેલું કે, 'બધી વનસ્પતિઓમાં તો વિસ્મય પમાડે એવા ગુણો પડેલા છે. પણ આપણને એની પૂરી જાણ નથી એટલે એનો પૂરો લાભ નથી ઉઠાવી શકતા. તેમની સાથેનો મારો સહવાસ માત્ર સાડાત્રણ વરસનો !

પણ એ ગાળામાં એમની પાસેથી જે પામ્યો છું-હાલવા ચાલવાની, ખાવાપીવાની, સાજા રહેવાની-કહોને જીવવાની જે ગુરુચાવી મળી છે, તે કાયમ ઉપયોગી બની રહી છે.

એકવાર આદરણીય શ્રી નવલભાઈ શાહ અમારે માલપરા વાત્સલ્યધામ સંસ્થામાં પૂજ્ય માટલિયાભાઈની પૂણ્યતિથિ નિમિત્તે આવેલા. મારે ઘેર રાત્રિ રોકાણ અને વહેલી સવારે ઉતાવળ કરે કે, 'જલ્દી જલ્દી નાસ્તો આપી દો, સાડાસાત વાગે વૈદરાજ શોભન અહીં રોડ પર નીકળવાના છે, અને મારે રોડ પર જ લોકશાળાના દરવાજા પાસે ઊભું રહેવાનું છે, અને એમની સાથે એક કાર્યક્રમમાં જવાનું છે.' મેં કહ્યું, 'ભલે નવલભાઈ ! હવે એ દોર હું સંભાળી લઈશ. હવે તો મારે ચાહીને તમને થોડું મોડું કરાવવું છે, પરિણામે વૈદરાજ શોભનનો ઠપકો સાંભળવો પડે તો, તે જતો નથી કરવો !'

આખરે ઘણીવાર પત્યે મારા ઘરનું ઠેકાણું પૂછતી પૂછતી એક મોટરાગાડી મારા દરવાજે આવીને ઊભી રહી. અંદરથી ઉતાવળા ઉતાવળા વૈદરાજ શોભનજી ઉતર્યા, 'નવલભાઈ અહીં છે ?'

''હા હા ! આવો આવો ! નવલભાઈ અહીં જ છે, આપ અંદરતો આવો !' તેઓ નીચે ઉતરીને મારા સામુ એકીટસે જોઈ રહ્યા પછી 'અરે અરે ! હીરજી ભીંગરાડિયા તમે અહીં ? શું આ તમારું ઘર છે ?' હું સામે ચાલ્યો અને ગુરુ-શિષ્ય બન્ને બાથ ભરીને ભેટી પડ્યા.. વરસો પહેલાંનો એ નાતો હજુ ૩૫ વરસે પણ જીવંત રહી શક્યો હતો તેની પ્રતીતિ પામ્યો ! હવે તેમની ઉતાવળ શાંત પડી અને કુટુંબ, બાળકો, વ્યવસાય અંગેની વાતચીત દરમ્યાન મારા ડાબા હાથ પરથી 'બાયપાસ' વખતે કાઢેલી નસના લાંબા નિશાન પર (૨૦૦૦ની સાલમાં આવેલ હાર્ટએટેક ) નજર ગઈ અને મને તો ઉધડો જ લીધો. શું ભીંગરાડિયા ! હું શું મરી ગયો છું એમ તમે ધારી લીધેલું ? આ બાયપાસ કરાવતા પહેલાં મને મળવું તો હતું ! તમારે આ બાયપાસની પળોજણમાં પડવું જ ન પડત. ચાલો જે થયું તે. પણ મને આ નથી ગમ્યું હો ભીંગરાડિયા !' એ વઢતા રહ્યા અને હું નીચી મુંડીએ એ લાગણી ભર્યો, પ્રેમભર્યો ઠપકો અંતરમાં ઉતારતો રહ્યો.

તેઓ બહુ મોટાગજાના વૈદરાજ હોવાની કીર્તિને પામ્યા હતા તે વિશે વધુ કંઈ કહેવાની હું જરૂર જોતો નથી.હું તો તેમના એક વિદ્યુત સ્પર્શથી જીવંત ઊર્જા પામ્યો છું, તે ખર્ચેયે ખૂટે તેવી નથી. હું તેમને મળતા રહેવાની એક તમન્ના સેવતો રહેલો પરંતુ તે ફરી સંતોષાય તે પહેલાં તો તેમના લાંબા ગામતરાના સમાચાર સાંભળવાનો આઘાત ખમવો પડ્યો.

તેમને સાંભળવા ગમતા. તેમનું સાન્નિધ્ય એક લ્હાવો લાગતું. તેઓ ચિંધે તે સાહિત્ય-પુસ્તકો વાંચવાનું ઘેલું લાગેલું. તેઓ કેવળ શરીર વિદ્યાવાળા વૈદ્ય નહોતા, તંદુરસ્ત મન-બુદ્ધિ સાથેના તંદુરસ્ત વ્યવહારની ખોજ તેમનું જીવનકાર્ય હતું.

મો.૯૩૨૭૫ ૭૨૨૯૭

ગાંધીજી એકવાર શાંતિનિકેતન ગયેલાં સવારમાં કવિવર ટાગોરને મળવા પહોંચી ગયા, કવિરાજ ત્યારે લઘરવઘર કપડાં અને અસ્તવ્યસ્ત વાળમાં હતા. ગાંધીજીને જોતા જ ટાગોર તરત અંદર ગયા અને તૈયાર થઈને સુઘડ વસ્ત્રો પહેરી બહાર આવ્યા.

ત્યારે ગાંધીજીએ હસતાં કહ્યું: 'કવિવર, હું સ્ત્રી થોડો છું કે તમારે મારી સામે સજીધજીને આવવું પડે? '

ટાગોરે કહ્યું: 'બાપુ, હું સારો અને સુઘડ ના દેખાતો હોઉં અને તમારી આંખોને એ ના ગમે તો એ પણ એક પ્રકારની હિંસા જ છે ને ? '

## ૧૬ સંસ્થા સમાચાર (મે, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા લોકસેવાના સેમેસ્ટર-૦૨ની ફાઈનલ પરીક્ષા લોકભારતી કેન્દ્રમાં તા. ૨૪/૪/ ૨૦૨૫ થી ૪/૫/૨૦૨૫ના રોજ યોજાઈ ગઈ.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની તા.૦૨ના રોજ રાજકોટ મુકામે યોજાયેલ કારોબારી સમિતિની બેઠકમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ હાજરી આવ્યા.
- સેંજળધામ મુકામે યોજાનારી લોકભારતી કાર્યકર સજ્જતાશિબિર અન્વયે તા.૦૩ના રોજ સમગ્ર લોકભારતી કાર્યકર્તાઓની એક અભિમુખતા બેઠક યોજાઈ ગઈ, જેમાં શ્રી અરુણભાઈ દવેએ વિગતે વાત કરી. AQACના સંયોજક શ્રી કાંતિભાઈ ગોઠીએ આયોજન અને વ્યવસ્થાકીય બાબતો રજૂ કરી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૦૩ના રોજ મહિલા તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૧ના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહી શુભેચ્છા પ્રવચન આપી, તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપેલ.
- લોકભારતીના શુભેચ્છક, ગાંધીવિચારને સમર્પિત, કર્મનિષ્ઠ અને સંપૂર્ણક્રાંતિ વિદ્યાલય સાથે સંકળાયેલાં એવાં ડૉ. શ્રી સંઘમિત્રાબહેન ગાડેકરના દુઃખદ અવસાન નિમિત્તે યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ તા.૦૪ના રોજ વેડછી મુકામે હાજરીઆપી.
- તા. ૦૫ના રોજ શ્રી નિગમભાઈ શુક્લએ કેન્દ્રિય કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વમાં સમગ્ર દેશના કૃષિવિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકો સાથે ઓનલાઈન મિટિંગમાં ભાગ લીધો.
- ગાંધીઆશ્રમ-અમદાવાદ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ચાલતા 'અહિંસાની કેળવણી' પ્રોજેક્ટ અંતર્ગત તેની કોર ટીમ તા.૦૯ અને ૧૦ સૌરાષ્ટ્રની સંસ્થાઓની મુલાકાતે આવેલ, તેણે લોકભારતીની બે દિવસની સઘન મુલાકાત લીધી અને શ્રી અરુણભાઈ દવે સાથે સંવાદ કર્યો.
- શ્રી અરુણભાઈ દવે અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા તથા શ્રી મિલનભાઈ કેરસિયા તા.૧૦ના રોજ લોકભારતી કૃષિ કેન્દ્ર-અરણેજની મુલાકાતે જઈ આવ્યા.
- તા. ૧૦/૫/૨૫ ના રોજ લોકભારતી કૃષિ વિકાસ કેન્દ્ર, અરણેજ ખાતે કૌશલ્યવર્ધન કેન્દ્ર અંતર્ગત બ્યુટીપાર્લર કૌશલ્ય અને સીવણકામ કૌશલ્યના વર્ગોનું ઉદ્ઘાટન મા. શ્રી અરુણભાઈ દવેના વરદ હસ્તે કરવામાં આવ્યું. બંને વર્ગોમાં પંદર - પંદર બહેનો ત્રણ મહિના સુધી કૌશલ્ય પ્રાપ્ત કરશે. આ નિમિત્તે યોજાયેલા સંમેલનમાં

અરુણભાઈએ ઉપસ્થિત ખેડૂતો, આગેવાનો અને સખી મંડળના બહેનોને પ્રેરક ઉદબોધન કરી લોકભારતીની સેવા વિસ્તરણ પ્રવૃત્તિની પ્રતિબદ્ધતા જણાવી હતી. ગ્રામ વિકાસની ભાવિ સંકલ્પનાઓ, યુવાધન માટેની યોજનાઓ, ખેડૂત અને ગોપાલકોની આર્થિક પ્રગતિઓ માટેના કાર્યક્રમો અને પ્રાથમિક શિક્ષણને આનંદદાયી બનાવવા માટે મોજીલું શિક્ષણના પ્રયોગો શરૂ કરવા લોકભારતી હંમેશા તત્પર છે; તેમાં સૌની ભાગીદારી ઇચ્છનીય છે એવું જણાવી અરણેજ કેન્દ્રએ કરેલા વિકાસ માટે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્ર સંચાલકશ્રી અજીતભાઈ, શ્રી પ્રતાપભાઈ, લોકભારતી ઉપનિયામક નીતિનભાઈ ભીંગરાડિયા તથા ગ્રામપંચાયતના સભ્યો, ગ્રામસેવકો, માજી સરપંચશ્રી અને પ્રતિષ્ઠિત આગેવાનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

- તા.૧૨મીના રોજ બુદ્ધપૂર્ણિમાએ લોકભારતી સ્થાપના દિને સાયં પ્રાર્થના અનુસંધાને સૌએ પરસ્પર હરખની વહેંચણી અને મીઠું મોં કર્યું.
- લોકભારતીના AQAC વિભાગના આયોજન તળે તા.૧૩ સાંજથી ૧૫ બપોર સુધી સેંજળધામ, તા. સાવરકુંડલા મુકામે લોકભારતી કાર્યકર સજ્જતા શિબિર યોજાઈ ગઈ, જેમાં ચાવીરૂપ વક્તવ્ય શ્રી અરુણભાઈ દવેએ આપ્યું, પૂ. મોરારિબાપુએ પોતાનો રાજીપો અને આશીર્વચન આપ્યા. તજ્જ્ઞ વક્તાઓ તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ ભોગાયતા, શ્રી દિલીપભાઈ બારડ અને શ્રી દીપકભાઈ તેરૈયાએ ભિન્ન ભિન્ન બેઠકોમાં માર્ગદર્શન કર્યું. કાર્યકર્તાઓએ પણ અગાઉથી એમને સોંપાયેલ જુદાંજુદાં પુસ્તકો અંગે સ્વાધ્યાય અને આસ્વાદ રજૂ કર્યા. આ સાથે જ આપણી સાથી સંસ્થાઓ આંબલા-મણાર-માઈધારના ધોરણ દસ અને બારના વર્ષોથી આવતા શ્રેષ્ઠતમ પરિણામો બદલ દરેક સંસ્થાના સાથી કાર્યકરો વતી આચાર્યો શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી ડાહ્યાભાઈ ડાંગર અને શ્રી નિર્મળભાઈ પરમારનું પૂ. મોરારિબાપુના વરદહસ્તે સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું. લોકભારતીના સઘળા પરિવારને આંતરગ્રંથન કરતી એક મોબાઇલ એપ્લિકેશન 'આલાપ'નું પૂ. મોરારિબાપુના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. આ શિબિરની સેંજળધામની સમગ્ર સ્થાનિક વ્યવસ્થા શ્રી જયદેવભાઈ માંકડે બહુ ભાવપૂર્વક અને સુચારુ રૂપે સંપન્ન કરી. સેંજળધામનું નૈસર્ગિક અને અધ્યાત્મિક ભાવાવરણ સૌને સ્પર્શી ગયું. ટૂંકમાં, સૌ નવપ્લાવિત થઈને પાછા ફર્યા.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેકટ, ભાવનગર દ્વારા તા. ૧૩ થી ૧૮ દરમિયાન પ્રાકૃતિક કૃષિ પર તાલીમાર્થીઓની તાલીમ યોજાઈ ગઈ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા ૧૫ના રોજ તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૨ શરૂ થયેલ છે. જેમાં ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ અને મોરબી જિલ્લાના કુલ ૪૦ તાલીમાર્થી ભાઈઓ હાજર થયેલ છે.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૭ના રોજ તલાટી કમ મંત્રી પાયાનોવર્ગ ૮૨ના વર્ગ ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ ઉપસ્થિત રહી વર્ગને ખુલ્લો મૂક્યો.
- દર વર્ષની જેમ આ વખતે પણ જિલ્લા પોલીસ

વડા-બોટાદ દ્વારા બાળશિબિરનું આયોજન થયું, તેમાં લોકભારતી મોજીલું શિક્ષણની ટીમે તા.૧૯ના રોજ ત્યાં જઈને જુદીજુદી પ્રવૃત્તિઓ કરાવી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબેન જોગરાણાએ બ્રહ્માંડદર્શન અંગે વક્તવ્ય અને પ્રેઝન્ટેશન રજૂ કર્યાં અને બહુ જ સરસ રીતે બ્રહ્માંડની રચના અંગેની ઊંડાણપૂર્વકની રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ.

- લોકભારતી AQAC વિભાગના આયોજન તળે તા.૨૦થી ૨૯ સુધી જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુરના સહયોગથી ચાલતી ધરમપુર વિસ્તારની ઊંડાણના વિસ્તારમાં કાર્યરત જુદીજુદી પંદરેક આશ્રમશાળાઓનાં ઓગણત્રીશ બાળકોનો અંગ્રેજી અને કમ્પ્યૂટર શિક્ષણ અંગેનો દસ દિવસીય Skill Development Workshop લોકભારતી મુકામે યોજાઈ ગયો, તેમાં તેના સાતેક કાર્યકરો પણ સાથે આવેલા. અંગ્રેજી, કમ્પ્યૂટર અને મોજીલું શિક્ષણ પ્રણાલિના ભિન્ન ભિન્નવર્ગો-તાલીમો-સર્જનાત્મક પ્રવૃત્તિઓ વગેરેથી સભર એવી આ કાર્યશાળા યોજાઈ. કાર્યશાળાનું સમાપન તા.૨૯ના રોજ શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયું, તેમાં પેન્ટાગોન ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી સુનિલભાઈ દલાલ અને જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુરના શ્રી દિગંતભાઈ મહેતા વર્ચ્યૂઅલી જોડાયા. બાળકોએ બહુ ભાવપૂર્વક પોતાના અનુભવો-પ્રતિભાવો રજૂ કર્યા. શ્રી કાંતિભાઈ ગોઠીએ આભારદર્શન કર્યું ને છેલ્લે છેલ્લે શ્રી વિશાલભાઈ ભાદાણીએ અભિનયગીત રજૂ કર્યું ને એક રમત રમાડી. સૌ સમૂહભોજન કરી છૂટા પડ્યા.
- કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨૯-૦૫-૨૦૨૫થી તા. ૧૨-૦૬-૨૦૨૫ સુધી પંદર દિવસના 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં પહેલા ત્રણ દિવસ દરમિયાનમાં ઉમરાળા, વલ્લભીપુર, ઘોઘા અને તળાજાના ૧૨ ગામોના ૧૮૦૦ જેટલા ખેડૂતોએ આ અભિયાનમાં જોડાઈને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો તેમજ રાજ્ય સરકારના ખેતી, બાગાયત અધિકારીઓ સાથે ખેતીની અત્યાધુનિક તકનીકો, પાક સંરક્ષણ, વ્યવસ્થાપન, પશુપાલન, જમીન સુધારણા વગેરે વિશે ઉપયોગી માહીતી આપી.
- હમણાં સરકારશ્રી તરફથી રાષ્ટ્રિય શિક્ષણ નીતિના કારણે મૂલ્યાંકન પદ્ધતિમાં આમૂલાગ્ર પરિવર્તન માટે (૩૬૦૦ મૂલ્યાંકન)ની પ્રવૃત્તિઓ પૂરજોશથી ચાલી રહી છે. આ નિમિત્તે શ્રી નલિનભાઈ પંડિત અને ચાંપરડા શિક્ષણ સંકુલ દ્વારા આયોજિત એક સેમિનારમાં મુખ્ય વક્તવ્ય આપવા તા.૩૧ના રોજ શ્રી અરુણભાઈ દવે જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૩૦-૦૪-૨૫ના રોજ ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા આંબલાના પૂર્વશિક્ષક શ્રી બાબુભાઈ બગડાના જમાઈ શ્રી મહેશભાઈ જાદવનું દુઃખદ અવસાન થયેલ છે. લોકદક્ષિણામૂર્તિ પરીવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.
- તા. ૦૩ના રોજ આંબલા ટ્રસ્ટ સંચાલિત સ્વનિર્ભર મોજીલી પ્રાથમિક શાળાને બે વર્ષ પૂર્ણ થતાં,

વાર્ષિકત્સવમાં GCERTના પૂર્વ નિયામક અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિ.ના ગિજુભાઈ બધેકા ચેર પ્રોફેસર શ્રી ટી.એસ.જોશી સાહેબના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી નલિનભાઈ પંડિત તેમજ આમંત્રિત મહેમાનો, ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

- લોકશાળાનું ધોરણ -૧૦ અને ૧૨ નું ૧૦૦% પરિણામ આવેલ છે. સૌને અભિનંદન.
- તા.૧૩ના રોજ સેજળધામમાં પૂ. મોરારિબાપુની નિશ્રામાં લોકભારતીના કાર્યકરોની સજ્જતાશિબિરમાં ૧૦૦% પરિણામ લાવનાર આંબલા સંસ્થાનો પૂ.મોરારિબાપુના વરદહસ્તે સન્માનિત કરવામાં આવી.

**મણાર સમાચાર**

- તા. ૦૧ના રોજ ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા.૦૫ના રોજ જાહેર થયેલ ધોરણ-૧૨નું મણાર શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું.
- તા. ૦૮ના રોજ ધોરણ-૧૦નું શાળાનું પરિણામ ૯૫.૭૪% આવ્યું.
- તા. ૧૪ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા મણારના પ્રતિનિધિઓને વર્ષ-૨૦૨૫માં શાળાના ઉત્કૃષ્ઠ અને સાર્થક પરિણામ બદલ પૂ.મોરારિબાપુના વરદહસ્તે સેજળધામ ખાતે સન્માનિત કરાયા.
- ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓનો દસ દિવસનો એન.સી.સી. કેમ્પ સિદસર ભાવનગર મુકામે યોજાઈ ગયો.
- સમગ્ર માસ દરમિયાન શ્રી ડી.ઈ.ઓ સાહેબ હિતેન્દ્રસિંહ પઢીયાર,ઈ.આ. શ્રી ડોડીયાસાહેબ તથા ઈ.આઈ.શ્રી પંડ્યાસાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- વર્ષ-૨૦૨૪-૨૫ ના (ગુણોત્સવ ૨.૦) સ્કૂલ રીપોર્ટ A મળ્યો. ગુજરાતની ૪૦,૨૮૯ શાળાઓમાંથી માત્ર ૫૨૪ શાળાને A+ ગ્રેડ મળ્યો જેમાં લોકશાળા મણારને પણ સ્થાન મળ્યું છે.
- તા. ૩૧ના રોજ વયનિવૃત થતાં શ્રી પ્રવીણભાઈ ડોડીયાને શાળા અને સંસ્થા પરિવાર વતી ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી.
- પીડીલાઈટ અંતર્ગત મોજીલું શિક્ષણ અભિયાન એક દિવસીય ગ્રીષ્મ શિબિરમાં શ્રી રાજુભાઈ ચૌહાણ સમર કેમ્પમાં અલંગ ગામે જઈ આવ્યાં.

**માઈધાર સમાચાર**

- તા.૪ના રોજ બાખલકા પ્રા.શાળાના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૪નાં રોજ ધોરણ ૧૦ અને ૧૨ના સારા પરિણામ આવવા બદલ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ દ્વારા મોરારિબાપુના હસ્તે સેંજળધામ મુકામે સન્માન કાર્યક્રમ યોજાયો.જેમાં પાતુભાઈ આહિર અને નિર્મળભાઈ પરમાર જઈ આવ્યા.
- તા.૧૮નાં રોજ શ્રી અરુણભાઈ દવે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા.૧૫થી ૨૪ દરમિયાન મોજીલું શિક્ષણના કાર્યકરો એકલબારા અલગ અલગ જગ્યાએ ગ્રીષ્મ શિબિરમાં પ્રવૃત્તિઓ કરાવવા માટે જઈ આવ્યા.
- વેકેશન દરમિયાન આસપાસની શાળાઓના બાળકોને બસમાં માઈધાર લાવીને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.



શૈક્ષણિક કાર્યકરોને સંશોધનાત્મક વલણોની કેળવણીની સમજ
આપતા શ્રી ચંદ્રકાંતભાઈ ભોગાયતા



બિનશૈક્ષણિક કાર્યકરોને સંવેદનાસભર કાર્યનિષ્ઠ વ્યવહારની
ઉત્તમ દૃષ્ટાંતો દ્વારા જીવનલક્ષી સમજ આપતા શ્રી દીપકભાઈ તેરૈયા



કાર્યકરોને પ્રમાણપત્ર વિતરણ
કરતા શ્રી રામચંદ્રભાઈ પંચોળી



શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીનું
પ્રાસંગિક ઉદ્‌બોધન



કાર્યકરોને પ્રમાણપત્ર વિતરણ
કરતા શ્રી હસમુખભાઈ દેવમુરારિ



સમાપન બેઠકમાં પ્રસન્નતા વ્યક્ત કરતા
શ્રી જયદેવભાઈ માંકડ




સમાપન બેઠકમાં આભારદર્શન કરતા
AQACના સંયોજક શ્રી કાંતિભાઈ ગોઠી




TO.

From :

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-